આચાર્યશ્રી ૐકારસૂરિ જ્ઞાનમંદિર ગ્રંથાવલિ -૧૩૪

# દેવચન્દ્રે સ્તવ્યો, મુનિગણે અનુભવ્યો...

(પૂજ્યપાદ દેવચન્દ્રજી મહારાજ રચિત સ્તવનાઓની કેટલીક કડીઓ પર વિવેચના)

આચાર્ય યશોવિજયસૂરિ

# દેવચન્દ્રે સ્તવ્યો, મુનિગણે અનુભવ્યો...

JSBN
OMKAR0013

પ્રથમ આવૃત્તિ : ઑક્ટોબર-૨૦૨૦

નકલ : ૧૫૦૦

મૂલ્ય : ૧૦૦-૦૦ રૂા.

પ્રકાશક : આચાર્યશ્રી ૐકારસૂરિ જ્ઞાનમંદિર, ગોપીપુરા, સુરત

**પ્રાપ્તિસ્થાન**

- **આચાર્યશ્રી ૐકારસૂરિ આરાધના ભવન**
  ગોપીપુરા, સુરત
  (સેવંતીલાલ એ. મહેતા) મો. ૯૮૨૪૧ ૫૨૭૨૭
  **E-mail : omkarsuri@rediffmail.com,**
  **mehta_sevantilal@yahoo.co.in**

- **આચાર્યશ્રી ૐકારસૂરિ આરાધના ભવન**
  પાલડી, અમદાવાદ
  (સુરેશભાઈ કે. મહેતા)
  ફોન : ૨૬૫૮૦૦૫૩, મો. ૯૪૨૯૩ ૫૫૯૫૩

- **ઊર્જાતીર્થ (શ્રી વિજયભદ્ર ચેરિટેબલ ટ્રસ્ટ)**
  ભીલડીયાજી (બ.કાં), ગુજરાત
  ફોન : (૦૨૭૪૪) ૨૩૩૧૨૯

- **જીગર ધીરુભાઈ વડેચા**
  બાંદ્રા, મુંબઈ. મો. ૯૮૨૦૫ ૭૫૬૭૭

- **ઉમેશભાઈ ગાલા**
  માટુંગા, મુંબઈ. ફોન : (૦૨૨) ૨૪૧૪૯૬૦૦


મુદ્રક : **કિરીટ ગ્રાફિક્સ**
જી-૧ લાભ કોમ્પલેક્ષ, સત્તર તાલુકા સોસાયટી, નવજીવન, અમદાવાદ-૧૪
(મો.) ૯૮૯૮૪૯૦૦૯૧, ૯૪૦૯૩૪૨૬૦૧



## -:: સૌજન્ય ::-

માતૃહૃદયા પૂજ્ય સાધ્વીશ્રી કલ્પલતાશ્રીજી મહારાજની
પુણ્યસ્મૃતિ રૂપે

શ્રીમતી શોભનાબેન રજનીભાઈ શાહ (થલવાડાવાળા)
અમીત - નિકુંજ - રાખી



सौजन्य

INDEX

## અનુક્રમણિકા


| | | |
|---|---|---|
| ૧ | 'રુચિ તેણે પાર ઉતાર..' | ૨ |
| ૨ | તે + હું = તે | ૧૩ |
| ૩ | 'નિરંજન નાથ મોહિ કૈસે મિલેંગે ?' | ૨૨ |
| ૪ | 'તમે સ્વયંસંપૂર્ણ છો !' | ૩૩ |
| ૫ | 'અંતર મમ વિકસિત કરો !' | ૪૩ |
| ૬ | 'સગરા હોય સો ભરભર પીએ..' | ૫૩ |
| ૭ | 'ક્ષીર નીર પેરે તુમસું મળશું...' | ૬૪ |
| ૮ | શુભ, શુભનો વેગ, શુદ્ધ | ૭૫ |
| ૯ | 'દ્યો દરિસન મહારાજ !' | ૮૪ |
| ૧૦ | સ્વાનુભૂતિનું પૂર્વ ચરણ : આંતરિક નિર્મલતા | ૯૪ |
| ૧૧ | સ્વરૂપદશા ભણીની યાત્રા | ૧૧૧ |
| ૧૨ | 'એકવાર પ્રભુવંદના રે, આગમ રીતે થાય..' | ૧૧૮ |
| ૧૩ | 'વિરહવ્યથા કછુ ઐસી વ્યાપત...' | ૧૨૯ |
| ૧૪ | સ્વાનુભૂતિવાન સાધકની જીવનશૈલી | ૧૪૦ |
| ૧૫ | સ્વાનુભૂતિ આ રહી ! | ૧૪૭ |
| ● | રચનાની ક્ષણોમાં | ૧૫૪ |

## તારક છાયા



**ઝીંઝુવાડામંડન શ્રી શાંતિનાથ ભગવાન**

**શ્રી મહાવીરસ્વામી ભગવાન**

## દિવ્ય આશિષ

પૂજ્યપાદ, વચનસિદ્ધ યુગપુરુષ આચાર્ય ભગવંત
શ્રીમદ્‌વિજય **સિદ્ધિસૂરીશ્વરજી** મહારાજા

પૂજ્યપાદ, નિઃસ્પૃહશિરોમણિ મુનિપ્રવરશ્રી **વિનયવિજયજી** મહારાજા

પૂજ્યપાદ, ભક્તિયોગાચાર્ય, સંયમૈકદષ્ટિ આચાર્ય ભગવંત
શ્રીમદ્‌વિજય **ભદ્રસૂરીશ્વરજી** મહારાજા

પૂજ્યપાદ, વિદ્વદ્વર્ય મુનિપ્રવરશ્રી **જનકવિજયજી** મહારાજા

પૂજ્યપાદ, સંયમૈકનિષ્ઠ મુનિપ્રવરશ્રી **હ્રીંકારવિજયજી** મહારાજા

પૂજ્યપાદ, તપસ્વિરત્ન મુનિપ્રવરશ્રી **વિલાસવિજયજી** મહારાજા

પૂજ્યપાદ, શાસનધુરીણ આચાર્ય ભગવંત
શ્રીમદ્‌વિજય **ૐકારસૂરીશ્વરજી** મહારાજા

પૂજ્યપાદ, વર્ધમાનતપોનિધિ આચાર્ય ભગવંત
શ્રીમદ્‌વિજય **ભદ્રંકરસૂરીશ્વરજી** મહારાજા

પૂજ્યપાદ, પ્રશાન્તમૂર્તિ આચાર્ય ભગવંત
શ્રીમદ્‌વિજય **અરવિન્દસૂરીશ્વરજી** મહારાજા

પૂજ્યપાદ, આગમપ્રજ્ઞ શ્રુતસ્થવિર
પ્રવર્તક મુનિપ્રવરશ્રી **જંબૂવિજયજી** મહારાજા

પૂજ્યપાદ, આરાધનારત મુનિરાજશ્રી **જિનચન્દ્રવિજયજી** મહારાજા
(પિતાજી મહારાજ)

પૂ. સાધ્વીજી **કલ્પલતાશ્રીજી** મહારાજ (માતુશ્રી મહારાજ)

## શીર્ષક પંક્તિની ગંગોત્રી

માહરી શુદ્ધ સત્તાતણી પૂર્ણતા,
તેહનો હેતુ પ્રભુ ! તુંહી સાચો;
દેવચન્દ્રે સ્તવ્યો મુનિગણે અનુભવ્યો,
તત્ત્વભક્તે ભવિક સકલ રાચો...૫/૧૦

## (૧)

## આધારસૂત્ર

**અસ્તિ સ્વભાવ જે આપણો રે,**
**રુચિ વૈરાગ્ય સમેત;**
**પ્રભુ સન્મુખ વંદન કરી રે,**
**માંગીશ આતમ હેત... ૧૭/૯**

●

અસ્તિત્વ/being (સ્વમાં હોવું) તે મારો સ્વભાવ છે. પ્રભુ પાસે જઈને હું એ અસ્તિત્વ માટે પ્રાર્થના કરીશ. અસ્તિત્વને પામવાની રુચિ અને પર પ્રત્યેની અનાસ્થા સાથે અસ્તિત્વ ધર્મ પ્રભુ મને આપશે.



# ૧

## ‘રુચિ તેણે પાર ઉતાર..’

કુન્દનિકા કાપડિયાની એક સરસ પ્રાર્થના યાદ આવે :

પ્રભુ !
જીવનની સ્પર્ધામાં
આગળ નીકળી જવાની આકાંક્ષાથી,
પાછળ રહી જવાના ભયથી
અમે સતત દોડતાં રહીએ છીએ.

કોઈક વાર તારો સાદ સંભળાય છે;
પણ અમે કહીએ છીએ : ‘પછી, પછી.’
હમણાં સમય ક્યાં છે ?

તું માર્ગમાં થોડાંક વિઘ્નો મૂકે છે,
કે અમે સહેજ અટકીએ,
જરા પાછળ ફરીને જોઈએ;
પણ અમે તો બમણાં ઝનૂનથી
આગળ વધીએ છીએ.

અમારી હોશિયારી વડે
અમારા પ્રશ્નોનો ઉકેલ શોધીએ છીએ.

અને એક દિવસ બધું પડી ભાંગે છે.

તે દિવસે ખ્યાલ આવે છે કે
આ તે કેવી મૂર્ખતા !

પ્રેમ તને કરીએ છીએ એમ માન્યું ને મનાવ્યું,
પણ દોટ તો બીજી જ વસ્તુ પાછળ મૂકી;
આધાર તો બીજાં બળોનો જ લીધો.
પછી સાંજ ઢળ્યે સરવૈયું કાઢ્યું

ત્યારે જણાયું કે

કેવી તુચ્છ બાબતોમાં જીવન વહી ગયું.

વરદાનોનો ધોધ આંગળીઓ વચ્ચેથી સરી ગયો.

દિવસ ડૂબી ગયો ને અંતરમાં દીવો થયો નહિ.

•

ધ્યેયહીન, લક્ષ્યહીન જીવનનો કોઈ અર્થ નથી.

સાધકનું એક જ ધ્યેય છે; જે મેળવવા માટેની પ્રાર્થના પૂજ્ય દેવચન્દ્રજી મહારાજે કરી :

**'અસ્તિ સ્વભાવ જે આપણો રે,**
**રુચિ વૈરાગ્ય સમેત;**
**પ્રભુ સન્મુખ વંદન કરી રે,**
**માંગીશ આતમ હેત...'**

પ્રભુની સમક્ષ વંદના કરીને મારા માટે હું એક વરદાન માગીશ: પ્રભુ ! મારું અસ્તિત્વ મને આપો ! મારું હોવાપણું મારી ભીતર તમે જ પ્રગટાવો, નાથ !

હું હું ન હોઉં તો શું હોઉં, પ્રભુ ! મારું જ હોવાપણું - being ન હોય તો મારા હોવાનો શો અર્થ ?

પ્રભુ ! મને મારું being, હોવાપણું આપો !

અત્યાર સુધી તો પરભાવને જ હું મારું સ્વરૂપ માનીને બેઠેલ. તારી કૃપાથી, પ્રભુ ! આજે મને ખ્યાલ આવે છે કે હું મારા સ્વરૂપથી બહુ, બહુ, બહુ દૂર છું.

મને મારું સ્વ-રૂપ આપો, પ્રભુ !

•

પૂજ્યશ્રીએ આ પ્રાર્થના માત્ર પોતાના માટે જ નથી કરી હો ! આપણા બધા વતી આ પ્રાર્થના તેમણે કરી છે. અને એટલે જ એમણે બીજા ચરણમાં લખ્યું : 'રુચિ વૈરાગ્ય સમેત...'

ગર્ભિત રૂપે, અસ્તિત્વ-પ્રાપ્તિનો માર્ગ શું હોઈ શકે તેની વાત તેમણે કરી દીધી...

•

સ્વરૂપ પ્રાપ્તિ માટે બે તત્ત્વો જોઈશે : રુચિ, વૈરાગ્ય...

•

રુચિ...

સ્વરૂપ પ્રાપ્તિ માટેની ઝંખના...

આ ઝંખના ક્યારે થાય ?

એવા કોઈ મહાપુરુષનું દર્શન થાય, જેમના ચહેરા પરના આનંદને જોઈને વિચાર આવે કે આવા આનંદની ગંગાનું ગંગોત્રી બિંદુ શું હશે ?

એમને જોતાં જ લાગે કે તેઓ સ્વયંસંપૂર્ણ છે. આનંદઘન છે. સ્વરૂપ દશાની પ્રાપ્તિને કારણે આ આનંદ ઝલકે છે.

પ્રતિકૂળ દેખાતી ઘટનાની અસર પણ એમના વ્યક્તિત્વ પર નથી વરતાતી.

એક સંત એકવાર સાંજના સમયે એક ગામની ગલીમાં ચાલી રહ્યા હતા. પાછળથી કો'ક વ્યક્તિએ તેમના પર લાકડી ફટકારી અને છૂ થઈ ગયો.

લોહી વહેવા લાગ્યું. બાજુમાં જ દુકાનમાં બેઠેલ વેપારીએ આ જોયું. તે તરત દોડી ગયો. સંતને પોતાની દુકાને લાવ્યો. ડ્રેસિંગ કર્યું. દૂધ પીવડાવ્યું. સંત એકદમ સ્વસ્થ થઈ ગયા. અલબત્ત, શરીરથી. મનથી તો તેઓ સ્વસ્થ હતા જ.

વેપારીએ પૂછ્યું : એવો કોણ માણસ હોઈ શકે કે જે આપના જેવા સંતને લાકડી ફટકારી દે... (પાછળથી ખ્યાલ આવેલો કે સાંજના અંધારામાં પેલાએ જ ભૂલ કરી નાખેલી. એને અદાવત બીજા જોડે હતી. સંતને પાછળથી જોતાં એને પેલી વ્યક્તિ જેવો આભાસ થયો.. અને એનાથી આ કૃત્ય થઈ ગયેલું.) સંતે કહ્યું : જે ઘટના ઘટી ગઈ, એ ઘટી ગઈ.. એ પર્યાય પૂર્ણ થયો. વીતેલ પર્યાય પર હું વિચારતો નથી.

વેપારીના મનમાં આ વાત શી રીતે બેસે ? એ કહે : આપને આ ઘટના અંગે કોઈ વિચાર જ ન આવે ? કોણે કર્યું હશે... શા માટે કર્યું હશે..?

સંતે કહ્યું : લગભગ મહિના પહેલાં હું જંગલમાં હતો. એક વૃક્ષની નીચે હું ધ્યાન કરતો હતો. વાવાઝોડાને કારણે પડું પડું થતી એક મોટી ડાળ મારા માથા પર પડેલી. અને આજે વાગ્યું એથીય વધુ વાગેલું.

પણ એ એક ઘટના હતી. હું ઘટના-નિરપેક્ષ વ્યક્તિ છું. હમણાં ઘટી તે પણ એક ઘટના હતી, જેની જોડે મારે કોઈ સંબંધ નહોતો.

●

વાતને થોડી સૂક્ષ્મતાથી પકડીએ. ઝાડની ડાળી પડી જાય કે દાદર પરથી 'સ્લીપ' થઈ જવાય ત્યાં કોઈના પર દ્વેષ નથી આવતો...; પરંતુ સામે જ્યાં કોઈ વ્યક્તિ દેખાય છે, ત્યાં દ્વેષભાવ સામાન્ય વ્યક્તિને થઈ જાય છે.

શું કારણ ?

જીવદ્વેષ આપણા અસ્તિત્વમાં ઊંડે સુધી પેસી ગયો છે.

●

લીચી નામના સંતની વાત યાદ આવે. તેઓ એક સવારે નદીને કિનારે ધ્યાન માટે ગયેલા. એક નાવ ધીરે ધીરે વહેણમાં જતી હતી. કોઈ ખલાસી નહોતો. લંગરથી છુટ્ટી પડી ગયેલી હશે નાવ.

લીચી એમાં બેસી ગયા. આંખો બંધ કરીને તેઓ ધ્યાન કરે છે. થોડી ક્ષણો પછી એક જોરદાર ધક્કો લીચીની નાવને લાગ્યો. ધક્કો એવો હતો કે નાવ ઊંધી થઈ જાત.. પણ સદ્ભાગ્યે બીજું કંઈ થયું નહિ. લીચી ગુસ્સે થઈ ગયા. હું ધ્યાન કરું છું, તો મારી આંખો બંધ છે; સામી નાવવાળો આવી રીતે નાવ કેમ ચલાવી શકે ?

આંખ ખૂલી. જે દૃશ્ય દેખાયું, તેથી લીચી હસી પડ્યા. સામેથી કોઈ નાવ આવી ન હતી. એક મોટી નાવનું લંગર છૂટી ગયેલું અને એ પાછળથી આવેલી. પણ એમાં કોઈ નાવિક નહોતો.

લીચીને પોતાને સમજાયું કે જીવદ્વેષ કેટલે ઊંડે ગયેલ છે. જો નાવમાં ખલાસી હોત તો લીચી ગુસ્સે જ થઈ ગયા હોત.. પણ છતાં, તેઓ સંત હતા... જ્ઞાની હતા.. પોતાની ભૂલને તેઓ સમજી ગયા.

પછી તેમણે ‘ખાલી નાવ’ને એક પ્રતીક રૂપે યાદ રાખી. કોઈ પણ વ્યક્તિ ક્રોધમાં હોય ત્યારે તેઓ મનમાં કહેતા : ખાલી નાવ.

જાગરણ રૂપી નાવિક ન હોય તો જ આ નાવ ભંવરમાં ફસાય ને! જાગૃતિમાં / હોશમાં તો ક્રોધ ક્યાં થવાનો છે ?

●

રુચિ...

જાગૃત સાધકોની નાનીસી પણ ચેષ્ટા દેખતા અહોભાવથી મસ્તક તેમના તરફ ઝૂકી જાય.

લાકડી વાગી તો વાગી. ઘટના ઘટી ગઈ. ઘટનાને અને મારે શું નિસ્બત ! મારે તો માત્ર ભીતર જ જવાનું છે.

આ થઈ સ્વરૂપ પ્રાપ્તિ માટેની રુચિ.

આનંદ તો સ્વમાં જ છે ને ! પરમાં તો છે કુચ્ચા !

●

મહાપુરુષોનું ઉપનિષદ, એમના અસ્તિત્વમાંથી વહેતા આનંદનું દર્શન; ભાવકની સ્વરૂપદશાની રુચિને ઉઘાડે છે.

ભીતર તો એ રુચિ પડેલી જ હોય છે. બાહ્ય પરિબળો - રાગાદિ- તેને અવરોધતા હતા. મહાપુરુષોના ગુણોના દર્શન દ્વારા રુચિ-ગુણનું પ્રાકટ્ય થાય છે.

●

મારા દાદાગુરુદેવ પૂજ્યપાદ ભદ્રસૂરિ દાદા. સ્થિતપ્રજ્ઞ મહાપુરુષ. પૂજ્યશ્રીજીની એક આંખે મીઠો ઝામર ઊતરી ગયેલો, બીજી આંખે મોતિયાનું ઑપરેશન થયું; જે નિષ્ફળ ગયું. બંને આંખોથી દેખાવાનું બંધ થયું. ત્યારે એ મહાપુરુષે હસતાં હસતાં કહેલુંઃ આંખ હતી, હું સ્વાધ્યાયમાં લીન રહેતો હતો. હવે મારે જાપ અને ધ્યાનમાં જવાનું છે. સ્થૂળમાંથી સૂક્ષ્મ ભણીની જ યાત્રા હોય ને !

•

શ્રી અમૃતલાલ વેગડે શાન્તિનિકેતન(બંગાળ)ના એક પ્રાધ્યાપકની વાત તેમના એક પુસ્તકમાં લખી છે.

પ્રાધ્યાપક કહે છે : મારી આંખોમાં કૅટરેક્ટ (મોતિયો) અને ગ્લુકોમા (ઝામર)નો મણિકાંચનયોગ છે !

શરીર પ્રત્યેની મઝાની આ અપ્રતિબદ્ધતા !

•

સ્વરૂપ દશાની પ્રાપ્તિ માટેની રુચિ. યાદ આવે પૂજ્ય દેવચન્દ્રજી મહારાજના બીજા સ્તવનનો ઉઘાડ :

જ્ઞાનાદિક ગુણ સંપદા રે,
તુજ અનંત અપાર;
તે સાંભળતાં ઊપની રે,
રુચિ તેણે પાર ઉતાર !

અહીં રુચિ એટલે તીવ્ર ઝંખના છે.

તો પ્રશ્ન થશે કે ઝંખનાને તીવ્ર ઝંખનામાં કઈ રીતે ફેરવવી ? તીવ્ર ઝંખનાનો મતલબ છે કે જેમાં બીજી બધી જ ઝંખનાઓ ડૂબી ગયેલ હોય તે તીવ્ર ઝંખના...

ન પ્રશંસાની ઈચ્છા, ન કોઈ પદાર્થની કામના.. કામના એક જ મને મારી સ્વરૂપ દશા કઈ રીતે મળે ?

ઝંખનાને તીવ્ર ઝંખનામાં ફેરવવા માટે જરૂરી છે વૈરાગ્ય... ‘રુચિ વૈરાગ્ય સમેત..’

વૈરાગ્ય. પર પ્રત્યેની આસ્થાનો સમૂળગો છેદ. પર-પદાર્થ, પર-વ્યક્તિ કે પર એવું આ શરીર.. ખૂબ આસક્તિ કરી એ બધા પર. કર્મો ખૂબ બાંધ્યાં.

યક્ષપ્રશ્ન આ છે : પરપદાર્થ સુખ આપી શકે ?

એક દીકરાને માથું દુખતું હતું. મમ્માને એણે કહ્યું. મમ્માએ ‘મેટાસિન’ની ટેબ્લેટ આપી. એક ટેબ્લેટ લેવાઈ કે થોડીવારમાં માથું હળવું ફૂલ ! દીકરાએ મમ્માને કહેલું : મમ્મા ! એક ટેબ્લેટ લેતા આટલી મજા આવી; તો ૭-૮ ટેબ્લેટ ગળીએ તો કેવી મજા આવે !

મમ્માએ એને સમજાવ્યું કે બેટા ! ટેબ્લેટે સુખ નહોતું આપ્યું. માત્ર દુખાવાને ગાયબ કરેલો. સંવેદનાને વહેતી નર્વસ સીસ્ટમને એણે શિથિલ કરેલી..

•

પરમાંથી સુખ મળે એ આસ્થાનો છેદ તે વૈરાગ્ય.

સુખની ભ્રમણા જ એ પદાર્થો પર રાગ કરાવે. પરિણામ : કર્મબંધની અવિરત ચાલનારી પ્રક્રિયા...

પ્રભુએ એ માટે સરસ માર્ગ આપ્યો : શરીર માટે જરૂરી પદાર્થોનો ઉપયોગ થાય, પણ એ વખતે ગમા કે અણગમા યુક્ત ભાવ ન રહે; જેથી કર્મબંધ અટકે.

•

ઝેન ગુરુ સુઝુકી રોશીનાં પ્રવચનોનું સંપાદન કરનાર સંપાદકે તેમને પૂછ્યું; એક વાક્ય આપના પ્રવચનમાં છે : Things as it is... (પદાર્થો જેવો તે છે.) મતલબ કે Things as they are. (પદાર્થો જેવા તે છે.) સુઝુકીએ કહ્યું : ના, મારા મનના વિચારને સ્પષ્ટ કરનાર વાક્ય આ જ છે : Things as it is....

અહીં ગુરુએ બધા જ પર-પદાર્થોને એક ખાનામાં નાખી દીધા : અસારતાના.

•

વૈરાગ્ય.

પર-પદાર્થોમાંથી સુખની ભ્રમણાનો છેદ ઊડી જવો તે વૈરાગ્ય.

પરની અનાસ્થાને કારણે સ્વની રુચિ પ્રબળ બનશે. એટલે વૈરાગ્ય સ્વરૂપ પ્રાપ્તિની ઝંખનાને તીવ્ર ઝંખનામાં ફેરવશે...

તીવ્ર ઝંખના અને પ્રાપ્તિ વચ્ચે અંતર નથી.

•

મઝાની પ્રાર્થનાની યાત્રાએ આપણે નીકળ્યા છીએ :

અસ્તિ સ્વભાવ જે આપણો રે,
રુચિ-વૈરાગ્ય સમેત;
પ્રભુ સન્મુખ વંદન કરી રે,
માંગીશ આતમ હેત...

પ્રભુ ! મને સ્વરૂપ પ્રાપ્તિ ભણી લઈ જાવ.. એના માટે સ્વરૂપદશાની પ્રાપ્તિની રુચિ અને પરની અનાસ્થારૂપ વૈરાગ્ય જોઈએ; તો એ પણ તમે આપો !

■ ■ ■

(૧)

## સારાંશ

સ્વરૂપદશાની પ્રાપ્તિ એ છે સાધકનું અંતિમ લક્ષ્ય.

એ લક્ષ્ય સુધી પહોંચવા માટે બે જ પગથિયાં છે: (૧) સ્વરૂપદશાને પામવાની ઝંખના, (૨) પર દ્વારા સુખ મળે છે એવી ભ્રમણાનો ઉચ્છેદ.

## (૨)

## આધારસૂત્ર

**પ્રીતિ અનાદિની વિષ ભરી,**
**તે રીતે હો કરવા મુજ ભાવ;**
**કરવી નિર્વિષ પ્રીતડી,**
**કિણ ભાંતે હો કહો બને બનાવ. ૧/૪**

**પ્રીતિ અનંતી પર થકી,**
**જે તોડે હો તે જોડે એહ;**
**પરમ પુરુષથી રાગતા,**
**એકત્વતા હો દાખી ગુણગેહ. ૧/૫**

●

ઈચ્છાયુક્ત - સવિષ પ્રીતિ જ અતીતમાં થઈ છે; પણ હવે લાગે છે કે નિર્વિષ (કોઈ જ જાતની ઈચ્છા વગરની) પ્રીત જ કરવી જોઈએ. આપ એનો માર્ગ બતાવો !

અનંત પ્રીતિ જે પર સાથે થઈ છે, તેનો ત્યાગ કરવાથી નિર્વિષ પ્રીતિ થશે.

પરમાત્મા સાથેનો રાગ એટલે એકત્વાનુભૂતિ.



# ૨

# તે + હું = તે

નારદ ઋષિને કો'ક જિજ્ઞાસુએ પૂછ્યું : ઋષિવર ! ભક્તિનું સ્વરૂપ સમજાવો ને ! નારદ ઋષિએ તરત કહ્યું : 'તે'ના વિષેનો પરમ પ્રેમ તે ભક્તિ.

ઋષિ પૂછે છે જિજ્ઞાસુને : કોઈ નાનકડા બાળકને તેં ચાહ્યું છે? બગીચામાં ઊગેલ સરસ મઝાના ફૂલને તેં ચાહ્યું છે ? જિજ્ઞાસુએ હકારમાં માથું ધુણાવ્યું. ઋષિ કહે છે : એ ચાહતને તું ઉત્કૃષ્ટ રૂપમાં લઈ જા, અને એ ચાહત 'તે'ના પ્રત્યેની હોય તો તે ભક્તિ છે.

'सा त्वस्मिन् परम-प्रेमरूपा...' ઋષિ 'પ્રભુ' પ્રત્યેનો પરમ પ્રેમ એમ નથી કહેતા. તેઓ કહે છે : 'તે'ના પ્રત્યેનો પરમ પ્રેમ.

ભક્તનું વ્યાકરણ અલગ છે. તેમાં માત્ર છે 'તે' અને 'હું'. તે એટલે માત્ર પરમાત્મા... પછી વ્યાકરણ આગળ ચાલે : 'તે'માં હું ડૂબી જાય... માત્ર 'તે' બાકી રહે.

•

એક તત્ત્વજ્ઞે આ વાતને આ રીતે પણ સમજાવેલી : ભક્તિ એટલે ભાગાકાર... ૧૬ની રકમને ૪ વડે ભાગીએ તો નીચે શૂન્ય જ આવે ને! ૧૬ની રકમ તે ભક્ત. એક કર્ણ પર પ્રભુ, એક કર્ણ પર સદ્‌ગુરુ. ભક્ત થઈ ગયો વિભાવશૂન્ય ! 'હું' ગયું, 'તે' રહે...

•

'તે'માં 'હું'નું ડૂબી જવું...

ફ્રાન્સેસ રિડલે હેવરગલની એક સરસ પ્રાર્થના છે :

મારું જીવન તમે લઈ લો, અને એને
હે પ્રભુ, તમને સમર્પિત થવા દો.

મારા આ હાથ તમે લઈ લો, અને એમને
તમારા પ્રેમના આવેગથી ગતિમાન બનવા દો.

મારી ક્ષણો અને મારા દિવસો તમે લઈ લો,
અને એને અવિરામ સ્તુતિમાં વહેવા દો.

મારા આ પગ તમે લઈ લો, અને એમને
તમારા માટે (તમારા પ્રત્યેની દોટ મૂકવા
માટે) ઝડપી અને સુંદર બનવા દો.

મારા હોઠ લઈ લો, અને એમને
તમારા સંદેશાઓથી ભરેલા રાખો.

મારું હૃદય લઈ લો, એ તો તમારું પોતાનું જ છે;

એને તમારું રાજસિંહાસન બનવા દો.

મારો પ્રેમ લઈ લો, મારા પ્રભુ !

એના ખજાનાનો ઢગલો હું તમારાં ચરણે ઠાલવું છું.

•

સમર્પણની કેવી ઊંચાઈ ભક્તહૃદયે અહીં વર્ણવી... ! મારું હૃદય એ મારું નથી, પ્રભુ ! એ તો તમારું જ છે.

અમારા હૃદયમાં તમે ન અવતરો, પ્રભુ ? અમે તો ખિસ્સા-ખાલી માણસો જ છીએ. વેણીભાઈ પુરોહિત કહે છે તેમ, 'તમારા વિનાના અમે અમારા વિનાના' છીએ.

•

વ્યક્તિત્વનું આ ઓગળી જવું અસ્તિત્વના પ્રવાહમાં... કેટલું તો મધુરું છે !

યક્ષપ્રશ્ન આ છે : શી રીતે ઓગળવું ?

પૂજ્ય દેવચન્દ્રજી મહારાજ પ્રભુ આગળ ભક્તહૃદયની વેદનાને ઠાલવે છે : પ્રભુ ! મારે મારા 'હું'ને અકબંધ રાખીને તને પામવો છે. શી રીતે આ બની શકે ? પ્રભુ ! તું મારા 'હું'ને લઈ ન લે ? બાળક સાપની લીસ્સી ચામડી જોઈ આકર્ષાય અને એ તરફ દોડે, તો મા એને કેવી રીતે રોકી દે ! તું પણ મારી મા જ છે ને !

આ વેદના શબ્દોમાં મુખરિત થાય છે :

'પ્રીતિ અનાદિની વિષ ભરી,<br>
તે રીતે હો કરવા મુજ ભાવ...'

અનંત જન્મોથી મારી પ્રીત ઇચ્છાના વિષથી ભરાયેલી છે. 'હું' જ્યાં આભાસી પકડાયો છે, ત્યાં આખી ગાડી ઊંધી જ પડવાની છે ને, પ્રભુ ! 'હું' આભાસી... પછી મને આ જોઈએ, મને આના વિના તો ચાલે જ નહિ; આ 'મને' પણ આભાસી પકડાયું.

જે હું નથી એને હું માની સંસારમાં માત્ર પરિભ્રમણ જ મેં કર્યું છે, પ્રભુ ! શરીર એટલે હું. નામ એટલે હું... માત-પિતાએ આપેલ શરીર અને સમાજે આપેલ નામ પર મેં 'હું'નું સ્ટીકર ચોટાડી દીધું છે.

તો, પ્રભુ ! મેં તમારી જોડે પણ પ્રીત આ રીતે જ કરી છે. મારા 'હું'ને સુરક્ષિત રાખવા માટે હું તમને ચાહું છું. મને જે ભૌતિક સંપત્તિ જોઈએ છે, એ પ્રભુથી મળશે; માટે મેં તારી ભક્તિ કરી, પ્રભુ !

ના, પ્રભુ ! લાગે છે કે હું ખોટા માર્ગે જ ચાલ્યો છું. હવે તું જ મારો માર્ગદર્શક. તું જ મારી મા. તું જ મારું સર્વસ્વ.

હું તને ન ભૂલું, તારી સાચી પ્રીતના માર્ગે હું ચાલું, એવું તું કરજે હો પ્રભુ !

રવીન્દ્રનાથ ટાગોરની પ્રાર્થના યાદ આવે :

પ્રભુ !
જો તું તને ભૂલવા ન દે,
અને મારા અંતરને જાળજંજાળમાં ફસાવા ન દે,
તો પછી તારે આપવાં હોય એટલાં કામ આપજે.

તારી ઈચ્છા હોય એટલાં દોરડાંથી મને બાંધજે,
પણ તારા ભણી મને મુક્ત રાખજે.
તારી ચરણ રજથી પવિત્ર કરીને
ભલે ધૂળમાં રાખજે,
ભલે મને સંસારને તળિયે રાખજે;
પણ તને ન ભૂલવા દઈશ.

●

પ્રભુ ! આ જ મારી પ્રાર્થના : તારું સ્મરણ સતત રહો ! તું જે માર્ગે અમને લઈ જવા ઈચ્છે છે, એ તરફ જ અમે જઈએ.

'હું'ને કેન્દ્રમાં રાખી તારી ભક્તિ કરી, પ્રભુ ! પણ એનો કોઈ અર્થ નહોતો તેમ અત્યારે સ્પષ્ટ રીતે સમજાય છે.. જો કે, એ પણ તારી કૃપાથી જ.

તું કહે છે તેવી નિર્વિષ પ્રીત મારે કરવી છે; પ્રભુ ! તું મને માર્ગ બતાવ.

નિર્વિષ પ્રીત...

જ્યાં આભાસી 'હું' નથી, અને જો હું નથી તો ભૌતિક ઇચ્છાઓ ક્યાંથી રહેવાની ?

પ્રભુ ! નિર્વિષ પ્રીતિ કેમ કરવી તે તું મને કહે...

પ્રભુ માર્ગ બતાવે છે :

'પ્રીતિ અનંતી પર થકી, જે તોડે હો તે જોડે એહ' માર્ગ છે તોડ-જોડનો. પર-પદાર્થો, પર-વ્યક્તિઓ, શરીર આ બધાં પરની પ્રીતિને જો તું તોડી શકે, તો તું સાચી પ્રીતિ કરી શકે મારી સાથે.

છે તું તૈયાર એના માટે ?

●

'એ' મળે, પણ 'એ'ના સિવાયના બીજા બધા પરની પ્રીતિનો દોર તૂટી જાય તો..

બે માર્ગ છે અહીં : એક અનુભૂતિનો, બીજો અનુપ્રેક્ષાનો.

પહેલો માર્ગ : પરમ તત્ત્વની અનુભૂતિનો. 'એ'ની કૃપા ઊતરે અને એનો સાક્ષાત્કાર થઈ જાય..

વિનોબાજી પવનાર (મહારાષ્ટ્ર)ના આશ્રમમાં હતા. એક વિદેશી જિજ્ઞાસુ તેમનાં દર્શને આવેલો. સાંજનો સમય. તેલના દીવાના પ્રકાશમાં બેઉ બેઠેલા હતા. વિદેશી જિજ્ઞાસુએ પૂછ્યું : ઈશ્વરમાં આપ માનો છો ? વિનોબાજીએ કહ્યું : અત્યારે આપણે દીવાના પ્રકાશમાં બેઠા છીએ. બૌદ્ધ ફિલોસોફીનો આધાર લઉં, તો હું કહી શકું કે આ

દીવો નથી. કારણ કે એ ફિલોસોફી પ્રમાણે દરેક પદાર્થ ક્ષણે ક્ષણે નષ્ટ થાય છે. પણ ઈશ્વર તો છે જ. કારણ કે મેં એને અનુભવ્યો છે.

પૂજ્ય જંબૂવિજય મહારાજને એક મરાઠી પ્રોફેસર મળેલા. ઈશ્વરના જગત્કર્તૃત્વની વાત નીકળેલી. જૈન તત્ત્વજ્ઞાન પ્રમાણે પૂજ્ય જંબૂવિજય મહારાજે કહ્યું : ઈશ્વર કંઈ કરતા નથી.

મરાઠી પ્રોફેસરે કહ્યુ : મહારાજજી, ઈશ્વર ન તો ખંડન કે લિયે હૈ, ન મંડન કે લિયે હૈ; ઈશ્વર તો સિર્ફ અનુભૂતિ કે લિયે હૈ...

જંબૂવિજય મહારાજ ઘણીવાર એ પ્રોફેસરને યાદ કરતા... અને કહેતા કે મેં પણ ઈશ્વરનો અનુભવ કર્યો છે.

તો, એક માર્ગ તો આ કે પરમ ચૈતન્યની અનુભૂતિ થઈ જાય; પરમાંથી સુખબુદ્ધિની ભ્રમણા ટળી જાય..

એવો આનંદ એ અનુભૂતિનો હોય છે, જેમાં બધાં જ સુખો અકિંચિત્કર બની જાય છે...

'એ'... 'એ'... માત્ર એ જ જોઈએ. એની અવેજીમાં બીજું કશું જ ન ચાલે.

આ અનુભૂતિ આવી, પરની પ્રીતિના ચૂરેચૂરા.

•

બીજો માર્ગ છે અનુપ્રેક્ષાનો.

અનુભૂતિ નથી થઈ ત્યારે આ અનુપ્રેક્ષા કરી શકાશે : 'શું પરથી સુખ મળી શકે ? એક પણ પદાર્થમાં સુખ આપવાની તાકાત છે ખરી?'

ભૂખ લાગી છે. જમવા તમે બેઠા. ચાર રોટલી ખાધી. તમને ગરમાગરમ રોટલી અને શાક સરસ લાગ્યા.. ઓ.કે. ? પછી કોઈ પાંચમી, છઠ્ઠી, સાતમી રોટલી ખવડાવે તો... ? અરે, ગુલાબજાંબુની

૧-૨ પ્લેટ ઉડાવી ગયા, પછી વેવાઈ આવે કે મારા હાથે તો લેવા જ પડશે ૨-૪ ગુલાબજાંબુ. પેટ ભરાઈ ગયા પછી એ ગુલાબજાંબુ કેવા લાગે ?

શું થયું ?

ગુલાબજાંબુ બદલાયા કે તમે બદલાયા ?

ગુલાબજાંબુ કે રોટલી-શાક ભૂખના દુઃખને દૂર કરી શકે. સુખ ન આપે. જો રોટલીમાં સુખ આપવાની તાકાત હોય તો સૂત્ર આ બને : વધુ રોટલી ખાવ, વધુ સુખ મેળવો.

એટલે, પર-પદાર્થોમાંથી સુખ મળે છે એ આપણી ભ્રમણા જ હતી. ત્યારે થાય કે તો પછી પરમ ચૈતન્યની અનુભૂતિ તરફ કેમ ન ઢળું ? અને એ અનુપ્રેક્ષા તમને અનુભૂતિની દિશામાં મૂકશે.

●

પરને છોડીને 'એ'ને પામો... અથવા 'એ'નું મિલન એવું થાય કે પર બધું જ છૂટી જાય.

બેઉમાં સમીકરણ એક જ રહેશે : તે **+** હું = તે.

'હું'નું વિલીન થવું.. 'એ'નું મળવું.. અથવા 'એ'નું મિલન અને 'હું'ની વિલીનતા.

'એ'નું મિલન. બસ, આનંદ જ આનંદ.

■ ■ ■

## (૨)

## સારાંશ

એક મઝાના સમીકરણની વાત અહીં આવી : તે + હું = તે.

'હું'નું - વૈભાવિક 'હું'નું 'તે'માં - પરમ ચૈતન્યમાં ઓગળી જવું.. પરમ આનંદની આ ઘટના.

ભીતર છે માત્ર આનંદ.

બહાર (પરમાં) છે માત્ર પીડા.

Now choice is yours.

## (૩)

### આધારસૂત્ર

**ઋષભ જિણંદસું પ્રીતડી,**
**કિમ કીજે હો કહો ચતુર વિચાર;**
**પ્રભુજી જઈ અળગા વસ્યા,**
**તિહાં કિણે નવિ હો કોઈ વચન ઉચ્ચાર..**

**કાગલ પણ પહોંચે નહિ,**
**નવિ પહોંચે હો તિહાં કો પરધાન;**
**જે પહોંચે તે તુમ સમો,**
**નવિ ભાખે હો કોઈનું વ્યવધાન... - ૧/૧-૨**

●

ઋષભ જિનેશ્વર સાથે પ્રીત કેમ કરવી ? ચતુરનર ! વિચારીને ઉત્તર આપો... કારણ કે પ્રભુ દૂર છે, સિદ્ધશિલા પર. ત્યાં સંપૂર્ણ મૌન છે. કાગળ પણ ત્યાં પહોંચતો નથી કે નથી કોઈ શ્રેષ્ઠ વ્યક્તિને પણ મોકલી શકાતી...

અને ત્યાં જે મુક્તાત્મા આવશે, તે પણ તમારા જેવા જ છે. એ વાત નહિ કરે કે દૂરી પર (વ્યવધાનમાં રહેલ) ભક્ત આ રીતે તમને સંદેશ મોકલાવે છે.

આ કડીના અશબ્દ અર્થના ચિંતન દ્વારા પ્રભુમિલનના માર્ગોની જાણકારી ભક્તને મળે છે :

(૧) એકાન્ત, (અળગા વસ્યા)

(૨) મૌન, (નવિ હો કોઈ વચન ઉચ્ચાર)

(૩) બાહ્ય સંપર્કોનો અભાવ, (કાગળ પણ પહોંચે નહિ)

(૪) સાધક સિવાયનાં વ્યક્તિત્વો સાથે મિલનનો અભાવ. (નવિ પહોંચે હો તિહાં કો પરધાન, જે પહોંચે તે તુમ સમો...)



૩

# 'નિરંજન નાથ મોહિ કૈસે મિલેંગે ?'

ગુરુદયાળ મલ્લિકે પ્રભુનાં ચરણોમાં સમર્પિત કરેલી આ પ્રાર્થના :

પ્રભુ !

દુનિયા ભણી અમે કેટલું બધું તાકી રહેતાં હોઈએ છીએ !

આ તાકવાનું ક્યારે બંધ થશે ? ક્યારે અમે તમારા ભણી તાકતાં શીખીશું ?

પ્રભુ !

મારું અવતારકૃત્ય એક જ છે :

તને પામવાનું.

હું શી રીતે તને પામું ?

•

ભક્તની આ પ્રાર્થનાને ઉત્તરિત કરી છે પૂજ્ય દેવચન્દ્રજી મહારાજે. પહેલા સ્તવનની શરૂઆતની કડીની અશબ્દ વાચનામાં પ્રભુમિલન

માટેના માર્ગો એમણે બતાવ્યા છે : એકાન્ત, મૌન, પત્રાચારનો અભાવ, વિશિષ્ટ વ્યક્તિ સાથેના મિલનનો પણ અભાવ. (હા, સાધક જોડે મળી શકાય. પણ અસાધક કોઈ વિશિષ્ટ વ્યક્તિ હોય તો પણ એને નહિ મળવાનું.)

•

એકાન્ત...

ધન્ના મુનિ અને શાલિભદ્ર મુનિની ઈર્ષા આવે. લોકોથી દૂર, સુદૂર, પ્રકૃતિને ખોળે બેસી સાધના કરવાનો આનંદ માણવો.

•

એકાન્ત...

મારા મુનિજીવનના પ્રારંભનાં વર્ષો એકાન્તના વૈભવમાં પસાર થયેલાં. એ સમયે ઉત્તર ગુજરાત કે રાજસ્થાનનાં નાનાં પણ ભક્તિસભર ગામોમાં રહેવાનું થતું. મોટા ઉપાશ્રયો, સ્વાધ્યાયની પ્રબળ ઈચ્છા અને ગુરુદેવની પ્રેમાળ અનુમતિ; એકાન્તમાં બેસી સ્વાધ્યાયમાં વહેવાનું વર્ષો સુધી થયું.

એકાન્તના આ માણેલ આનંદને કારણે આજે ભીડમાં પણ એકાન્ત માણી શકું છું.

કબીરજી, આ સંદર્ભે, ઘણીવાર યાદ આવે : 'કબીરા બેઠા બાજાર મેં, લિયે લકુઠી હાથ; જો ઘર બારે આપના, વો ચલે સંગ હમાર..'

એકાન્તનો વૈભવ માણીને કબીરજી બજારમાં આવી ગયા. ચાલો, મારી સાથે પરમ ભણીની યાત્રાએ. પણ હા, જે પરનો મોહ મૂકી શકે તે જ મારી જોડે આવે... રસ્તામાં તેને બધી સહાય હું આપીશ. આ લાકડી પણ એ ભક્તને આપી દઈશ : દુર્ગમ યાત્રામાં એને ટેકો રહે...

•

એકાન્ત અને મૌન...

એક ઘટના યાદ આવે.

અમે લોકો આબૂ-દેલવાડામાં હતા. ભક્તિ માટે થોડા દિવસ ત્યાં રોકાયેલા. એક દિવસ એક સાધક દ્વારા જાણવા મળ્યું કે માઉન્ટ આબૂમાં એક સંત ઘણા સમયથી એકાન્તમાં સાધના કરે છે.

તેમના સત્સંગની ઇચ્છાથી હું ત્યાં ગયો. સાથે બે-ત્રણ મુનિવરો હતા. એક બંગલાના એક ખંડમાં સંત સાધના કરતા હતા.

એક જ સેવક બહાર હતો. એને પૂછ્યું કે સંતનું મિલન કેવી રીતે થઈ શકે. તેણે કહ્યું : તમારું નામ અને તમે શા માટે મળવા ચાહો છો એ એક કાગળ પર લખી આપો. હું સ્લિપ ભીતર સરકાવીશ. જો તેઓ ધ્યાનમાં નહિ હોય તો રૂમનું દ્વાર તરત ખૂલશે.

તેમ જ થયું.

અમારી સ્લિપ વાંચી તેમણે દ્વાર ખોલ્યું. અમે અંદર ગયા... એકાન્તમાં, સંપૂર્ણ મૌનમાં તેઓ હતા. અમે લોકો પૂછતા હતા. તેઓ સ્લેટ પર લખીને જવાબ આપતા હતા.

છેલ્લે મેં ઉપલબ્ધિ / અનુભૂતિ વિષે પૂછ્યું; તેમનો ઉત્તર નિખાલસતાથી સભર હતો : 'અભી તક ઉપલબ્ધિ નહિ હુઈ હૈ. લેકિન લગતા હૈ કિ ઉપલબ્ધિ કી કગાર પર મૈં ખડા હૂં. પ્રભુ કી કૃપા સે ઉપલબ્ધિ તુરંત હોને વાલી હૈ.'

ખૂબ આનંદ થયો એ સંતના સત્સંગથી. એકાન્ત અને મૌન તથા સઘન ધ્યાન દશા વડે તેઓ ખૂબ ઊંડે ઊતરી ગયા હતા.

•

એકાન્ત...

બાઘની અને ધર્મરાજેશ્વરની પ્રસિદ્ધ ગુફાઓમાં મને મળેલ આનંદ અવિસ્મરણીય હતો... ઈલોરાના ગુફાસમૂહમાં જૈન ગુફાઓ પણ છે.

એ પૂર્વ મુનિઓના સૌભાગ્યને વંદન કરવાનું મન થયું, જેઓ આવી એકાન્ત સ્થળે આવેલી ગુફાઓમાં સાધના કરતા હતા.

ધર્મરાજેશ્વરની ગુફાઓ જોવા અમે નવેક વાગ્યે પહોંચ્યા. પૂર્વ આયોજિત કાર્યક્રમ એવો હતો કે અગિયાર વાગ્યે ત્યાંથી નીકળી આગળ જવું.

ત્યાં પહોંચ્યા... અમારા સદ્‌ભાગ્યે કોઈ વિઝિટર નહોતા. માત્ર અમે જ હતા. એક ગુફા તો 'L' આકારની હતી. અને એમાં નાનાં, નાનાં ઓરડાં.

મને તો એ સ્થાન એવું ગમી ગયું... મેં કહ્યું : ચાલો, આજે આપણે 'ગુફાવાસી' બની જઈએ... સાંજે પાંચેક વાગ્યે આગળ જઈશું.

ગુફાસમૂહને જોવા માટે આમ-તેમ ફર્યા, થાક્યા. ગોચરી વાપરી. થાકને કારણે ઊંઘ આવી... પછી મઝાની ઘટના ઘટી. ઓરડાની બહાર હું સૂતેલો. ઓરડામાં બીજા મુનિવરો હતા. કો'ક પરસાળમાં આગળ આરામ કરતા હતા. અઢી-પોણાત્રણનો સુમારો હશે. એક મુનિરાજ પ્રતિલેખન કરતા હતા. કો'ક સ્વાધ્યાય કરતા હતા. મને એ તન્દ્રાવસ્થામાં સદીઓ, સહસ્રાબ્દીઓ પૂર્વેના સમયનું અનુસંધાન મળ્યું.

સ્વાધ્યાયના કે સામાન્ય વાતચીતના શબ્દોનું અનુસંધાન કાળના બહુ જ પાછલ્લા ખંડમાં થયું. જાણે કે એક ભિક્ખુ બીજાને કહેતા હતા : ભન્તે ! સ્વાધ્યાય કર્યો ?

થોડીવારમાં આંખો ખૂલી અને હું વર્તમાનમાં હતો.[1]

●

આવી ક્ષણો આન્તરયાત્રા કરાવી જાય છે.

મૌન...

શબ્દોના મૌનથી શરૂ થયેલ યાત્રા વિચારોના મૌન સુધી જાય છે. અને વિચારો ગહન ચુપ્પીમાં ચાલ્યા જાય એટલે ભીતરનું સંગીત સંભળાવા માંડે.

●

ભીતરી સંગીતને અનાહત નાદ કહેવામાં આવે છે. બે હાથ ભેગા કરીને કોઈ તાળી બજાવે, ને જે નાદ થાય તે આહત. તબલાં પર હાથની થપકી પડે અને નાદ થાય તે આહત નાદ...

અનાહત નાદ સૂક્ષ્મ છે.

જે મહાપુરુષોએ અનાહત નાદને માણેલો, તે મહાપુરુષોએ આપણી દુનિયામાં એને મલતા-ઝૂલતા નાદ વિષે વિચારી દેરાસરોમાં ઘંટનાદનું સૂચન કરેલું. ઘંટનું પેન્ડુલમ એની દીવાલ સાથે અથડાય છે ત્યારે થાય છે તે નહિ; પણ પેન્ડુલમ વચ્ચે આવી જાય અને પછી રમ્... રમ્... રમ્... જેવો જે ધ્વનિ છે, તેમાં ભક્તનું ધ્યાન બરોબર જાય તો, એ નાદને પગલે પગલે એ અનાહત નાદ સુધી પહોંચી જાય.

હિન્દુ પરંપરા પ્રમાણે ૐનો નાદ સતત ગુંજી રહ્યો છે... 'ઓ'ને લંબાવીને બોલનાર મ્...મ્...મ્.. ઉચ્ચારે એવો નાદ સર્વત્ર વ્યાપક છે.

---

(૧) આ જ લેખકના 'એકાન્તનો વૈભવ' પુસ્તકમાં આવાં પ્રાકૃતિક સ્થાનોમાં માણેલ ભીતરી આનંદની વાતો ઘણી બધી છે.

તમે ૐના એ રીતના નાદશ્રવણથી ભીતરના નાદ સુધી જઈ શકો. આને નાદાનુસન્ધાનની પ્રક્રિયા કહેવામાં આવે છે.

•

પાવાપુરી (રાજસ્થાન)માં ગુરુદેવ પૂજ્ય અરવિંદસૂરિ દાદાની નિશ્રામાં અમારું ચાતુર્માસ.

પર્યુષણ પછી નજીકમાં આવેલ મીરપુર તીર્થે જવાનું થયું. પહાડીઓની વચ્ચે આવેલું અદ્‌ભુત તીર્થસ્થાન...

દર્શનનો આનંદ ભરપેટ માણ્યો.

રાત્રે 'સંથારા પોરિસી' ભણાવ્યા પછી હું ધ્યાનમાં બેઠો અને એક સરસ લયબદ્ધ અવાજ સંભળાવા લાગ્યો. એ બહારી નાદને કારણે ભીતરનો નાદ પણ ચાલુ થઈ ગયો.

સવારે પાંચ વાગ્યે બહારનો નાદ બંધ થયો. અંદરનો, જો કે, ચાલતો હતો.

મેં સવારે તીર્થના મેનેજરને પૂછ્યું : રાત્રે અવાજ સંભળાતો હતો, એ શેનો હતો ? એમણે કહ્યું : સાહેબ, આ ચોમાસામાં વરસાદ ખૂબ પડ્યો છે... પહાડની ચોટીઓ પર પાણી ખૂબ ભરાયું છે. એ પાણી નીચે પડે છે, લયબદ્ધ રીતે, એનો એ અવાજ હતો.

મેં આગળ પૂછ્યું : સવારે પાંચ વાગ્યે એ સંભળાતો બંધ થઈ ગયો અવાજ... તેઓ કહે : સાહેબ, જંગલ બોલતું થયું એટલે એ અવાજ સંભળાતો બંધ થયો.

મેં મનમાં કહ્યું : અમારે પણ આવું જ છે. બહારનો ઘોંઘાટ ચાલુ થાય તો ભીતરનું સંગીત સંભળાતું બંધ થઈ જાય !

•

એકાન્ત, મૌન... બાહ્ય સંપર્કોનો ત્યાગ... ન મોબાઈલ, ન રેડિયો, ન ટીવી, ન અખબાર...

નડિયાદમાં મૌનમન્દિર છે. સાધકે રજિસ્ટ્રેશન કરાવવું પડે. પછી એમને તારીખો આપવામાં આવે. જે દિવસે મૌન શરૂ કરવાનું છે, એની આગળની સંધ્યાએ સાધક ત્યાં પહોંચી જાય છે. મોબાઈલ વગેરે બધું ઑફિસમાં જમા કરાવી દે છે.. બીજી સવારે એણે એક રૂમમાં જવાનું હોય છે. એની પાસે કોઈ પુસ્તક સુદ્ધાં રાખવાનું હોતું નથી.

રૂમમાં પંખો, એ.સી., ટોયલેટ, વૉટર બૅગ આદિ બધું છે. અઠવાડિયા સુધી સાધકે રૂમ ખોલવાની નથી. બહારથી જ રૂમ લૉક થઈ જાય છે.

ચા-નાસ્તો અને ભોજન લઈને વેઈટર સમયસર આવી જાય છે. એક બારી રાખેલ હોય છે. જેની બે બાજુ દ્વાર હોય છે. વેઇટર પોતાની બાજુનું દ્વાર ખોલી ભોજનની ટ્રે મૂકે છે ત્યારે સાધકની બાજુનું દ્વાર ખૂલી શકતું નથી. ટ્રે મૂકી એની બાજુનું દ્વાર બંધ કરે અને સાધકને જણાવે ઘંટડી આદિથી; ત્યારે સાધક પોતાની બાજુનું દ્વાર ખોલી ટ્રે લઇ ભોજન કરી લે. અને ટ્રે ત્યાં મૂકી દે.

એક સાધક દસ દિવસ માટે મૌનમંદિરમાં જઈ આવેલા. મને એમણે વાત કરી કે સાહેબજી, બે-ચાર દિવસ તો સ્મૃતિને કારણે વિચારો ચાલુ રહ્યા. પણ પછી ધીરે ધીરે શાંત થઈ ગયું મન... કોઈ ઘટના ઘટવાની તો હતી જ નહિ.. વિચાર શેનો કરવાનો ? રૉ-મટીરિયલ ખૂટી ગયું.

શબ્દોના મૌનથી વિચારોના મૌન સુધીની આ પ્રક્રિયા કેવી તો મઝાની છે !

•

એકાન્ત, મૌન, બાહ્ય સંપર્કોનો અભાવ... કોઈ પણ વ્યક્તિના સંપર્કનો અભાવ. હા, સાધકને મળી શકાય.

કિયોટોમી નામના સદ્‌ગૃહસ્થ અમેરિકાના ક્યોટો સ્ટેટના ગવર્નર તરીકે નિમાયા. કિયોટોમીને સાધકોને મળવામાં બહુ આનંદ આવતો. તેમણે પોતાના અધિકારીઓને કહ્યું કે આપણા સ્ટેટમાં જે ઊંચી કક્ષાના સંતો છે, તેમની યાદી બનાવીને મને આપો.

યાદી તેમના ટેબલ પર આવી ગઈ. નજીકની એક ટેકરી પર રહેતા સાધકને પહેલાં મળવાનું એમણે વિચાર્યું.

તેઓ ત્યાં ગયા. સાધક ગુફામાં રહેતા. ગુફાનું દ્વાર બંધ જ રહેતું. 'કઈ રીતે સાધક મળે ?' એમ પૂછતાં કહેવામાં આવ્યું કે તમારા નામની સ્લિપ અંદર નાખો. સાધકને મળવું હશે તો બારણું ખૂલશે.

કિયોટોમીએ પોતાનું વિઝિટીંગ કાર્ડ અંદર નાખ્યું. જેમાં 'કિયોટોમી : ક્યોટોના ગવર્નર' એમ છપાયેલું હતું. બે જ મિનિટમાં વિઝિટીંગ કાર્ડ પાછું આવ્યું. ચોકડી લગાવીને આવેલું. મતલબ કે સાધક તેમને મળવા નથી માગતા.

ગવર્નર પોતે પણ સાધક તો હતા જ. તેમને પોતાની ભૂલનો ખ્યાલ આવી ગયો. નાનકડી ચબરખી લઈ એ પર લખ્યું : કિયોટોમી, એક સાધક.

દ્વાર તરત ખૂલ્યું.

સત્સંગ સારો થયો.

સાધક ક્યોટોના ગવર્નરને મળવા માગતા નહોતા. સાધકને મળવામાં એમને વાંધો નહોતો...

•

પ્રભુમિલનના આ બધા માર્ગો : એકાન્ત, મૌન, બાહ્ય સંપર્કોનો અભાવ, સાધક સિવાયના કોઈને પણ મળવાનું નહિ...

•

પરનો અસંગ બરોબર પરમનો સંગ.

■ ■ ■

(૩)

## સારાંશ

પ્રભુ સાથે પ્રીત કઈ રીતે કરવી ?

આ જન્મ માત્ર ને માત્ર પ્રભુ સાથે પ્રીત કરવા માટેનો છે. તો એ માટેનો માર્ગ કયો ?

માર્ગ આ છે : પરનો અસંગ = પરમનો સંગ.

પરના સંગમાંથી મુક્ત થવા માટે ચાર ચરણો આપ્યાં :

એકાન્ત,

મૌન,

બાહ્ય સંપર્કોનો અભાવ,

સાધક સિવાયની કોઈ પણ વ્યક્તિને મળવાનું નહિ; ભલે એ સામાજિક ક્ષેત્રે બહુ મોટી હસ્તી ગણાતી હોય...

## (૪)


## આધારસૂત્ર

**શુદ્ધ સ્વરૂપ સનાતનો,**
**નિર્મલ જેહ નિઃસંગ હો, મિત્ત;**
**આત્મવિભૂતે પરિણમ્યો,**
**ન કરે તે પરસંગ હો, મિત્ત... ૪/૩**

●

પ્રભુ શુદ્ધ સ્વરૂપમાં લીન, શાશ્વતીના લયમાં સ્થિત, નિર્મલ અને નિઃસંગ છે.

આત્મવિભૂતિમાં રહેનાર પ્રભુ પરનો સંગ કેમ કરે ?



# ૪

# 'તમે સ્વયંસંપૂર્ણ છો !'

મહોપાધ્યાયશ્રી યશોવિજય મહારાજ એક પદમાં આપણને સહુને સંબોધીને કહે છે કે આત્મન્ ! તું સ્વયંસંપૂર્ણ છે, તારે કોઈ પદાર્થ કે વ્યક્તિની જરૂર નથી. (શરીરને ભલે રોટલી-દાળ જોઈએ. તારે તો નથી જ જોઈતું કંઈ.) તું આનંદપૂર્ણ છે.

પદના શબ્દો પ્યારા છે :

પ્રભુ મેરે ! તૂ સબ બાતે પૂરા...
પર કી આશ કહા કરે પ્રીતમ !
એ કિણ બાતે અધૂરા ?

આત્મા શુદ્ધ બને છે ત્યારે એ સિદ્ધ ભગવંત બને છે. એ સંદર્ભમાં 'પ્રભુ' શબ્દ વપરાયો છે.

પ્રભુ શબ્દનો અર્થ થાય સ્વામી. આત્મન્ ! તું તારા ગુણોનો માલિક છે. અનંત ગુણોનો આ ખજાનો તારો પોતાનો જ છે.

'પ્રભુ મેરે ! તૂ સબ બાતે પૂરા...'

આત્મન્ ! તું સ્વયંસંપૂર્ણ છે. તું આનંદઘન છે. તારે સુખ માટે બહાર કંઈ જવાની જરૂર નથી.. તારી ભીતર છે આનંદ જ આનંદ..

•

સવાલ એ થાય કે આ સ્વયંસંપૂર્ણતાનો બોધ કેમ નથી થતો ?

હકીકતમાં વિચારો કે, તમારા શરીરને રોટલી-દાળની જરૂર પડે; તમને શેની જરૂરિયાત છે ? કશાની નહિ.

તો, મનુષ્ય પર તરફ કેમ જાય છે ?

કારણ છે એનો અહંકાર.. એ પોતાના 'હું'ને પુષ્ટ કરવા માગે છે. (શરીર તે 'હું' આવી ભ્રમણામાં તે છે.) હવે એને લાગે છે કે પચીસ-પચાસ માણસો એને સારો કહે તો, પોતાનું જીવન લેખે !

કેવી મોટી ભ્રમણા !

સાત અબજ માણસોથી છલકાતી આ દુનિયામાં ૨૫-૫૦ જણા તમને જાણે તોય શું ફરક પડે ? ન જાણે તોય શું ફરક પડે ?

•

હિમાલયની એક નાનકડી ગુફામાં એક સંત રહે. બહુ જ નાનકડી ગુફા. એક જિજ્ઞાસુએ પૂછેલું : આપ ઈતની સંકરી ગુહા મેં ક્યોં બિરાજમાન હૈ ? સંતે કહ્યું : ક્યોં, બડી ગુહા કા ક્યા કામ હૈ ? મૈં ઔર મેરે ભગવાન દો તો યહાં રહતે હૈ !

•

'પ્રભુ મેરે ! તૂ સબ બાતે પૂરા..

પર કી આશ કહા કરે પ્રીતમ !

એ કિણ બાતે અધૂરા ?'

તમે સ્વયંસંપૂર્ણ છો. માત્ર એ સ્વયંસંપૂર્ણતાને અનુભવો.. Beingની / હોવાપણાની ધારામાં તમે જશો તો જ તમે એને અનુભવી શકશો.

શાંત ચિત્તે બેસો.

તમારી ભીતરી શાંતિને માણવા માટે આગળ વધો.

માત્ર દ્રષ્ટાભાવ...

ઝેન ગુરુ બાશો કહે છે :

Sitting quietly,

doing nothing,

spring comes,

and the grass grows by itself.

બધું થયા કરે છે.

તમારા કર્તૃત્વને ક્યાંય અવકાશ નથી.

•

એક પ્રશ્ન થવો જોઈએ કે વિભાવોનો થાક કેમ નથી લાગતો ? રાગ, દ્વેષ કે અહંકારમાં એવું કંઈ છે નહિ; જે તમને જકડી રાખે એમાં. જે તમને એની સાથે સતત બાંધી રાખે.

ઉત્તર એ જ છે કે જે ક્ષણે તમને તમારા ગુણોનો કે સ્વરૂપદશાનો આંશિક પણ અનુભવ મળશે; આનંદની ક્ષણો તમારા જીવનમાં પ્રગટશે ત્યારે વિભાવો છૂટી જશે. એમને છોડવા નહિ પડે.

હું ઘણીવાર મુમુક્ષુઓને કહું છું : સંસાર મેં છોડ્યો કે હું છોડીશ આવો વિચાર ક્યારેય નહિ કરતા. છોડવાની પ્રક્રિયામાં છોડનારો

બાકી રહી જશે.. 'મેં આટલું બધું છોડ્યું !' પછી એ છોડનારને, છોડવાનો અહંકાર કરનારને કાઢવો પડશે.

ભીતરનો આનંદ અલપ-ઝલપ મળે અને સંસાર છૂટી જાય.

પરમપાવન ઉત્તરાધ્યયન સૂત્રમાં મૃગાપુત્રના અભિનિષ્ક્રમણની-દીક્ષાની ઘટનાને આ શબ્દોમાં વર્ણવવામાં આવી છે : 'રેણુયં વ પડે લગ્ગં, નિદ્ધુણિત્તાણ નિગ્ગઓ...' કપડા પર રહેલી ધૂળને ખંખેરીને કોઈ ચાલે તેમ મૃગાપુત્ર વિભાવોની રજને ખંખેરીને ચાલી નીકળ્યા.

•

આ સંદર્ભમાં પૂજ્યપાદ દેવચન્દ્રજી મહારાજ કહે છે :

**શુદ્ધ સ્વરૂપ સનાતનો,**
**નિર્મલ જેહ નિઃસંગ હો, મિત્ત;**
**આત્મવિભૂતે પરિણમ્યો,**
**ન કરે તે પરસંગ હો, મિત્ત.**

'આત્મવિભૂતે પરિણમ્યો, ન કરે તે પરસંગ હો !' પ્રભુ આત્મવિભૂતિથી પરિપૂર્ણ છે. માટે પરનો સંગ નથી કરતા.

સાધક માટે પણ આ જ સૂત્ર છે : તમે ભીતરના આનંદથી પરિપૂર્ણ છો, તો તમારે કોઈ પદાર્થ કે વ્યક્તિના સંગની જરૂર નથી.

અંગ્રેજી સભ્યતાની એક કહેવત છે : Two is company, and three is a crowd.. પરંતુ આપણી સંસ્કૃતિમાં આ વાત કહેવાઈ છેઃ One is company, and two is a crowd.

સ્વના સંગમાં / company માં જ રહેવાની વાત આપણી સંસ્કૃતિની છે.

•

ભીતર જવાનો ક્રમ આ છે : શબ્દાનુપ્રેક્ષા, અર્થાનુપ્રેક્ષા અને અનુભૂતિ.

પહેલી શબ્દાનુપ્રેક્ષા : પ્રભુનું એક વચન લઈને એનો સામાન્ય અર્થ કરવો તે શબ્દાનુપ્રેક્ષા.

શ્રીપાળ રાસમાં એક કડી છે :

'આગમ નોઆગમ તણો,
ભાવ તે જાણો સાચો રે;
આતમભાવે સ્થિર હોજો,
પરભાવે મત રાચો રે..'

૪૫ આગમગ્રંથોનો સાર અર્ધી કડીમાં કહ્યો : 'આતમભાવે સ્થિર હોજો, પરભાવે મત રાચો રે..' આત્મભાવમાં સ્થિર થવું છે, પરભાવમાં જવું નથી; આ થઈ શબ્દાનુપ્રેક્ષા.

●

બીજું ચરણ : અર્થાનુપ્રેક્ષા.

અહીં આ પંક્તિના અર્થમાં ઊંડા જવું છે. પહેલાં તો એ ખ્યાલ આવશે કે પરભાવમાં ન જવું એ સાધન છે. સ્વભાવમાં જવું એ સાધ્ય છે.

બીજો ખ્યાલ એ આવશે કે પર-પદાર્થનો ઉપયોગ ન કરવો એવી વાત અહીં નથી. અહીં તો પરભાવમાં એટલે કે રાગ, દ્વેષ, અહંકારમાં ન જવું એ વાત છે.

હવે અનુપ્રેક્ષા એ રીતે જવી જોઈએ કે પરભાવમાં ન જવાય અને સ્વભાવદશાનો માર્ગ ચાલુ થાય એ માટે શું થવું જોઈએ.

જેમ કે, એક સાધક વસ્ત્રો સાદાં પહેરશે : સફેદ ઝભ્ભો અને પાયજામો. તો, વસ્ત્ર વિષયક વિકલ્પો એના દૂર થઈ જશે. ભોજનમાં

પણ ૩ કે ૪ વસ્તુ સિવાય વધુ ન લેવું આવો નિર્ણય એ કરે તો ભોજન વિષયક રાગથી એ બચી શકે.

દરેક વ્યક્તિ ભવિષ્યના સિદ્ધ ભગવાન છે આ વાત મનમાં સ્થિર થઈ જાય તો બધાના ગુણો જ દેખાય; દોષો દેખાય નહિ. પરિણામે, દ્વેષ પણ ન થાય.

અહંકાર તો થાય જ શી રીતે ? જે પણ સારો વિચાર કે સારું કાર્ય થયેલ છે, તે પ્રભુની કૃપાથી જ થયેલ છે. તો 'મેં કર્યું...' આવો વિચાર પણ ક્યાંથી આવવાનો ?

સારું કામ થયું તમારા દ્વારા, ત્યારે તમે પ્રભુનો આભાર માનશો કે પ્રભુ ! તેં મને નિમિત્ત બનાવ્યો.

•

આ અનુપ્રેક્ષા પ્રગાઢ બનતાં અનુભૂતિની ધારામાં તમે ચાલો છો.

હવે પરભાવમાં જવાનું થાય, તરત જ થોભી જવાય.

પ્રભુના મુનિ પાસે આવી જ સાધના છે ને ! શરીર માટે અત્યંત અનિવાર્ય એવા પદાર્થોનો ઉપયોગ થવા છતાં એ પરભાવથી લગભગ મુક્ત રહે છે.

•

'આત્મવિભૂતે પરિણમ્યો, ન કરે તે પરસંગ હો..' ભીતરી આનંદમાં ડૂબકી લગાવાઈ કે પરનો સંગ છૂટ્યો.

સ્વામી રામતીર્થ હિમાલયમાં સાધના કરતા. હિમાલયની એ કડકડતી ઠંડીમાં એમના શરીરનો ઉપરનો ભાગ ખુલ્લો રહેતો. માત્ર લંગોટી પહેરતા. એક ભાવકે કુશળ ક્ષેમ પૂછતાં કહે : અરે, હમ તો બાદશાહ હૈ. યહાં તો આનંદ હી આનંદ હૈ.

ભાવકે કહ્યું : આપ કે પાસ તો સિર્ફ એક હી વસ્ત્ર હૈ.. સ્વામીજી કહે : યહ ભી જાયેગા તબ હમ પૂરે બાદશાહ હો જાયેંગે! દૂસરોં સે ક્યા લેના-દેના હૈ હમેં, હમ તો પૂર્ણ આનંદ મેં હૈ.

•

શ્રી. અરવિન્દ ઘોષના એક કાવ્યની પંક્તિઓ ટાંકવાનું મન થાય:

કોઈક એકલતામાં કે અનન્યતામાં

હું એકાકાર થઈ જઈશ.

અને અચાનક જાગી જઈશ.

પ્રભુના પ્રકાશમાં,

ચમત્કાર અને પરમ આનંદનો સાક્ષાત્કાર...

•

અનન્યતા. પ્રભુમયતા. નારદ ઋષિ કહે છે : 'तस्मिन् अनन्यता, तद्विरोधिषूदासीनता च'... પ્રભુને વિષે એકાકાર / તન્મય બનવું અને અપરમ તત્ત્વો પર ઉદાસીનતાવાળા હોવું. ઉદાસીનતા. દ્વેષ નહિ.

•

અનન્યતા.. નારદ ઋષિ કહે છે : 'अन्याश्रयाणां त्यागः अनन्यता..' પરમ તત્ત્વ સિવાયના બધા જ આશ્રયોનો ત્યાગ...

•

પરમ તત્ત્વનો સ્પર્શ કહો કે નિર્મલ સ્વ-ચેતનાનો સ્પર્શ કહો; બેઉ એક જ છે.

ભક્ત જેને પરમ ચેતનાનો સ્પર્શ કહે છે, તે સાધક માટે પોતાની નિર્મલ ચેતના છે..

•

'આત્મવિભૂતે પરિણમ્યો, ન કરે તે પરસંગ હો..' આ હતું કડીનું ઉત્તરાર્ધ.

પૂર્વાર્ધ આ હતું :

'શુદ્ધ સ્વરૂપ સનાતનો,

નિર્મલ જેહ નિઃસંગ હો...'

પ્રભુનું શુદ્ધ સ્વરૂપ શાશ્વતીના લયનું છે. એ નિર્મલ એટલે કે રાગાદિના મેલ વગરનું અને નિઃસંગ એટલે કર્મના સંગથી પર છે.

•

પ્રભુનું જેવું શુદ્ધ સ્વરૂપ છે તેવું જ મારું છે, સત્તા રૂપે; પણ અત્યારે તે સ્વરૂપ કર્મોથી ઢંકાયેલ છે.

પ્રભુના દર્શન કરતી વખતે ભક્ત એટલે જ, કહેતો હોય છે કે પ્રભુ ! તું મારું ભવિષ્ય છે. એક સમયે હું તારા જેવી જ નિર્મલ ચેતનાવાળો થઈશ.

■ ■ ■

(૪)

## સારાંશ

પ્રભુનું સ્વરૂપ શુદ્ધ, કર્મમલ રહિત અને રાગ, દ્વેષાદિ ભાવમલથી રહિત છે.

પ્રભુ આત્મવૈભવથી યુક્ત છે, માટે એ પરનો સંગ શા માટે કરે ?

સાધક માટે પણ આ સૂત્ર અદ્‌ભુત છે : ‘આત્મવિભૂતે પરિણમ્યો, ન કરે તે પરસંગ હો..’ જેમ જેમ સાધક પોતાના આનંદને માણતો થાય છે, તેમ પરનો સંગ છૂટતો જાય છે.

## (૫)

### આધારસૂત્ર

**સ્વામી દરિસન સમો નિમિત્ત લહી નિર્મલો,**
**જો ઉપાદાન એ શુચિ ન થાશે;**
**દોષ કો વસ્તુનો અહવા ઉદ્યમતણો,**
**સ્વામીસેવા સહી નિકટ લાશે. ૨૪/૪**

●

ઉપાદાનશુદ્ધિ માટેનો માર્ગ છે પ્રભુદર્શન, પ્રભુભક્તિ.



૫

# ‘અંતર મમ વિકસિત કરો !’

કવિવર રવીન્દ્રનાથ ટાગોરે પ્રભુનાં ચરણોમાં સમર્પિત કરેલી એક સરસ પ્રાર્થના :

અંતર મમ વિકસિત કરો,

અંતરતર હે !

નિર્મલ કરો, ઉજ્જવલ કરો,

સુંદર કરો હે !

સહુની સાથે મને જોડો,

મારાં બંધનોને કાપો;

મારાં બધાં જ કાર્યોમાં તમારા

શાન્ત છંદોલયનો સંચાર કરો...

•

કેટલી તો હૃદયંગમ છે આ પ્રાર્થના !

પ્રભુ ! મારા હૃદયને મૈત્રીભાવ દ્વારા તું વિકસિત કર...

એને તું નિર્મળ બનાવ...

એને તું ઉજ્જ્વલ બનાવ...

એને તું સુંદર બનાવ...

એવું નિર્મળ હૃદય હોય મારું કે તને એમાં રહેવા આવવાનું મન થઈ જાય.

તેં તો કૉલ આપેલો જ છે, પ્રભુ ! કે નિર્મળ હૃદયમાં રહેવાનું મને ગમે છે.

તને એ ગમે છે. મને તું ગમે છે.

પણ મૂળ વાત તો એ આવી કે હૃદયને નિર્મળ તારે બનાવવાનું છે.

તું તો મારી મા છે ને, પ્રભુ ?

એક મા નાનકડા દીકરાને નવડાવી, સારાં કપડાં પહેરાવી દે. થોડીવારમાં મા રસોડામાં કામ કરવા જશે અને બાબા સાહેબ પહોંચી જશે શેરીમાં. ધૂળથી 'અભિષેક' કરવા માંડશે પોતાનો ! માને ખ્યાલ આવશે. ઊચકીને એને ઘરમાં લાવશે. ફરી નવડાવશે.

'મેલા' થવાનો અધિકાર બાળકનો. એને શુદ્ધ કરવાનું કાર્ય મા, થાક્યા વિના, કર્યા જ કરે છે.

એ રીતે, પ્રભુ ! તું મને નિર્મળ કર !

•

પૂજ્ય માનવિજય મહારાજ શ્રી વિમલનાથ પ્રભુના સ્તવનમાં મઝાની વાત લઈ આવ્યા છે :

પ્રભુ ! મેં તમને પ્રાર્થના કરી : 'મનમંદિર આવો રે !' તમે એ પ્રાર્થનાને સ્વીકારી.

પછી –

તમે મારા હૃદયને નિર્મળ કર્યું. અને તેમાં આવી ગયા.

હવે મઝાની વાત એ થઈ કે મન મારું અને પ્રભુ તેમાં રહેવા માટે આવ્યા. મકાનમાલિક હું અને ભાડવાત પ્રભુ ! અને પ્રભુ જેવા ભાડવાત હોય તો ઓછું ભાડું કોઈ વસૂલે ?

'પુષ્ટિ શુદ્ધિ ભાટક ગ્રહી... હું સુખિયો થયો દાસ.'

બે જાતનું ભાડું વસૂલ્યું : પુષ્ટિ અને શુદ્ધિ.

પ્રભુ ભક્તને વધુ નિર્મળ બનાવશે; દોષોથી રહિત. અને સાથે સાથે, ગુણોથી પુષ્ટ/ સમૃદ્ધ પણ બનાવશે.

•

પ્રભુ કઈ રીતે નિર્મળ કરે છે ભક્તને ?

શંખેશ્વર મહાતીર્થમાં, પ્રભુની ભક્તિ કરી, બપોરે હું ઉપાશ્રયમાં બેઠેલો. એક પરિચિત ભક્ત આવ્યા. તેમણે વંદન કર્યું. મેં તેમની સામે જોયું : આંખો એકદમ ભીની. ભાવાર્દ્ર હૃદય.. મેં પૂછ્યું : આ હર્ષાશ્રુ શેનાં ? મને કહે : ગુરુદેવ ! ૨૦ વર્ષથી દર મહિને શંખેશ્વર આવું છું. પહેલી વાર આવ્યો ત્યારથી ઇચ્છા હતી કે પ્રભુના અભિષેકનો લાભ લેવો છે. દર વખતે ચઢાવો બોલું. પણ મારા બજેટની બહાર જાય ત્યારે મારે બોલી છોડી દેવી પડે.. આજે પ્રભુની કૃપાથી અભિષેકનો ચઢાવો મળી ગયો. પ્રભુના અભિષેકનો લાભ મળ્યો... એનાં આ હર્ષાશ્રુ છે.

મેં કહ્યું : તમે તો પ્રભુનો અભિષેક કર્યો જ. પ્રભુએ પણ તમારો અભિષેક કર્યો ! તમારી આંખનાં આ હર્ષાશ્રુ, એ પ્રભુએ કરેલ તમારો અભિષેક છે.

•

પ્રભુ આપણને નિર્મળ પણ બનાવે. કોમળ પણ બનાવે. સ્નાત્ર-પૂજામાં એક પંક્તિ રિપીટ થતી હોય છે : 'આતમ નિરમલ હોઈ સુકુમાલિ..' અભિષેક દ્વારા આત્માની નિર્મળતા મળે અને પુષ્પ પૂજા દ્વારા હૃદયની કોમળતા મળે.

•

અમદાવાદનાં મારાં પ્રવચનોમાં એક ભાઈ નિયમિત રૂપે આવતા હતા. એકવાર, સમય લઈ, તેઓ બપોરે સત્સંગ માટે આવેલા... તેમણે પૂછ્યું : સાહેબ, પુષ્પ તો એકેન્દ્રિય છે. એની વિરાધના કઈ રીતે થઈ શકે ? પુષ્પ પૂજા શા માટે ?

મેં કહ્યું : પુષ્પ પૂજા દ્વારા સાધક પ્રભુ પાસે કોમળભાવ યાચી રહ્યો છે.

અમે લોકો પુષ્પ પૂજા નથી કરતા. કારણ કે કોમળભાવ પ્રભુએ અમને આપી દીધો છે. શ્રાવકો પૌષધમાં પણ પુષ્પ પૂજા નથી કરતા...

મેં એમને બહુ જ પ્રેમથી કહ્યું : શ્રાવિકા કહે અને તમે ભીંડા સમારવા બેઠા હો. ભીંડો તમારા હાથમાં છે. ચપ્પું પણ તમારા હાથમાં છે. ને એ વખતે તમે ધ્રૂજી જાવ : અરે, આ એકેન્દ્રિયને આ રીતે કેમ પીડી શકાય ? ચપ્પું તમારા હાથમાંથી નીચે પડી જાય.. તો તમને ય કોમળભાવ મળી ગયો કહેવાય !

તેઓ કહે : સાહેબ, આપની આ વાત મને અપીલ કરી ગઈ. ભીંડા અને તુરિયાને સમારતાં મને વિરાધનાનો વિચાર નથી આવતો... કાચી

કાકડી અને ટામેટાં પર મીઠું-મરચું ભભરાવીને ખાઈ જાઉં છું ત્યારેય વિરાધનાનો વિચાર નથી આવતો... ગુરુદેવ ! કોમળભાવ મારી પાસે નથી. હવે પ્રભુને એ માટે પ્રાર્થના કરીશ.

•

પાલનપુરમાં વિદુષી શ્રાવિકા વસુબહેન હતાં. તેમના પુત્ર યોગેશભાઈ. યોગેશભાઈ સાધનામાં બહુ આગળ ગયેલ છે.

એકવાર યોગેશભાઈ ઘરે આવેલ. દશેક વાગ્યે મમ્મી જોડે બેસેલ. વસુબહેને ભીંડા સમારવા માંડ્યાં. યોગેશભાઈ પોતાની રૂમમાં ગયા. રોજ તેઓ એકાસણું કરતા. બાર વાગ્યે મમ્મીએ કહ્યું : ચાલ, બેટા એકાસણું કરી લે. યોગેશભાઈ કહે : મમ્મી, આજે મારે ઉપવાસ છે.

વસુબહેનને હવે ખ્યાલ આવ્યો કે દીકરો ભીંડાને સમારાતાં જોઈ પીડિત થયો હશે. અને તેથી એણે ઉપવાસ કર્યો હતો.

વસુબહેન કહેતાં કે દીકરો ઘરે હોય ત્યાં સુધી લીલું શાક તેઓ ક્યારેય ન કરતાં.

•

રવીન્દ્રનાથ ટાગોર એક પ્રાર્થનામાં પ્રભુને કહે છે : 'આમિ સંસારે મન દિયે છિનુ, તુમિ આપની સે મન નિયે છ..' પ્રભુ ! મેં મારું મન સંસારમાં પરોવ્યું હતું. તમે જાતે જ તે મન લઈ લીધું !

રાગ, દ્વેષથી ઊભરાતા મનને પ્રભુએ લઈ લીધું. ભક્તિ, અહોભાવ આદિની ધારામાં ડુબાડૂબ થતું મન પ્રભુ દ્વારા મળી પણ ગયું.

•

આ પૃષ્ઠભૂ પર મહાવીર જિન સ્તવનાની કડી આવી :

**સ્વામી દરિસન સમો નિમિત્ત લહી નિર્મલો,**
**જો ઉપાદાન એ શુચિ ન થાશે;**
**દોષ કો વસ્તુનો અહવા ઉદ્યમતણો,**
**સ્વામીસેવા સહી નિકટ લાશે...**

હૃદયની નિર્મળતા / ઉપાદાનશુદ્ધિ માટે શ્રેષ્ઠ નિમિત્ત રૂપે પ્રભુનું દર્શન અને પ્રભુની ભક્તિ મળ્યાં છે; તો હૃદય નિર્મળ થશે જ.

ઉપાદાનશુદ્ધિની બાબતમાં બે વાત છે : (૧) ઉપાદાન એટલું અશુદ્ધ છે કે એને કેમ શુદ્ધ કરવું તેની વિમાસણ છે. (૨) ઉપાદાન અત્યંત અશુદ્ધ નથી; પણ એને શુદ્ધ કરવા માટે જે પ્રયત્નો કરવા પડે તે થતા નથી.

ભક્ત કહેશે : પ્રભુ ! મારું ઉપાદાન તો અશુદ્ધ છે જ. મારું હૃદય/ અસ્તિત્વ ગંદું છે જ. પણ તારે જ એને શુદ્ધ કરવાનું છે.

અહીં ઉત્તર પરમચેતના વતી ગુરુચેતના (પૂજ્ય દેવચન્દ્રજી મહારાજ) આપે છે : 'સ્વામીસેવા સહી નિકટ લાશે...' પ્રભુની ભક્તિ જ ઉપાદાન શુદ્ધિને નજીક લાવશે.

'કઈ રીતે ?' ભક્ત પૂછશે.

ગુરુદેવ બહુ જ પ્રેમથી આ વાત સમજાવે છે : બેટા ! તને પ્રભુ ગમે છે ને ? અને પ્રભુની અત્યંત નિર્મળ દશા પણ ગમે છે ને ?

ભક્ત હકારમાં માથું ધુણાવશે.

ગુરુદેવ આગળ કહેશે : બેટા ! નિર્મળતા ગમી. એ નિર્મળતા મળે એવી તને ઝંખના જાગી... હવે તો બસ, દોડવાનું જ છે.

'સ્વામીસેવા સહી નિકટ લાશે.' પ્રભુની ભક્તિ જ ઉપાદાનશુદ્ધિને નજીક લાવશે.

પ્રભુની ભક્તિ એટલે પ્રભુની આજ્ઞાનું પાલન. પ્રભુની નિશ્ચય આજ્ઞા આ છે : 'તું તારામાં સ્થિર થા !'

આપણે હચમચી જઈએ. અરે, હું તો અનંતકાળથી રાગ, દ્વેષ, અહંકારની અશુદ્ધિમાં જ છું. પરમાં જ છું. આ કેમ ચાલે ? મારા પ્રભુ મને કહે છે કે 'તું તારામાં સ્થિર થા !' અને હું પર-તત્ત્વોને જ હૃદય આપીને બેઠો છું.

ભક્ત પૂછશે : ગુરુદેવ, પરમાંથી સ્વમાં કઈ રીતે આવવું ?

ગુરુદેવ કહેશે : 'પુદ્ગલ અનુભવ ત્યાગથી...' પુદ્ગલોનો ત્યાગ તો તું નહિ કરી શકે અત્યારે, બેટા ! કારણ કે મોટું પુદ્ગલ તો શરીર છે. એના માટે નાનાં પુદ્ગલો - વસ્ત્રનાં ને ભોજ્ય પદાર્થોનાં જોઈશે. તો પુદ્ગલત્યાગની વાત તારા માટે નથી. પણ એ પુદ્ગલના અનુભવનો ત્યાગ તારે કરવો છે.

ચા પીધી, ભોજન કર્યું. શરીરને જરૂર હતી. શરીરે ચા પી લીધી. ભોજન કરી લીધું. તારે તારા મનને રાગાત્મક કે દ્વેષાત્મક લયમાં લઈ જવાનું નહિ - ચા ચા છે, રોટલી રોટલી છે. એ સારી છે કે ખરાબ એ વિચારણામાં તું ગયો તો પરમાં જ તું રહી જઈશ.

'પણ સાહેબ,' ભક્ત પૂછશે : 'ચા પીતાં એ સારી છે કે ખરાબ એ તો ખ્યાલ આવી જ જાય. અને રાગ-દ્વેષ થઈ જ જાય. એને કઈ રીતે રોકી શકાય ?'

ગુરુદેવ કહે છે : બેટા ! તું બે કાર્ય અલગ પાડી દે. શરીર ખાવાનું કામ કરતું હોય ત્યારે તું તારા મનને કોઈ સ્તવનની કડીની અનુપ્રેક્ષામાં કે કોઈ ગહન તત્ત્વની વિચારણામાં મૂકી દે... અને તો, ખાવા છતાં ગમા-અણગમાનો ભાવ નહિ આવે. કારણ કે ગમા-અણગમા કરનારું મન ભોજનની ક્રિયામાં હાજર નથી.

એક દીકરો ટીવી પર ક્રિકેટ મેચ જોઈ રહ્યો છે. એનો પ્રિય ખેલાડી ૯૬ રન પર પહોંચ્યો છે. હવે એનું પૂરું ધ્યાન એ ખેલાડી સદી ક્યારે ફટકારે છે, તેમાં જ છે.

મા બૂમ મારે છે જમવા માટેની. દીકરો ટીવી છોડવા તૈયાર નથી. મા ભાણામાં રોટલી, શાક લઈ આવે છે. દીકરો ખાઈ લે છે.

પછી એને પૂછો કે શાક શેનું હતું ? એ કહેશે : મમ્માને પૂછો. હા, કોણે કેટલા રન કર્યા એ મને ખ્યાલ છે...

●

'પુદ્‌ગલ અનુભવ ત્યાગથી સ્વમાં જવાનું છે' આવી પ્રભુની આજ્ઞાનું પાલન એ જ પ્રભુની ભક્તિ.. અને આ ભક્તિના પથ પર ચાલો એટલે ઉપાદાન શુદ્ધ, શુદ્ધ થઈ રહે.

■ ■ ■

## (૫)

## સારાંશ

હૃદય રાગ-દ્વેષના કચરાથી અત્યંત ગંદું થયેલ છે અથવા ગંદકી થોડી છે પણ એને હટાવવાનો પ્રયત્ન નથી; આ પરિસ્થિતિમાં હૃદયના નિર્મલીકરણનો / ઉપાદાનશુદ્ધિનો માર્ગ છે પ્રભુની ભક્તિ...

પ્રભુની ભક્તિ એટલે પ્રભુની આજ્ઞાનું પાલન.

પ્રભુની નિશ્ચય આજ્ઞા આ છે : 'તું તારામાં સ્થિર થા !'

એ માટેનો માર્ગ છે : 'પરભાવમાં ન જવું.'

## (૬)

## આધારસૂત્ર

**ક્યું જાણું ક્યું બની આવશે,**
**અભિનંદન રસ રીત હો, મિત્ત;**
**પુદ્‌ગલ અનુભવ ત્યાગથી,**
**કરવી જસુ પરતીત હો, મિત્ત... ૪/૧**

●

પ્રશ્ન : મને પરમનો રસ કઈ રીતે મળશે ?

ઉત્તર : પુદ્‌ગલના અનુભવના ત્યાગથી તું એની પ્રતીતિ કરી શકીશ.



૯

# 'સગરા હોય સો ભરભર પીએ..'

કવિવર રવીન્દ્રનાથ ટાગોરનું એક ગીત છે :

જોઉં છું : દિવસ રાત તારો જ વિરહ
ભુવને ભુવનમાં વિરાજિત છે,
કેટલાં રૂપ ધરીને કાનનમાં, ભૂધરમાં,
આકાશમાં, સાગરમાં એ પ્રગટે છે.

પલ્લવ દલમાં, શ્રાવણની ધારામાં
તારો જ વિરહ બજે છે...
ઘરે ઘરે આજે કેટલી વેદનામાં
તારો જ વિરહ ઘનીભૂત થાય છે.

હાય, કેટલા પ્રેમમાં... કેટલા સુખમાં, દુઃખમાં, કામમાં,
સકલ જીવનને ઉદાસ કરીને કેટલાંય ગીતમાં,
સૂરમાં ઓગળી ઝરીને તારો વિરહ
મારા હૃદયમાં ભરાઈ જાય છે...

•

વિરહ.

પણ 'એ'નો.

પરમાત્માનો. પરમ રસનો.

શી રીતે રહી શકાય ?

પ્રભુ ! જંગલમાં આગ લાગી, વૃક્ષો બળ્યાં; પણ વરસાદ ધોધમાર આવે ને ફરી એ વૃક્ષો નવપલ્લવિત થાય... પણ તારા વિરહની આગમાં અગણિત સમયથી હું ઝૂલસું છું. બળું છું. મને ક્યારે તું મિલનના આનંદ વડે ભરી દે છે, ભગવાન ! ક્યા...રે ? ક્યા..રે ?

•

**'ક્યું જાણું ક્યું બની આવશે, અભિનંદન રસ રીત... ?'** પરમ-રસ મને ક્યારે મળશે ?

મીરાંએ કહેલું : મીરાં કહે પ્રભુ ! કબ રી મિલોગે; દુખ મેટણ સુખ દેણ.. દરિસ બિન દુખન લાગે નૈન...

•

ભક્તિયોગાચાર્યો કહે છે કે વિરહવ્યથાનું જે અંતિમ બિંદુ છે, એની બાજુમાં જ મિલનનું પ્રારંભ બિંદુ છે.

'ક્યું જાણું ક્યું બની આવશે, અભિનંદન રસ રીત...' એ જો આપણી પ્રતીક્ષા છે, તો મિલનનો માર્ગ આ રહ્યો !

મુશ્કેલી મિલનના માર્ગની નથી. વાત વિરહવ્યથાની તીવ્રતાની છે. વાત લાંબી લાં..બી પ્રતીક્ષાની છે.

પરમરસ ન મળે અને ચેન ન પડે. પરમરસની પ્રાપ્તિ વિના એક ક્ષણ રહી ન શકાય.

•

પરમ-રસ.

પરમાત્માની નિર્મલ ચેતનાનો રસ. 'રસો વૈ સઃ'... રસ માત્ર એ એક જ છે. બાકીના છે કુચ્ચા.

પૂજ્ય દેવચન્દ્રજી મહારાજને પરમરસ મળી ગયેલ. આપણા તરફથી આ શબ્દો એમણે મૂક્યા છે.

એમનો પરરસ સુકાઈ ગયેલો હતો. તેઓ પરમરસથી તરબતર હતા. પરમરસના પાનનો કેફ એમની પાસે હતો. પૂજ્ય ચિદાનંદજી મહારાજ યાદ આવે : 'જિણે એ પિયાલા પિયા તિનકું, ઔર કેફ રતિ કૈસી ?'

•

પરરસથી મુક્ત પૂજ્યપાદશ્રીજીએ આપણા વતી પ્રભુને પ્રાર્થના કરી : 'ક્યું જાણું ક્યું બની આવશે, અભિનંદન રસ રીત..'

પરમરસ શી રીતે મળે ?

સહેજ અટકીએ અહીં.

આ પ્રશ્ન આપણો ખરો ? આ પ્રતીક્ષા આપણી ખરી ?

પ્રતીક્ષા પાકે એટલી જ વાર. ઉત્તર આ રહ્યો. મિલન આ રહ્યું.

•

પરમરસની પ્રાપ્તિનો અનુભૂતિપરક માર્ગ બતાવે છે પૂજ્યશ્રી : **'પુદ્‌ગલ અનુભવ ત્યાગથી, કરવી જસુ પરતીત હો...'**

આ બાજુ પુદ્‌ગલ અનુભવનો ત્યાગ. આ બાજુ પરમરસની પ્રાપ્તિ.. 'કરવી જસુ પરતીત..' પૂજ્યશ્રી પ્રતીતિની / અનુભૂતિની દુનિયાના મહાપુરુષ છે. અને તેથી તેઓશ્રી કહે છે : તું

પુદ્ગલ અનુભવનો ત્યાગ કર. તું પોતે જોઈશ કે પરમરસ તારી સામે જ છે.

•

પુદ્ગલ અનુભવ ત્યાગ.

પુદ્ગલત્યાગ શબ્દ અહીં વપરાયો નથી. કારણ કે શરીર રૂપી મોટું પુદ્ગલ લઈને બેઠા છીએ, તો રોટલી-શાક કે વસ્ત્ર રૂપી પુદ્ગલ (પદાર્થો) જોઈશે...

પણ–

એ પદાર્થોનો ઉપયોગ થાય ત્યારે રાગાત્મક કે દ્વેષાત્મક કે અહંકારાત્મક અનુભવ ન થવો જોઈએ.

ગમો, અણગમો કે અહંકાર; કર્મબંધ ચાલુ થઈ ગયો.

•

પદાર્થ પદાર્થ છે. નથી એ સારો, નથી એ ખરાબ. આપણી કલ્પના એને સારા કે ખરાબ રૂપે જુએ છે.

એક વ્યક્તિને કડક ચા ભાવે છે, તો એ કડક ચાને સારી કહે છે. બીજી વ્યક્તિને મીઠી ચા ભાવે છે. એને એ સારી લાગે છે. ત્રીજી વ્યક્તિને વળી પોતાના અલગ ટેસ્ટની જ ચા સારી લાગે છે.

તો, ચા સારી કઈ ?

વ્યક્તિને પોતાને સારી લાગે તે.

તો, સારપ કે બુરાઈ પદાર્થની નથી; વ્યક્તિની માન્યતામાં છે. કહો કે, ભ્રમણામાં. આ ભ્રમણાનો છેદ ઉડાડવો છે.

એ સાથે અહંકારનો પણ. 'મારી પાસે આટલી સંપત્તિ છે.. મારી પાસે આ છે, તે છે..' આ વિચારણાથી નીપજતો અહંકાર.

ભોજરાજા એક રાત્રે સૂતા હોય છે. મધરાતે ઊંઘ ઊડી ગઈ. અને અહંકારના લયમાં વિચારણા ચાલી : મારી પાસે શું નથી ? વિશાળ રાજ્ય, આજ્ઞાંકિત પરિવાર, સમર્પિત નગરજનો.. શું નથી મારી પાસે... !

રાજા ભોજ કવિ પણ હતા. આ વિચારને એમણે શબ્દદેહ આપવાની કોશિશ કરી.

સંસ્કૃત ભાષામાં આ વિષયવસ્તુ સાથેનો એક શ્લોક એ બનાવે છે. શ્લોકનાં ત્રણ ચરણો તો બની ગયાં. ચોથું ચરણ બનતું નથી. એ ત્રણ ચરણ સહેજ ધીમેથી બોલે છે, કે એમ બોલતાં બોલતાં ચોથું પદ સૂઝી આવે.

હવે બનેલું એવું કે એક કવિ, આર્થિક સ્થિતિ બહુ જ ખરાબ. રાજમહેલમાં અને તેય રાજાના ખંડમાં ચોરી માટે આવી ગયેલ. (દિવસે આવીને જ ક્યાંક મહેલમાં છુપાઈ ગયો હશે.) તેણે આ ત્રણ ચરણ સાંભળ્યાં. ચોર તરીકે પોતે આવ્યો છે, એ વાત તે ભૂલી ગયો અને ચોથું પદ એણે ઉચ્ચાર્યું : 'सम्मीलने नयनयो-र्न हि किंचिदस्ति ।' (આંખો મીંચાયે કશું તાહરું નથી.)

ભોજ રાજા એકદમ ઊભા થઈ ગયા. ચોરને બાંહોમાં લીધો. વાહ ! તેં મારી નીંદ ઉડાડી દીધી. હું વિચારતો હતો કે આટલું બધું મારું છે. પણ તેં સરસ વાત કરી કે જીવન પૂર્ણ થયે કશું સાથે આવવાનું નથી.

•

પૂજ્ય મોહનવિજયજી મહારાજે મઝાની વાત કરી છે. અહંકાર રાખનો ને ધૂળનો કરવાને બદલે ત્રણ લોકના નાથ પ્રભુ મળ્યા છે એનો અહંકાર કરો ને !

સ્તવનાની પંક્તિઓ સરસ છે :

'તાહરે રાજ નથી કોઈ એકે, ચૌદ રાજ છે માહરે...' પ્રભુ ! તું સિદ્ધશિલા પર બિરાજમાન છે. તારે ક્યાંય ફરવાનું નથી. જ્યારે મારે ચૌદ રાજલોકમાં ઘૂમવાનું છે. 'તું નિર્ગુણ હું તો ગુણધારી..' પ્રભુ ! સત્ત્વ, રજસ્, તમસ્ ગુણથી તું પર છે. હું ત્રિગુણયુક્ત છું.

પરંતુ, છેલ્લે જે વાત કરી છે; અદ્ભુત... પ્રભુ ! આ બધી વાતો તો ઠીક છે. પણ એક બાબતમાં તો હું તારા કરતાં ચઢિયાતો છું જ.

'તુજ સરીખો માહરે મહારાજા..' મારા મસ્તક પર તારા જેવો નાથ છે. તારા મસ્તક પર કોણ, કહે તો ?

આ વાસ્તવિક અહંકાર.

'પ્રભુ મને મળ્યા.' 'પરમરસ આસ્વાદવા મને મળ્યો.'

•

રવીન્દ્રનાથ ટાગોરની એક સરસ પ્રાર્થના યાદ આવે :

મારું મસ્તક તમારી ચરણરજમાં નમાવી દો,
મારો બધો અહંકાર અશ્રુજળમાં ડુબાડી દો.

પોતાને ગૌરવ આપવા જતાં
હું કેવળ પોતાનું અપમાન કરું છું,

હું ક્ષણે ક્ષણે
પોતાની આસપાસ જ ફરીને
ભટકી મરું છું.

હું પોતાનાં કાર્યો દ્વારા
મારો પોતાનો પ્રચાર ન કરું
અને
મારા જીવનમાં તમારી જ ઈચ્છાઓ
પરિપૂર્ણ થાય એવું કરી દો....

યાચું છું
પ્રાણમાં તમારી ચરમ શાન્તિ
અને
તમારી પરમ કાન્તિ...

મને ઢાંકી દઈને
તમે મારા હૃદય કમલમાં
ઊભા રહો !
મારો બધો અહંકાર
અશ્રુજળમાં ડુબાડી દો...

●

મરાઠી કવિ વિરંદીકરની એક રચનાનો ભાવ આવો છે :

તે વ્યક્તિ દરિયાકાંઠે ગઈ.

પોતાની પાસે રહેલ લોટાનું પાણી

તેણે દરિયામાં નાખ્યું.

પછી એ જોયા કરે છે કે

પોતે નાખેલ પાણીને કારણે

દરિયાની સપાટી કેટલી

ઊંચી આવી !

•

અહંકાર હોય છે ત્યારે પોતાનું સામાન્ય કૃત્ય વ્યક્તિને અસાધારણ ઘટના લાગે છે. અને પોતાનો શબ્દ એને કવિતા જેવો લાગે છે.

શો મતલબ આ બધાનો ?

જોકે, ભક્ત માટે 'હું'નું વિલીનીકરણ સહેલું છે. હું ભક્તિના રંગમાં રંગાઈ જાય : અહંકારના લયનું 'હું' છૂ !

•

હું-નાં ત્રણ સ્તરો છે. પહેલું સ્તર અહંકારના લયનું છે. જ્યાં વ્યક્તિએ શરીરને જ હું રૂપે માની લીધું છે.

બીજા સ્તરમાં હું રહે છે. પણ એ અહોભાવના રંગે રંગાયેલ છે. 'ભક્તિમાં મને બહુ જ આનંદ આવ્યો...' આવી અભિવ્યક્તિમાં હું તો છે; પણ એ અહંકારના લયનો હું નથી.

ત્રીજું સ્તર ખૂલે છે ત્યારે તમારું શુદ્ધ હું - આનંદઘનત્વ પ્રગટે છે.

આસપાસ, ચોપાસ માત્ર છે આનંદ. તમે એ આનંદના સાગરમાં ઘૂમી રહ્યા છો.

•

'પુદ્ગલ અનુભવ ત્યાગથી, કરવી જસુ પરતીત...'

ન રાગ, ન દ્વેષ, ન અહંકાર.. મતલબ કે એ ત્રણેની શિથિલતા: અને, પરમ રસ આ રહ્યો !

•

આ સંદર્ભમાં પૂજ્ય આનંદઘનજી મહારાજના એક પદની પંક્તિ યાદ આવે : 'સગરા હોય સો ભરભર પીવે, નગરા જાયે પ્યાસા...'

ભારતીય સંસ્કૃતિના આ મજાના બે શબ્દો : સગરો, નગરો.

સદ્ગુરુને સમર્પિત વ્યક્તિત્વ તે સગરો. જેને માથે ગુરુ નથી તે નગરો.

સગરાને પરમરસના પ્યાલાના પ્યાલા પીવા મળશે. નગરો તરસ્યો રહેશે.

•

અહીં આપણે આ જ અનુભવ કરી રહ્યા છીએ. પૂજ્ય દેવચન્દ્રજી મહારાજ જેવા સદ્ગુરુને સમર્પિત થઈને આપણે 'પુદ્ગલ અનુભવ ત્યાગ' કરી શકીએ, તો પરમરસનું પાન આ રહ્યું !

પરમરસનું પાન એટલે પરમાત્માના વીતરાગદશા, પ્રશમરસ આદિ ગુણોની આંશિક અનુભૂતિ..

■ ■ ■

(૬)

## સારાંશ

પરમરસના પાનની અદમ્ય પિપાસા.. અનંત જન્મોમાં જે રસ ચાખવા નથી મળ્યો, તે આ જન્મમાં આસ્વાદવો જ છે.. પ્રભુના ગુણોની, એ પરમ-પ્રિયના પરમ આનંદની એક ઝલક મળી જાય..

એના માટેનો માર્ગ છે : પુદ્ગલ અનુભવ ત્યાગ...

પદાર્થોના ઉપયોગ કે ઉપભોગ સમયે ગમા-અણગમા આદિનો ભાવ ન ઊઠે; અને એ રીતે, પર ભાવમાં જવાનું ન થાય તે પુદ્ગલ અનુભવ ત્યાગ.

## (૭)

## આધારસૂત્ર

યદ્યપિ હું મોહાદિકે છલિયો,
પરપરિણતિસું ભળિયો રે;
હવે તુજ સમ સાહિબ મલિયો,
તિણે સવિ ભવભય ટળિયો રે... ૩

ધ્યેય સ્વભાવે પ્રભુ અવધારી,
દુર્ધ્યાતા પરિણતિ વારી રે;
ભાસન વીર્ય એકતાકારી,
ધ્યાન સહજ સંભારી રે... ૪

ધ્યાતા ધ્યેય સમાધિ અભેદે,
પરપરિણતિ વિચ્છેદે રે;
ધ્યાતા સાધક ભાવ ઉચ્છેદે,
ધ્યેય સિદ્ધાંત વેદે રે... ૫

- **શ્રી સુબાહુ જિન સ્તવના**

●

જો કે, હું મોહાદિકથી ગ્રસ્ત છું, પરભાવની પરિણતિમાં ડૂબેલ છું. પણ હવે તારા જેવો નાથ મળ્યો છે, એટલે મને સંસારનો ભય સતાવતો નથી.

અશુભ વિચારોને છોડીને સાધક ધ્યેય રૂપે વીતરાગ પરમાત્માનું આલંબન લે છે. જ્ઞાનમાં આત્મોપયોગના ભળવા રૂપ ધ્યાનના માર્ગે એ આગળ વધે છે.

પછી, ધ્યાતાની ચેતના ધ્યેયની ચેતના સાથે એકરૂપ બને છે. એટલે કે ધ્યાતા ધ્યાતારૂપ નથી રહેતો, ધ્યેય જેવો થઈ રહે છે.



૭

# 'ક્ષીર નીર પેરે તુમસું મળશું...'

સાધકની વેદનાને શબ્દદેહ આપતાં મહોપાધ્યાય યશોવિજય મહારાજે કહ્યું : પ્રભુ ! સંસારમાં હું હતો ત્યાં સુધી તો મને નાનામાં નાની વાતમાં અહંકાર આવતો... પ્રભુ ! પછી તારી કૃપા મારા પર વરસી. સાધનાપથ પર તું મને લઈ આવ્યો...

પ્રભુ ! એક બાજુ તારી સાધનાનો આનંદ ક્યારેક, કો'ક ક્ષણોમાં આવી જાય છે. પણ હજુય મહદંશે તો હું અહંકારની ધારામાં જ રહું છું... તપ હોય નાનકડો; અહંકાર બહુ જ મોટો. જપમાં ભલીવાર ન હોય, એકાગ્રતાપૂર્વક જપ ન થયો હોય; તોય મેં આટલો જપ કર્યો એનો અહંકાર આવે છે. પ્રભુ ! હું શું કરું ?

પ્રભુ ! તારાં ચરણો પકડું છું. તું જ મને તારી સાધનાનો દિવ્ય આનંદ આપજે.

•

આ વેદનાનું ઊંડાણ 'વીતરાગ સ્તોત્ર'માં કલિકાલસર્વજ્ઞ હેમચન્દ્રાચાર્યે આપ્યું છે.

એક બાજુ તેઓ કહે છે :

'भवत्प्रसादेनैवाहमियतीं प्रापितो भुवम् ।'

પ્રભુ ! તારી કૃપાથી જ હું અહીં સુધી આવ્યો છું. મનુષ્ય જન્મ, શાસનપ્રાપ્તિ, સાધનાપ્રાપ્તિ, શ્રામણ્યપ્રાપ્તિ; બધું જ તો તારી કૃપાથી થાય છે ને, પ્રભુ ?

'ઈતની ભૂમિ પ્રભુ ! તુમ હિ આણ્યો...'

બીજી બાજુ તેઓશ્રી પ્રભુને કહે છે : 'રત્નત્રયં મે હ્રિયતે...' પ્રભુ! નરક અને નિગોદમાં તારા કરુણામય જે હાથનો સ્પર્શ કરેલો; એ ક્યાં ગયો ? એ હાથ કેમ છૂટી ગયો, પ્રભુ ! જેથી રાગાદિ શત્રુઓ મારી રત્નત્રયીને લૂંટી રહ્યા છે...

'વીતરાગ સ્તોત્ર'માં શબ્દવાચનામાં આનો ઉત્તર નથી; પણ અશબ્દ વાચનામાં ઉત્તર છે. અને એ ઉત્તર એ છે કે સાધનાનું કર્તૃત્વ સાધક પોતાના પર લઈ લે છે. ભાઈ, સાધના તો કૃપાસાધ્ય જ છે. તું તારા 'હું'ને આમાં ક્યાં લઈ આવ્યો ?

અહંકારી ચેતના પ્રભુના પ્રસાદને કઈ રીતે ઝીલી શકે ?

•

આ જ લયમાં પૂજ્ય દેવચન્દ્રજી મહારાજ 'સુબાહુ જિન સ્તવના'માં કહે છે : પ્રભુ ! અહંકાર, રાગ, દ્વેષ આદિ ભાવોથી હું ઘેરાયેલો છું. પરની / પર્યાયોની જાળમાં હું ફસાયેલો છું. શરીર, ધન આદિ પર-પર્યાયોને સુખના સાધન રૂપ માની તેમાં જ મારા મનને મેં પરોવેલું છે. પ્રભુ ! તારી કૃપાથી જ ખ્યાલ આવે છે કે મેં કેટલું બધું આત્મધન ગુમાવ્યું છે !

પણ તારા જેવો નાથ હવે મળ્યો છે, તો મારો બધો જ ભય દૂર થયો છે. તું જ મને સંસારને પેલે પાર, મોક્ષમાં લઈ જઈશ.[1]

•

પ્રભુની કૃપા દ્વારા સાધક કઈ રીતે આધ્યાત્મિક વિકાસ-યાત્રામાં આગળ વધે છે તેનું મઝાનું બયાન પણ પૂજ્યશ્રીએ આપ્યું છે :

દુર્ધ્યાનનું દૂરીકરણ,
ધ્યેય રૂપે વીતરાગ પ્રભુનું આલંબન,
ધ્યાનમાં સ્થિરતા,
ધ્યાતાનું ધ્યેયમાં નિમજ્જન.[૨]

•

પહેલું ચરણ : દુર્ધ્યાનનું દૂરીકરણ.. પર તરફના જ જે વિચારો સતત વહી રહ્યા છે, તેમને હડસેલી દેવા.. શુભ વિચારોને ઘૂંટવાથી આ કાર્ય સરળ બનશે.

રાગના વિચારોની સામે વૈરાગ્યના વિચારો ઘૂંટવા છે. વૈરાગ્ય.. પર તરફની અશ્રદ્ધા. પર દ્વારા મને સુખ મળે છે આ ભ્રમણાનો છેદ, વૈરાગ્ય-ભાવ, ઊડાડી શકે.

એક મહાપુરુષને પૂછવામાં આવેલું કે ગુરુદેવ ! અમે તો રાગની ધારાના માણસો છીએ. વૈરાગ્યની ધારા તો અમારા માટે સાવ અપરિચિત / અનભ્યસ્ત છે. તો શું કરીએ ?

---

(૧) યદ્યપિ હું મોહાદિકે છલિયો, પરપરિણતિસું ભળિયો રે;
હવે તુજ સમ સાહિબ મલિયો, તિણે સવિ ભવભય ટળિયો રે...
- સુબાહુ જિન સ્ત૦, ૩

(૨) ધ્યેય સ્વભાવે પ્રભુ અવધારી, દુર્ધ્યાતા પરિણતિ વારી રે;
ભાસન વીર્ય એકતાકારી, ધ્યાન સહજ સંભારી રે..

ધ્યાતા ધ્યેય સમાધિ અભેદે, પરપરિણતિ વિચ્છેદે રે;
ધ્યાતા સાધક ભાવ ઉચ્છેદે, ધ્યેય સિદ્ધાંત વેદે રે... - સુબાહુ જિન સ્ત૦, ૪-૫

તેમણે હસીને કહ્યું : અચ્છા, રાગની ધારા તો પરિચિત છે ને ! તો પ્રભુ પર, પ્રભુના ગુણો પર રાગ કરો !

•

ક્રોધ કેમ આવે છે ?

મુખ્યતાએ અહંકારને કારણે.

'મને આ રીતે રફલી આ માણસ બોલ્યો'.... પણ અહીં 'હું'ને બદલતાં આવડે તો ? આનંદઘન હું છું. શરીર તો એક ઘર છે... શરીર તે હું નથી...

ક્રોધ કોને આવશે ?

•

એકવાર મેં પ્રવચનમાં શ્રોતાવૃન્દને કહેલું : તમને ક્ષમાનો અનુભવ તો કદાચ નહિ હોય; પણ ક્રોધનો અનુભવ પણ છે ખરો ?

શ્રોતાઓએ પૂછ્યું : કઈ રીતે ?

મેં સમજાવ્યું : તમારી સોસાયટીના રોડ પર એક બ્લૉક ઊંચો થઈ ગયેલ હોય. રાત્રે અંધારામાં ઠેસ લાગી શકે. પીડા પણ થાય.. પણ આવું, એ પછી, રોજ થાય ખરું ? કે તમે બાજુમાંથી નીકળી જાવ..? હવે આ વાત આપણે એ રીતે સમજીએ કે ક્રોધ એકવાર થયો, પીડા થઈ; પછી બીજીવાર ક્રોધ ન થાય ને ? એકવાર થયેલ ક્રોધ પછી બીજીવાર ક્રોધ તમે ન કરી શકો તો તમને ક્રોધનો અનુભવ થયો એમ કહેવાય.

•

'હું' જે અહંકારના લયનું છે, તેને અહોભાવના લયમાં તો લઈ જઈ શકાય તેમ છે. કારણ કે અહોભાવની એક મઝાની ધારા આપણને મળી છે.

મેં પ્રભુની ભક્તિ કરી... અને ખૂબ આનંદ આવ્યો...

'હું' છે, પણ અહોભાવના લયમાં...

•

આ થયું પહેલું ચરણ. જ્યાં સાધકે દુર્વિચારોને અટકાવી દીધા, અને શુભ વિચારોનો આશ્રય લીધો.

•

હવે બીજું ચરણ : ધ્યાનમાં જતાં પહેલાં ધ્યેયને નક્કી કરવાનું હોય છે.

ધ્યેય રૂપે છે વીતરાગ પરમાત્મા. પરમ ઉદાસીન ભાવમાં લીન પ્રભુ.

ધ્યાતાના મનમાં એક જ વાત હોય કે એણે 'ધ્યાતા મટીને બનવું રે ધ્યેય...'.

અનંત ગુણોથી યુક્ત પરમાત્મા છે ધ્યેય. નિર્મલ (રાગ-દ્વેષાદિથી પર), અખંડ ઉપયોગમય છે પ્રભુ.

એ પ્રભુને ધ્યેય તરીકે નિશ્ચિત કરીને સાધક ત્રીજા ચરણે ધ્યાન તરફ આગળ વધે છે.

•

ધ્યાન...

'ભાસન વીર્ય એકતાકારી, ધ્યાન સહજ સંભારી રે..'

ધ્યાનની વ્યાખ્યા આપી : 'ભાસન (જ્ઞાન) અને વીર્ય (આત્મોપયોગ / જાગૃતિ)નું એકાકારપણું તે ધ્યાન.

આત્મજ્ઞાનમાં ઉપયોગ ભળવો જોઈએ. 'હું નિર્મલ છું' એવું જ્ઞાન તો છે, પણ એવી અનુભૂતિ ખરી ?

'હું નિર્મલ છું' એની અનુભૂતિ થાય ત્યારે સ્પષ્ટ અનુભવ થાય કે સત્તામાં પડેલ રાગ ઉદયમાં આવ્યો છે અને એ નિર્જરી રહ્યો છે / ખરી રહ્યો છે. મારા નિર્મલ સ્વરૂપમાં આ ઉદયને કારણે કશું થતું નથી. કારણ કે મારી ચેતના, મારો ઉપયોગ માત્ર ને માત્ર મારા નિર્મલ સ્વરૂપ ભણી વહી રહ્યો છે.

યાદ આવે પૂજ્ય દેવચન્દ્રજી મહારાજ (અષ્ટપ્રવચન માતાની સજ્ઝાય) : 'મોહ ઉદયે અમોહી એહવા, શુદ્ધ નિજ સાધ્ય લયલીન રે..'

મોહ સત્તામાં છે, તો ઉદયમાં આવશે. પણ એ વખતે સાધક નિર્મોહી હશે.

કારણ ?

'શુદ્ધ નિજ સાધ્ય લયલીન રે..' સાધક એ સમયે પોતાના શુદ્ધ સ્વરૂપમાં લીન છે.

એટલે કે, મનમાં મોહની ધારા ચાલતી હશે. પણ એના અન્તસ્તરમાં એની કોઈ અસર નહિ હોય.

એરકંડિશન્ડ ઑફિસમાં બેઠેલ વ્યક્તિ બારીના કાચને આરપાર જોઈ શકશે. આંધી આવી ચઢે તો એનાં રજકણ બારીના બહારના કાચને અથડાતાં પણ એ જોઈ શકે. પરંતુ એની એરકંડિશન્ડ ઑફિસમાં એક પણ રજકણ આવશે ખરું ?

•

'ભાસન વીર્ય એકતાકારી ધ્યાન...' આત્મજ્ઞાન હતું સાધક પાસે. પણ એ કદાચ અંતઃસ્પર્શી ન હતું. અને માટે જ તે પોતાના આનંદઘન સ્વરૂપને છોડીને રતિ-અરતિના ઝૂલે ઝૂલતો હતો.

પણ એ શાબ્દિક આત્મજ્ઞાન અનુભૂત્યાત્મક ક્યારે બને ? જ્યારે એમાં આત્મોપયોગ ભળે ત્યારે.

•

ગુરુદેવે શિષ્યને કહ્યું : 'મેં સાંભળ્યું છે કે તું આત્મતત્ત્વ પર બહુ સરસ બોલે છે. આજે મારી સમક્ષ પ્રવચન કર તો !' ગુરુદેવની આજ્ઞા.. શિષ્ય દોઢ કલાક સુધી, જાત-જાતનાં ઉદ્ધરણો / રેફરન્સિસ આપીને, સરસ બોલ્યો.

એના મનમાં હતું કે હમણાં ગુરુ મને બાંહોમાં લેશે. ગુરુ મને સાબાશી આપશે.

પણ ગુરુ એના મુખ ભણી, એની આંખો ભણી જોઈ રહ્યા હતા. ગુરુને લાગ્યું કે એની પાસે માત્ર શબ્દો છે. અભિવ્યક્તિ છે, અનુભૂતિ નથી.

ગુરુએ કહ્યું : You can't fill the stomach with a picture of cake... ભાઈ, ભાખરીનાં ચિત્રથી પેટ ન ભરાય; ભાખરી જોઈએ. તારી પાસે અનુભૂતિ નથી. ભાખરી નથી, માત્ર એનું ચિત્ર છે... આ અભિવ્યક્તિનો કોઈ અર્થ નથી.

•

'ભાસન વીર્ય એકતાકારી, ધ્યાન સહજ...'

ધ્યાન એ સહજ અવસ્થા છે. ધ્યાન એટલે being. હોવાપણું. અસ્તિત્વનો આનંદ. સંસાર એટલે doing.

Being. તમારું તમારામાં હોવાપણું. આખરે, તમે તમે ન હો તો શું હો ?

એક બૌદ્ધ ભિક્ષુની આંખમાં આંસુ હતાં. ભક્તે કારણ પૂછ્યું. ત્યારે તેમણે કહ્યું : સાંજે બુદ્ધ ભગવાન પાસે હું જઈશ અને તેઓ પૂછશે કે તું આનંદ જેવો જ્ઞાની કે મુદ્ગલાયન જેવો વિરાગી ભિક્ષુ કેમ ન બન્યો ? તો હું કહી શકું કે પ્રભુ ! તમે બનાવો, તેવો હું બનું ને ? પણ જો ભગવાન પૂછે કે તારું મન સ્થિર કેમ નથી, તો હું શું જવાબ આપીશ ? આની વેદના મને થાય છે. કારણ કે દીક્ષા સમયે પ્રભુએ મને નામ આપ્યું છે : થિરચિત્ત. મારું ચિત્ત અસ્થિર છે...

પ્રભુ મને પૂછે કે તારું ચિત્ત સ્થિર કેમ નથી ? તો હું શું જવાબ આપીશ.

ભિક્ષુની વેદના આ હતી : હું હું ન હોઉં તો શું હોઉં ?

સાધકની પણ આ જ વેદના છે : Being જો મારું સ્વરૂપ છે. તો હું doingમાં કેમ જાઉં છું ?

•

ધ્યાન છે સહજ અવસ્થા...

જાગૃતિ દ્વારા તે સરસ રીતે અભિવ્યક્ત થાય છે.

તમે ખાતા હો કે પાણી પીતા હો; તમે પરપદાર્થનો ઉપયોગ કરો છો; પણ તમારી ચેતના પરભાવમાં નથી.

ખવાય છે, પિવાય છે; તમે માત્ર દ્રષ્ટા છો.

‘Living with the Himalayan Masters’માં સ્વામી રામે એક સરસ પ્રસંગ નોંધ્યો છે.

નીમ કરોલી બાબા નામના વિખ્યાત સંત જોડે તેઓ થોડા દિવસ રહેલા. એકવાર બપોરનું ભોજન બેઉએ સાથે લીધું. થોડીવાર પછી કો’ક ભક્તે આવી પોતાની પાસે રહેલ ખાદ્ય પદાર્થો લેવાની વિનંતી કરી.

બાબા રામને કહે છે : જમી લઈશું ? સ્વામી રામ કહે : આપણે પાંચ મિનિટ પહેલાં ભોજન લીધું ને !

બાબા કહે : 'અચ્છા, અચ્છા, તો ભૂખ નથી !' પાંચ મિનિટ પહેલાં લેવાયેલ ભોજનની વિસ્મૃતિ જેમને હોય, તે કેવી તો પરવિસ્મરણની અને આત્મસ્મરણની ધારામાં હોય.

•

ચોથું ચરણ : ધ્યાતાનું ધ્યેયમાં નિમજ્જન...

ધ્યેય રૂપે વીતરાગ પ્રભુને સ્વીકારેલ છે સાધકે, ધ્યાતાએ. એ સાધક શુદ્ધાત્મ અનુભવ રૂપ નિર્વિકલ્પ સમાધિમાં મગ્ન થઈ જાય ત્યારે એની ચેતના ધ્યેય સાથે અભિન્ન બની જાય છે.

યાદ આવે મહોપાધ્યાય યશોવિજયજી (૧૨મા સ્તવનમાં) :

ધ્યાતા ધ્યેય ધ્યાન ગુણ એકે,
ભેદ છેદ કરશું હવે ટેકે;
ક્ષીર નીર પેરે તુમસું મળશું,
વાચક જસ કહે હેજે હળશું.

ધ્યાતા ધ્યેયમાં વિલીન થયો; ધ્યાન હવે જરૂરી નથી. પાણી અને દૂધ જેમ એકાકાર થઈ જાય, તેમ ધ્યાતાની ચેતના ધ્યેયમાં નિમજ્જિત થઈ, ડૂબી ગઈ.

■ ■ ■

(૭)

## સારાંશ

ચાર ચરણો અહીં આવ્યાં :

દુર્ધ્યાનનું દૂરીકરણ,

ધ્યેય રૂપે વીતરાગ પરમાત્માનું આલંબન,

ધ્યાનમાં સ્થિરતા,

ધ્યાતાનું ધ્યેયમાં નિમજ્જન.

**(૮)**

## આધારસૂત્ર

**નેમિ પ્રભુ ધ્યાને રે એકત્વતા,**
**નિજ તત્ત્વે એકતાનો જી;**
**શુક્લધ્યાને રે સાધી સુસિદ્ધતા,**
**લહીયે મુક્તિ નિદાનો જી. ૨૨/૬**

●

નેમિ પ્રભુના ધ્યાનમાં જે એકત્વ આવે છે, તે એકત્વ સ્વની સાથે અભિન્ન રૂપે સાધકને જોડે છે.

શુક્લધ્યાન વડે સિદ્ધ દશાને પામી તે આત્મા મુક્ત બને છે.



૮

# શુભ, શુભનો વેગ, શુદ્ધ

રાજીમતીજી મન, વચન, કાયાથી પ્રભુને / પ્રભુઆજ્ઞાને સમર્પિત થયાં; ને પ્રભુ તરફથી એમને ત્રણ ભેટો મળી : શુભની ભૂમિકા, શુભના વેગની ભૂમિકા અને શુદ્ધની ભૂમિકા.

બહુ પ્યારા શબ્દો પૂજ્ય આનંદઘનજી ભગવંતે નેમિપ્રભુની સ્તવનામાં આપ્યા :

'ત્રિવિધ યોગ ધરી આદર્યો,
નેમિનાથ ભરથાર;
ધારણ પોષણ તારણો રે,
નવસર મુગતાહાર...' ૨૨/૧૬

પ્રભુ ભક્તને શુભમાં ધારી રાખે, પકડી રાખે; તેનાં શુભમાં પોષણ/ વેગ ઉમેરે અને તેને શુદ્ધમાં લઈ જઈને ભવસાગર તરાવી દે.

•

રાજીમતીજીની વાત તો અનોખી હતી. તેઓ તે ભવમાં જ સિદ્ધિ પદને પામવાના હતાં. પ્રારંભિક સાધક શુભના વેગને અને શુદ્ધને

કઈ રીતે પામી શકે એની વાત મહોપાધ્યાયશ્રી યશોવિજય મહારાજે સમાધિશતકમાં કરી છે :

‘આતમજ્ઞાને મન ધરે,
વચન-કાય-રતિ છોડ;
તો પ્રગટે શુભ વાસના,
ગુણ અનુભવ કી જોડ...’

•

શુભની ધારા તો આપણને ગળથૂથીમાંથી મળેલી છે. એ ધારાને પોષનારાં માધ્યમો પણ અપાર છે : પ્રભુની મૂર્તિ, ભક્તિધારા, સ્વાધ્યાય, જાપ...

પ્રારંભિક સાધક માટે પણ એમ માની શકીએ કે તેને શુભની ધારા મળેલી છે. શુભની ધારા કૉન્શ્યિન્સ માઈન્ડ / જ્ઞાતમનમાં ફેલાય છે.

અમદાવાદમાં વહેલી સવારનો એક ભક્તિ કાર્યક્રમ હતો. સંગીત અને સંવેદના બહુ જ સરસ રીતે ચાલતા હતા. ત્રણ કલાકે કાર્યક્રમ પૂર્ણ થયો. અને ઉદ્‌ઘોષણા થઈ કે બધા જ ભક્તો નવકારસીનો લાભ આપીને જ જાય.

એક ભાઈ ભક્તિના એ વાતાવરણમાં પૂરેપૂરા ભીંજાઈ ગયેલા. નવકારસી માટે બાજુના હૉલમાં ગયા. બેઠા. વેઈટરે ચા આપી. પહેલો ઘૂંટડો ભરતાં જ લાગ્યું કે ચા બેસ્વાદ, ઠંડી છે. એક ક્ષણ મન ઉદાસ બની ગયું : આવી વ્યવસ્થા !

પણ એક જ ક્ષણ આ વિચાર ટક્યો. બીજી જ ક્ષણે એમણે વિચાર્યું : અરે, મારું ઘર તો બિલકુલ બાજુમાં છે. બે મિનિટમાં ઘરે પહોંચી મારા ટેસ્ટની સરસ ચા અને ગરમ નાસ્તો લઈ શકું છું... એ

ધ્રૂજી ગયા : ત્રણ કલાકની ભક્તિની ધારાને ચાની એક ચૂસકી અદૃશ્ય કરી શકે ? આવું કેમ બને ?

એ ભાઈ મારી પાસે આવેલા. તેમણે મને આ પૂછેલું. મેં એમને સમજાવ્યું કે ભક્તિધારાની ભીનાશ ચોક્કસ તમારી પાસે હતી, પણ એ કૉન્શિયન્સ માઈન્ડના લેવલની હતી. જ્યારે આહારસંજ્ઞા અસ્તિત્વના સ્તરની હતી. અને માટે જ ચાની ચૂસકીની તાકાત વધી ગઈ.

એમણે મને પૂછ્યું કે ભક્તિની કે સાધનાની ધારાને અસ્તિત્વના સ્તર પર લઈ જવી હોય તો શું કરવું જોઈએ ?

મેં કહ્યું : વારંવાર, વારંવાર એ ધારા ઘૂંટાય તો ભીતર ઊતરે. મેં સમજાવ્યું : અષાઢની કોઈ સાંજે પહેલો વરસાદ પડે, ભલે બે ઇંચ; પણ થોડીવારમાં પાણી અદૃશ્ય થશે. તરસી ધરતી પાણી પી જશે. પણ એ વરસાદ દિવસમાં ત્રણ-ત્રણ વાર અને વેગથી આવે તો...? ચાર-પાંચ દિવસમાં તો ધરતી ભીની ભીની થઈ રહે. પાણી અંદર ને અંદર ઊતરતું જાય.

બસ, આ જ રીતે ભક્તિની ધારાને વારંવાર, વારંવાર દોહરાવવાની છે કે જેથી એની ભીનાશ ભીતર ઊતરશે.. પછી ચાની તાકાત કંઈ જ નથી.

એ સાધકને સમાધાન મળી ગયું.

•

મહર્ષિ પતંજલિ યોગસૂત્રમાં કહે છે કે સાધનાનો અભ્યાસ જ્યારે ઘણીવાર, નિરંતર, સત્કાર સાથે થાય છે ત્યારે તે દૃઢ બને છે.[૧]

•

(૧) स तु दीर्घकाल-नैरन्तर्य-सत्कारासेवितो दृढभूमिः ॥ १-१४

શુભની ધારા તો છે જ આપણી ગળથૂથીની.

પહેલાં હવે શુભના વેગ તરફ જવું છે. એ માટે 'સમાધિશતક' કહે છે : 'વચન-કાય-રતિ છોડ...' વચનરતિ અને કાયરતિને છોડવાના છે.

કો'કે કહ્યું : તમે બહુ સરસ બોલ્યા... અને એ વચનને કારણે ગમાનો, અહંકારનો ભાવ વિકસે; તે વચનરતિ.

કશુંક ખાતાં કે પીતાં રાગદશા ઊછળે તો કાયરતિ...એવી રીતે કંઈક જોતાં રાગદશા ઊછળે...

•

હા, વચનાનંદ અને કાયાનંદનો વાંધો નથી. ઊલટું, એ તો શુભભાવના ઉદ્દીપક બનશે.

વચનાનંદ.

પ્રભુનાં પ્યારાં, પ્યારાં વચનો સંભળાયાં અને ભીતર આનંદની એક ધારા ચાલી... આંખો હર્ષાશ્રુથી છલકાણી. આ વચનાનંદ... મારા ભગવાને 'પર્સનલી ફોર મી...' કેવાં સરસ વચનો આપ્યાં છે !

કાયાનંદ.

પ્રભુનું દર્શન કરતાં આંખો ભીની બને, ગળે ડૂસકાં હોય અને શરીરે હોય રોમાંચ...

આ વચનાનંદ અને કાયાનંદ શુભના સ્તરના અનુષ્ઠાનને શુભના વેગ સુધીના અનુષ્ઠાનમાં ફેરવશે...

•

શુદ્ધ માટે શું કરવાનું ?

શુભનો વેગ, દેખીતી રીતે જ, શુદ્ધમાં પર્યવસિત થાય છે.

તલેટી એ શુભ. પગથિયાં એ શુભનો વેગ. અને પહાડની ચોટી, શિખર એ શુદ્ધ.

કોઈ યાત્રિક શત્રુંજય ગિરિરાજનાં પગથિયાં ઝડપથી ચઢતો હોય તો એ દાદાનાં દર્શનને પામવાનો જ છે ને !

શુદ્ધિમાં જવાનો માર્ગ : 'આતમજ્ઞાને મન ધરે..' મનને નિર્મલ આત્મસ્વરૂપ ભણી સ્થિર કરવાનું. એ જ રીતે વીતરાગદશા, પ્રશમરસ આદિ ગુણો પર પણ કેન્દ્રિત કરવાનું.

શ્રીપાળ રાસની કડી યાદ આવે : 'અરિહંત પદ ધ્યાતો થકો, દવ્વહ ગુણ પજ્જાય રે; ભેદ છેદ કરી આતમા, અરિહંત રૂપી થાય રે...'

અરિહંત પદનું દ્રવ્ય, ગુણ કે પર્યાય દ્વારા ધ્યાન કરનાર સાધક પોતાની ચેતનાને - તે ક્ષણોમાં - અર્હન્મયી બનાવે છે.

•

રાજીમતીજી પ્રભુ નેમિનાથના વરદ હસ્તે શ્રામણ્યને પામીને શુદ્ધ ભણી, સ્વરૂપદશા ભણી કઈ રીતે ગયાં તેની વાત પૂજ્ય દેવચન્દ્રજી મહારાજે આ રીતે કરી છે :

**નેમિ પ્રભુ ધ્યાને રે એકત્વતા,**
**નિજ તત્ત્વે એકતાનો જી;**
**શુક્લધ્યાને રે સાધી સુસિદ્ધતા,**
**લહીયે મુક્તિ નિદાનો જી. ૨૨/૬**

સાધના ક્રમ આ રીતે આ કડીમાં અપાયો : પ્રભુના ધ્યાનમાં એકાકારતા → નિજ તત્ત્વમાં એકાકારતા → શુક્લધ્યાન → મોક્ષ.

પ્રભુના ધ્યાનમાં એકાકારતા.

પ્રભુનું ધ્યાન શી રીતે કરી શકાય ? મહોપાધ્યાયશ્રી યશોવિજય મહારાજે એ માટેનું સરસ સાધનાસૂત્ર આપ્યું : 'જ્યોતસું જ્યોત મિલત જબ ધ્યાવે, હોવત નહિ તબ ન્યારા..'

જ્યોતિર્મય પરમાત્માનું ધ્યાન, સાધક જ્યોતિર્મય બનીને જ, કરી શકે.

શબ્દ પૌદ્‌ગલિક ઘટના. અ-જ્યોતિર્મય ઘટના. વિચાર પણ તેવી જ ઘટના છે.

એટલે કે, ન સ્તવનાના માત્ર શબ્દો રટવાથી કે ન પરમતત્ત્વ સંબંધી માત્ર વિચાર કરવાથી સાધક જ્યોતિર્મય બની શકે.

જ્યોતિર્મય સાધક જ જ્યોતિર્મયનું ધ્યાન કરી શકે.

જ્યોતિર્મયતા એટલે અનુભૂતિ. આપણી વીતરાગદશા, પ્રશમરસ આદિ ગુણોની અનુભૂતિ તે જ્યોતિર્મયતા.. અને આપણા નિર્મલ સ્વરૂપની પણ અનુભૂતિ તે જ્યોતિર્મયતા.

સાધક સમભાવની આંશિક અનુભૂતિ સામાયિકમાં કરી શકે તો એ જ્યોતિર્મય બની ગયો. સમભાવનું એક ઝરણું એની ભીતર વહેતું થયું. પ્રભુનો સમભાવ / પ્રશમરસ સાગર જેવો વિરાટ છે. એ સાગરમાં આ ઝરણું મળ્યું.. અભેદાનુભૂતિ થઈ.

•

મહાસાધ્વી રાજીમતીજીએ પ્રભુની નિર્મલ ચેતનાનું ધ્યાન કરીને એવી જ નિર્મલ પોતાની ચેતનાનો અનુભવ કર્યો.

ત્યારબાદ શુક્લધ્યાન, કેવળજ્ઞાન, મોક્ષ.

•

પૂજ્ય દેવચન્દ્રજી મહારાજ રાજીમતીજીની આ મધુરી યાત્રાને સરસ રીતે વર્ણવે છે :

રાજુલ નારી રે સારી મતિ ધરી,
અવલંબ્યા અરિહંતો જી;
ઉત્તમ સંગે રે ઉત્તમતા વધે,
સધે આનંદ અનન્તો જી... ૨૨/૨

રાજીમતીજીએ પરમાત્માનું આલંબન લીધું. પ્રભુ સાથે પ્રીતના દોરથી, ભક્તિના દોરથી જોડાવું તે બુદ્ધિમત્તાનું કાર્ય છે. બુદ્ધિમત્તાનું એટલા માટે કે એથી જ આત્માની વિકાસયાત્રા શરૂ થાય છે.

પહેલા સ્તવનમાં આથી જ પૂજ્ય દેવચન્દ્રજી મહારાજે પ્રભુ સાથે પ્રીત કેમ જોડવી તેવું વિચારનારને જ બૌદ્ધિક વ્યક્તિ તરીકે ગણાવી છે. (ૠષભ જિણંદસું પ્રીતડી, કિમ કીજે હો કહો ચતુર વિચાર..)

પ્રભુ સાથે પ્રીત એટલે આનંદ જ આનંદ.

રાજીમતીજી વીતરાગ પ્રભુ પરના રાગથી / ભક્તિથી પરમ પદને પામી ચૂક્યાં.

■ ■ ■

## (૮)

## સારાંશ

રાજીમતીજીએ પ્રભુનું આલંબન લઈને સિદ્ધત્વને પ્રાપ્ત કર્યું.

ક્રમ આ છે :

(૧) પ્રભુના ધ્યાનમાં એકાકારતા

(૨) નિજ સ્વરૂપમાં એકાકારતા

(૩) શુક્લધ્યાન

(૪) મોક્ષ

(૯)

## આધારસૂત્ર

**જિમ જિનવર આલંબને,**
**વધે સધે એકતાન હો, મિત્ત;**
**તિમ તિમ આત્માલંબની,**
**ગ્રહે સ્વરૂપ નિદાન હો, મિત્ત. ૪/૭**

●

**: સાધનાક્રમ :**

જિનગુણ દર્શનથી નિજગુણ અનુભૂતિ...

જિનસ્વરૂપ દર્શનથી નિજસ્વરૂપ અનુભૂતિ...



૯

# ‘દ્યો દરિસન મહારાજ !’

પૂજ્ય પદ્મવિજયજી મહારાજે નવપદ પૂજામાં કહ્યું : ‘પ્રભુ નિરમલ દરિસન કીજિએ....’ પહેલીવાર આ પંક્તિ વાંચી ત્યારે મનમાં પ્રશ્ન થયેલો કે ‘નિર્મલ’ વિશેષણ દ્વારા તેમનો ઈશારો કઈ બાજુ છે ?

વિકલ્પો / વિચારોથી યુક્ત મનમાં પ્રભુની છબી ઊપસી ન શકે. એથી, નિર્મલદર્શન શબ્દ દ્વારા નિર્વિકલ્પતાની પૃષ્ઠભૂ પરનું દર્શન એવો અર્થ પૂજ્યશ્રીને અભિપ્રેત હશે તેમ લાગે છે.

•

સ્તવનાકાર બહુ જ સરળતાથી, મા આંગળી પકડીને બાળકને લઈ જાય તેવી સલૂકાઈથી, પ્રભુદર્શનના માર્ગ પર આપણને યાત્રા કરાવે છેઃ

‘ચિત્ત ચાહે પ્રભુ ચાકરી રે,
મન ચાહે મળવાને કાજ...
નયન ચાહે પ્રભુ નીરખવા રે,
દ્યો દરિસન મહારાજ...’

પ્રભુ ! અમને દર્શન આપો !

[1]‘‘सह नाववतु, सह नौ भुनक्तु, सह वीर्यं करवावहै’ની કેવી તો હૃદયંગમ પ્રસ્તુતિ : ‘દ્યો દરિસન મહારાજ !’ પ્રભુ ! અમને દર્શન આપો.

કઈ રીતે નક્કી થઈ શકે કે એમને ‘અમને’ શબ્દ અભિપ્રેત હતો? એમને ‘દર્શન’ થયેલું હતું, આપણી ભૂમિકાએ આવી આપણને પ્રભુદર્શનની યાત્રા માટે તેઓ લઈ જઈ રહ્યા છે...

સદ્ગુરુનું આ જ તો કર્તવ્ય છે ને ? શિખર પર બેઠેલ તેઓ તળેટી પર આવે છે અને આપણને આંગળી પકડીને ઉપર લઈ જાય છે.

આનો ઈશારો મહોપાધ્યાય યશોવિજયજીએ એક સ્તવનામાં આપ્યો છે : ‘મારે બનનારું તે બન્યું જ છે રે, હું તો લોકને વાત શિખાવું રે..’

કેવી વાત શીખવાડી છે શ્રી ચિન્તામણિ પાર્શ્વનાથ પ્રભુની સ્તવનામાં એમણે ! ભક્તહૃદયના ભાવોની ભરતી એમના શબ્દોમાં પ્રતીત થઈને રહે...

એ ભાવધારામાં વહેવું ગમશે...

‘પ્રભુ ! વરસીદાન આપીને તેં પૃથ્વીના લોકોને ઋણમુક્ત કર્યા.. તો મને મોક્ષ આપવામાં કંજૂસાઈ કેમ કરે છે ?[2]

---

(૧) ‘सह नाववतु, सह नौ भुनक्तु, सह वीर्यं करवावहै ॥’ ઉપનિષદનો આ પ્રસિદ્ધ મંત્ર છે... ‘પ્રભુ ! તું મારી અને મારા શિષ્યની વિભાવોમાંથી રક્ષા કર.. અમે બેઉ સાથે જમીએ (સ્વાધ્યાય કરીએ.).... અમે બેઉ સાથે સાધના કરીએ...’ સદ્ગુરુની કેવી આ હૃદયંગમ પ્રાર્થના !

(૨) તેં ઉરણ સવિ પૃથવી કરી રે, ધન વરસી વરસીદાને રે;
માહરી વેળા શું એહવા, દીઓ વાંછિત વાળો વાન રે...

જોકે, તું ગમે તેમ કરે પ્રભુ ! પણ હુંય તારો બાળ છું. તું જ્યાં સુધી મોક્ષ ન આપે ત્યાં સુધી તને છોડવાનો નથી.[3]

પ્રભુ ! એવું ન કહેતા કે તારા કર્મમાં / ભાગ્યમાં જ નથી, તો તને મોક્ષ કઈ રીતે આપું ? જો મારું ભાગ્ય બરોબર ન હોત તો હું તમને કેવી રીતે મેળવી શકત ?[4]

અને પ્રભુ ! ભવિતવ્યતા, સ્વભાવ, કાળ એ બધા જ તારા દાસ છે. મુખ્ય હેતુ તો મોક્ષનો તું જ છે.[5]

•

'ચિત્ત ચાહે પ્રભુ ચાકરી...' પૂરું અસ્તિત્વ પ્રભુને ઝંખી રહ્યું છે. ભક્તિમતી મીરાં યાદ આવે : 'મને ચાકર રાખોજી !'

મીરાં પણ આ ચાકરી, આ દાસીત્વ અસ્તિત્વના સ્તર પર મેળવવા ચાહે છે. મીરાંની પ્રસિદ્ધ પ્રાર્થના યાદ આવે :

'સદા સેવા કરતી હું, સુમિરન ધ્યાન મેં ચિત્ત ધરતી હૂં; ભક્તિ મારગ દાસી કો દિખલાઓ, મીરાં કો પ્રભુ ! સાંચી દાસી બનાઓ !'

'શરીરના સ્તર પર સાધના, સંતોની સેવા થઈ રહી છે. મનના સ્તર પર પ્રભુનું સ્મરણ ચાલી રહ્યું છે. સ્મરણ એકદમ પ્રગાઢ બની રહે છે ત્યારે અલપ-ઝલપ ધ્યાન લાગે છે..' મીરાં કહે છે : 'પ્રભુ ! મારે તો હવે અસ્તિત્વના સ્તર પરની તારી ભક્તિ જોઈએ છે. ભક્તિનો એવો રંગ લાગે કે એ કોઈ પણ જન્મમાં જાય નહિ..'

•

---

(૩) હું તો કેડ ન છોડું તાહરી, આપ્યા વિણ શિવસુખ સ્વામી ! રે...

(૪) મત કહેશો તુજ કર્મે નથી રે, કર્મે છે તો તું પામ્યો રે...

(૫) કાળ સ્વભાવ ભવિતવ્યતા રે, એ સઘળા તારા દાસો રે;
મુખ્ય હેતુ તું મોક્ષનો, એ મુજને સબલ વિશ્વાસો રે... -શ્રી ચિંતામણિ પાર્શ્વ જિન સ્તવના

'ચિત્ત ચાહે પ્રભુ ચાકરી રે...'

મન અને ચિત્ત શબ્દને ક્યાંક એકબીજાના પર્યાય રૂપે પણ વપરાયા છે પરંપરામાં. એ ભિન્ન પણ દર્શાવાયા છે.. 'તચ્ચિત્તે, તમ્મણે...'

ચિત્તનો અર્થ ચિતિશક્તિ સાથે, ચૈતન્ય સાથે સંકળાયેલી ઘટના એવો કરી શકાય. મન એટલે વિચારો કરનાર / મનન કરનાર એક તત્ત્વ.

તો, ચિત્તના સ્તર પરનું દર્શન એટલે કે અસ્તિત્વના સ્તરનું દર્શન.

આવું દર્શન ક્યારે થાય ?

ધારો કે તમારે પ્રભુના પ્રશમરસનું દર્શન કરવું છે. શી રીતે એ થશે ? બે સજ્જતાઓ તો છે જ; 'મન ચાહે મળવાને કાજ, નયન ચાહે પ્રભુ નીરખવા રે..'; પણ પ્રભુના પ્રશમરસનું દર્શન કરવા માટે આ બે ઉપરાંત ત્રીજી આવશ્યકતા જે છે, એના પરત્વે અંગુલિ નિર્દેશ થયો : 'ચિત્ત ચાહે પ્રભુ ચાકરી રે...'

•

અસ્તિત્વના સ્તરનું પ્રભુગુણનું દર્શન કરવું છે. વિકલ્પો / વિચારો ન હોય અને તમે - માત્ર તમે હો ત્યારે આવું દર્શન થઈ શકે.

મનના સ્તર પર વિકલ્પો છે. સંજ્ઞાવાસિત મન માત્ર ને માત્ર વિચારોમાં ઊલઝેલું રહેશે. 'આ સારું, આ ખરાબ...' 'પેલી વ્યક્તિ સારી, આ વ્યક્તિ ખરાબ...' સતત ચાલતી આ ઊલઝન તમને પ્રભુગુણ જોવા નહિ દે. ધુમ્મસ જ ધુમ્મસ છે, ગાઢ ધુમ્મસ; તો સૂર્ય ક્યાંથી દેખાશે ?

•

સરળતા ખાતર મન અને ચિત્તને આપણે આ રીતે વિભાજિત કરી શકીએ : સંજ્ઞાવાસિત મન તે મન. આજ્ઞાવાસિત મન તે ચિત્ત.

રાગ, દ્વેષ, અહંકાર આદિ અનાદિની સંજ્ઞાઓથી ઊભરાતું મન તે સંજ્ઞાવાસિત મન.

પ્રભુની આજ્ઞાથી વાસિત મન તે આજ્ઞાવાસિત મન.

પ્રભુની નિશ્ચય આજ્ઞા આ છે : 'તું તારામાં સ્થિર થા !' સ્વરૂપ દશા ભણી જવાની ઝંખના જેના ચિત્તમાં પડેલી છે તેવો સાધક રાગ-દ્વેષના વિકલ્પોથી પર રહેવાની જ કોશિશ કરશે. અને એવી નિર્વિકલ્પ ક્ષણોમાં એ પ્રભુના ગુણોનું દર્શન કરશે.

•

પ્રભુના પ્રશમરસ રૂપ ગુણનું દર્શન...

અતીત કાળમાં પ્રભુના સમવસરણમાં જવાનું થયેલું. પણ એ સમયે પ્રભુના પ્રશમરસને જોઈ ન શકાયો... માત્ર ચોસઠ ઈન્દ્રો અને સમવસરણની ઋદ્ધિ જ જોવાયેલી.

આ જન્મમાં અનુભવવો છે પ્રશમરસ. દર્શન... તીવ્ર ઝંખના.. ને અનુભૂતિ ! ભીતર પ્રસરી રહેલ પ્રશમરસનો અનુભવ થયા કરે.

અનુભવ અલપ-ઝલપ થશે.. એ જતો પણ રહેશે. અનુભવના સાતત્ય માટેનું સૂત્ર વીરવિજય મહારાજે આપ્યું : 'અનુભવ રંગ વધ્યો ઉપયોગે, ધ્યાન સુપાન મેં કાથા ચૂના; ચિદાનંદ ઝકઝોલ ઘટા સે..'

ઉપયોગ / જાગૃતિ સતત એ બાજુ રહે. અથવા તો એમ કહીએ કે વારંવાર એ તરફ રહે. કારણ કે એ અનુભૂતિનો આનંદ એવો તો તીવ્ર હોય છે કે વારંવાર એ બાજુ ઉપયોગ જશે. મોહના ઉદયે ક્રોધ આદિનો અનુભવ પણ થઈ શકે છે. પરંતુ ફરક એ પડ્યો કે ભીતરની એ જે અનુભૂતિ થઈ છે; એનો જે આનંદ વેદાયો છે; એ વારંવાર ઉપયોગને એ બાજુ લઈ જશે.

'અનુભવ રંગ વધ્યો ઉપયોગે..' જેમ જેમ ઉપયોગ સ્વગુણ તરફ વધુ ને વધુ ફંટાતો ગયો; તેમ તેમ અનુભવ સમૃદ્ધ બનવા લાગ્યો. ઉપયોગ વારંવાર જવાથી અનુભૂતિ વધુ સક્ષમ બની. અનુભવ એ ધ્યાનનો પર્યાય જ છે. ધ્યાન એટલે તમને તમારો અનુભવ. 'ધ્યાન સુપાન મેં કાથા ચૂના...' પાનમાં કાથો, ચૂનો... બધું ભળે એટલે એની લિજ્જત વધે. તેમ ધ્યાનમાં / અનુભવમાં ઉપયોગ ભળ્યો એટલે એનો આસ્વાદ વધ્યો... એ આસ્વાદ છે ચિદાનંદ દશાનો. ચિદ્ એટલે જ્ઞાન. એ જ્ઞાનદશા - જ્યાં જ્ઞાયકને જ જાણવાનો છે કે જ્ઞાયક જ જ્યાં જણાય છે - માં તો આનંદ જ આનંદ હોય ને !

•

પૂજ્ય ચિદાનંદજી મહારાજે પરમતારક નેમિનાથ પ્રભુના સ્તવનમાં પણ આ જ વાત કરી : 'પણ તુમ દરિસન યોગથી, થયો હૃદયે હો અનુભવ પ્રકાશ; અનુભવ અભ્યાસી કરે...'

પ્રભુ ! તારા પ્રશમરસનું દર્શન થયું અને મારા હૃદયમાં એક ઝબકાર થયો : 'ઓહ ! મારું સ્વરૂપ પણ આવું જ છે ! આ અનુભવની દૃઢતા માટે જરૂરી છે વારંવારનો અભ્યાસ. ઉપયોગને બીજે ક્યાંય પણ સ્થિર નહિ કરતાં, આ અનુભવ પર જ સ્થિર કરવાનો.'

આ જ ઘટનાને ભક્ત કઈ રીતે અનુભવે એનું મઝાનું બયાન આગળ આવ્યું : 'ત્રિકરણ જોગે વિનવું, સુખદાયી હો શિવાદેવીના નંદ; ચિદાનંદ મન મેં સદા, તુમે આવો હો પ્રભુ નાણદિણંદ..' મન, વચન, કાયાના યોગો વડે પ્રભુ ! તને પ્રાર્થું છું કે તમે સદા માટે મારા મનમાં રહો.

•

**'જિમ જિનવર આલંબને, વધે સધે એકતાન હો મિત્ત; તિમ તિમ આત્માલંબની, ગ્રહે સ્વરૂપ નિદાન હો મિત્ત...'** આ કડી પર આપણો

સ્વાધ્યાય ચાલી રહ્યો છે. પ્રભુનું આલંબન લઈ સાધક જેમ જેમ તેમાં એકાકાર થતો જાય છે, તેમ તેમ તે સ્વરૂપાવલંબી થતો જાય છે. અને એમ કરતાં તે સ્વરૂપ દશાને પ્રાપ્ત કરે છે.

આ સાધનાસૂત્રમાં આવેલ 'જિનવર આલંબન'ને આપણે જિન-ગુણ આલંબન અને જિનસ્વરૂપાલંબન એ રીતે વિભાજિત કરી શકીએ.

•

જિનગુણના દર્શનથી નિજગુણનું દર્શન અને જિનગુણની અનુપ્રેક્ષાથી નિજગુણની અનુભૂતિ કેમ થાય તે આપણે પ્રશમ ગુણના માધ્યમે જોયું.

પ્રશમની જેમ જ, વીતરાગ દશા, આનંદ, ઉદાસીન દશા આદિ ગુણોની પણ અનુભૂતિ કરી શકાય.

•

હવે જિનસ્વરૂપ દર્શન દ્વારા નિજસ્વરૂપ દર્શન અને જિન-સ્વરૂપાનુપ્રેક્ષાથી નિજસ્વરૂપાનુભૂતિ કેમ થાય તે જોઈએ.

પ્રભુના નિર્મળ સ્વરૂપની વાત કરતાં પૂજ્ય દેવચન્દ્રજી મહારાજે કહ્યું : 'મોહાદિકની ઘૂમિ અનાદિની ઊતરે હો લાલ, અમલ અખંડ અલિપ્ત સ્વભાવ જ સાંભરે હો લાલ...'

પ્રભુ છે અમલ : રાગ-દ્વેષાદિના મલથી રહિત. પ્રભુ છે અખંડ : જેમની આત્મદશા સતત આવી જ શાશ્વતીના લય સુધી રહે તે અખંડ. પ્રભુ છે અલિપ્ત : કર્મ દ્વારા ન લેપાયેલ.. કર્મમુક્ત...

•

જિનસ્વરૂપ દર્શનમાં પ્રભુની નિર્મળ આત્મદશાનું દર્શન થશે... એ દર્શન થતાં શું શું ભાવાનુભૂતિ ભાવકને થાય છે, એનું વર્ણન પૂજ્ય દેવચન્દ્રજી મહારાજે પાંચમા સ્તવનમાં આપ્યું છે : 'તાહરી શુદ્ધતા ભાસ આશ્ચર્યથી ઊપજે રુચિ...' પ્રભુ ! તારી આ નિર્મળ આત્મદશાનું દર્શન થતાં વેંત આશ્ચર્ય થાય છે : અરે, આવી નિર્મળ દશા પણ હોઈ શકે છે ! એ પછી એ ગમે છે.. તીવ્ર રીતે એ દશાને પામવાની ઝંખના થાય છે અને તેનો અનુભવ પણ થાય છે.

આ જ રીતે અખંડ આત્મદશા અને અલિપ્ત દશાનો પણ અનુભવ થાય.

■ ■ ■

(૯)

## સારાંશ

મઝાની સાધના પૂજ્ય દેવચન્દ્રજી મહારાજે અહીં આપી :

જિનગુણ દર્શનથી નિજ ગુણાનુભૂતિ...

જિનસ્વરૂપ દર્શનથી નિજ સ્વરૂપાનુભૂતિ...

પ્રભુનું દર્શન આપણે કેવી રીતે કરીએ કે આપણે આપણા ગુણો અને સ્વરૂપની આંશિક અનુભૂતિ કરી શકીએ એનો મધુરો માર્ગ અહીં બતાવાયો છે.

## (૧૦)

## આધારસૂત્ર

**તાહરી શુદ્ધતા ભાસ આશ્ચર્યથી,**
**ઊપજે રુચિ તેણે તત્ત્વ ઈહે;**
**તત્ત્વરંગી થયો દોષથી ઊભગ્યો,**
**દોષત્યાગે ઢળે તત્ત્વ લિહે... ૫/૮**

●

પ્રભુ ! દેવાધિદેવ ! સુમતિનાથ ભગવાન !

(૧) તારી નિર્મલ દશાને જોઈને આશ્ચર્ય થાય છે કે અહો, આવી અપૂર્વ નિર્મલ દશા ! આવી નિર્મલતા તો ક્યાંય દેખી જ નથી.

(૨) એ નિર્મલ દશા ગમે છે.

(૩) અને એ નિર્મલતા મારામાં ક્યારે, કેમ પ્રગટે એની ઈચ્છા થાય છે.

(૪) એ ઈચ્છા સઘન બને છે. એક પ્રબળ ઝંખના. નિર્મલતા મને ક્યારે મળે, ક્યારે મળે, ક્યા... રે ? અસ્તિત્વના સ્તર પર એ ઝંખના સ્થાયી બને છે. નિર્મલ દશાની ઝંખનાના રંગે અસ્તિત્વ રંગાઈ જાય છે.

(૫) હવે દોષો - અશુદ્ધિઓ (રાગ, દ્વેષ આદિની) ડંખે છે.

(૬) અશુદ્ધિઓ જાય છે અને

(૭) નિર્મલ દશાનો આસ્વાદ મળે છે.



# ૧૦

## સ્વાનુભૂતિનું પૂર્વ ચરણ : આંતરિક નિર્મલતા

શિવસૂત્રમાં એક સરસ સૂત્ર આવે છે :

'विस्मयो योगभूमिका ।' યોગમાં, સાધનામાં પ્રવેશ કરવાનું દ્વાર છે વિસ્મય. આશ્ચર્ય.

'સ્નાતસ્યા૰' સૂત્રમાં એક રોમહર્ષક પ્રસંગની વાત ગૂંથાઈ છે. ઈન્દ્રાણી મા પ્રભુને મેરુપર્વત પર, અભિષેક પછી, જોઈ રહ્યાં છે. પ્રભુનું દર્શન કરતાં તેઓ આશ્ચર્યચકિત બને છે :[1] 'આવું રૂપ ! આવું અદ્‌ભુત રૂપ !' આમ પણ, પ્રભુનું રૂપ એટલે તો રૂપની અંતિમ સરહદ. કરોડો દેવો ભેગા થઈને પોતાનાં રૂપના જથ્થાને એકઠો કરે, તોય એ રૂપ પ્રભુના ચરણના અંગૂઠા જેટલું પણ થતું નથી.[2]

---

(૧) સ્નાતસ્યાપ્રતિમસ્ય... રૂપાલોકન વિસ્મયા૰

(૨) કોડિદેવ મીલ કે કર ન સકે, એક અંગૂષ્ઠ રૂપ પ્રતિછંદ;
ઐસો અદ્‌ભુત રૂપ તિહારો, વરસત માનું અમૃત કે બુંદ.

- મહો. યશોવિજયજી

પ્રભુના આ રૂપને જોઈને ઈન્દ્રાણી માતા આશ્ચર્યચકિત બને છે. અને પછી ભાવવિભોર બને છે.

કેવી ભાવવિભોરતા !

પ્રભુને જોતાં આંખોમાં હર્ષાશ્રુ આવ્યાં છે. પણ એ આંખોની ભીનાશ પ્રભુના મુખ પર પ્રતિબિંબિત થાય છે. તેમને લાગે છે કે પ્રભુનું મુખ ભીનું છે, ભીનું છે... ભીનું છે... અને તેથી વારંવાર પ્રભુના મુખને લૂછી રહ્યાં છે.

આશ્ચર્ય પછી દર્શનનો આનંદ.

શું આ બેઉ તત્ત્વોને અરસપરસ સંબંધ છે ?

હા.

આશ્ચર્ય અદ્‌ભુત ઘટના છે. આશ્ચર્ય જ કોઈ પણ સાધનાને સપ્રાણ બનાવી શકે છે. આશ્ચર્યનો ભાવ ન આવે તો મોટી શક્યતા એ છે કે સાધના શુષ્ક બની જાય. કૉન્શ્યિન્સ માઈન્ડ શું કરે છે, ખ્યાલ છે ? શરીર દેરાસરમાં બેઠેલ હોય અને એ ક્યાંય ફરતું હોય... દર્શનનો આનંદ શી રીતે મળે ?

આશ્ચર્ય કૉન્શ્યિન્સ માઈન્ડને, થોડીવાર માટે પણ, સુવાડી શકે છે.

તમે પણ અનુભવી શકો છો એ વાત... મુનિરાજ કે સાધ્વીજી ભગવતી સવારે ઊઠીને પહેલું કાર્ય રજોહરણને મસ્તકે લગાવવાનું કરે છે. એક આશ્ચર્ય મનમાં થાય છે : ‘ઓહ ! પ્રભુનું આ અનુપમ દાન મને મળી ગયું છે !’ ને તરત જ આંખો ભીની બને છે તેમની. અને એ આંખોની ભીનાશ કહેતી હોય છે : ‘પ્રભુ ! મારી કોઈ સજ્જતા નહિ, લાયકાત નહિ; અને છતાં તારું આ અપૂર્વ વરદાન મને મળી ગયું !’

તમે પણ આવું કરી શકો. સવારે પ્રતિક્રમણ કરો ત્યારે ચરવળા-મુહપત્તીને મસ્તકે લગાવો. 'ઓહ ! આ અપૂર્વ ભેટ પ્રભુની મને મળી ગઈ છે !' તરત જ આંખો ભીની બનશે.

'નમુત્થુ ણં' સૂત્ર બોલતાં પહેલાં જો આ ભાવ આવે કે વાહ ! છવ્વીસસો વર્ષ પૂર્વે ગણધર ભગવંતોએ રચેલ આ પ્રાસાદિક રચના આજે મારા સુધી આવી ગઇ છે ! અને હું એના ઉચ્ચારણ દ્વારા પ્રભુનાં ચરણોમાં વંદન કરીશ... આંખો ભીની બને જ.

•

'विस्मयो योगभूमिका'નું સૂત્ર ઘણી સાધના-પરંપરાઓમાં છે.

એક ઝેન કથા યાદ આવે છે. શિષ્ય ગુરુની પાસે ગયો. વંદન કરીને પૂછે છે : ગુરુદેવ ! ભગવાન બુદ્ધના ચહેરા પર કેવી શાંતદશા/પ્રશમરસ હશે ?

ગુરુ પાટ પર બેઠેલ. બાજુમાં બારી હતી, સળિયા વગરની. ગુરુએ શિષ્યની બોચી પકડી. અને બારીમાંથી એને નીચે ફેંક્યો. ૬-૭ ફૂટ નીચે જ જમીન હતી. અને રેતી પથરાયેલી હતી. એથી વાગવાનું ન હતું. પણ આંચકો તો લાગે જ. 'ગુરુએ આ રીતે ફેંક્યો મને ?' આઘાત. આશ્ચર્ય.

અને એ વખતે ગુરુ બારીમાંથી ડોકિયું કરે છે. શિષ્ય ચત્તોપાટ પડેલ છે. ગુરુ એને પૂછે છે : 'બેટા ! હવે ખ્યાલ આવ્યો કે બુદ્ધ ભગવાનના ચહેરા પર કેવો પ્રશમરસ હશે ?' શિષ્યે કહ્યું : 'હા જી.' બે મિનિટમાં જ તે ઊભો થઈને ગુરુની ચેમ્બરમાં આવ્યો. ગુરુનો ખૂબ ખૂબ આભાર માન્યો.

અહીં ગુરુએ વિસ્મય દ્વારા શિષ્યને આગળ વધાર્યો. પહેલાં ગુરુએ જોયેલું કે શિષ્યનો પ્રશ્ન જિજ્ઞાસાના સ્તરનો જ હતો... કૉન્શિયન્સ

માઈન્ડના સ્તરનો. ઉત્તર આપવાનો બહુ અર્થ નહોતો. ઉત્તર અપાયો હોત તો પણ એ ઉપરના જ મનમાં રહી જાત. ભીતર એની કોઈ હલચલ ન હોત. ગુરુએ ધક્કો માર્યો. આશ્ચર્ય. કૉન્શ્યિન્સ માઈન્ડ સહેજ સૂઈ ગયું. ગુરુએ પોતાનું મુખ બતાવ્યું. ગુરુના મુખ પર રહેલ અદ્ભુત શાંતિને જોતાં જ એને થયું કે ગુરુના મુખ પર આવી અદ્ભુત શાંતિ છે, તો બુદ્ધ ભગવાનના મુખ પર તો અપાર પ્રશમરસ હોય જ ને !

આશ્ચર્યની પૃષ્ઠભૂ પરનું દર્શન આ હતું.

•

આપણે પ્રભુનું દર્શન કરીએ છીએ. પણ યંત્રવત્ એ પ્રક્રિયા થતી હોય છે. જેને કારણે પ્રભુની નિર્મલતા, એમનો અદ્ભુત પ્રશમરસ કશું જ દેખાતું નથી.

પ્રભુની નિર્મલ, અતિ નિર્મલ દશાના દર્શન દ્વારા આપણામાં એ નિર્મલતા, આંશિકરૂપે પણ, કઈ રીતે પ્રગટે એ માટે પૂજ્ય દેવચન્દ્રજી મહારાજે પરમતારક શ્રી સુમતિનાથ પ્રભુની સ્તવનામાં સાત ચરણો આપ્યાં છે. એ પૈકીનું પહેલું ચરણ તે આશ્ચર્ય. વિસ્મય. ‘તાહરી શુદ્ધતા ભાસ આશ્ચર્યથી...’

•

ગુર્જિએફે એક સરસ પ્રયોગ, આ સંદર્ભમાં કરેલો, તે યાદ આવે છે. એક સાધક સમી સાંજે ગુર્જિએફ પાસે આવે છે. વિનંતી કરે છે : ગુરુદેવ ! મને સાધના દીક્ષા આપો !

ગુર્જિએફ તૈયાર જ હતા. પણ એમણે જોયું કે શિષ્ય તૈયાર નથી. શિષ્યને તૈયાર કરવાનું કામ પણ ગુરુ જ કરે ને ! પહેલાં એને તૈયાર કરવો. પછી એને પરમરસ આપવો, પીવડાવવો.

ગુરુએ કહ્યું : 'આ હૉલમાં ઉપરનો લાકડાનો બીમ (પાટડો) સુથારો વ્યવસ્થિત ગોઠવતા હતા. પણ એમનો સમય થયો એટલે તેઓ જતા રહ્યા. તું જરા ઉપર ચઢી જા તો !' સાધક ઉપર ચઢ્યો. ગુરુ એને માર્ગદર્શન નીચેથી આપે છે : 'થોડોક જમણો બીમ સરકાવ.' એણે જમણે સરકાવ્યો. ગુરુ કહે : 'અરે, આ તો વધારે જતો રહ્યો જમણી બાજુ. વચ્ચોવચ ન રહ્યો. હવે થોડોક ડાબે સરકાવ..' એમ, ગુરુ જમણો, ડાબો... જમણો, ડાબો... બોલતાં જ ગયા. સાધક થાકી ગયો. એક સરખું, કડાકૂટનું કામ. આખા દિવસનો પણ થાકેલો. સહેજ ઝપકી લાગી ગઈ; ઊંઘ આવી ગઈ... ગુરુ જુએ છે કે બરોબર બેઠો છે, પડે એમ નથી. ૧-૨ મિનિટ એને ઊંઘવા દીધો અને ગુરુએ નીચેથી બૂમ મારી : 'એય, શું કરે છે ?' પેલો ગુરુ તરફ જુએ છે. પણ કૉન્શિયન્સ માઈન્ડ સૂતું છે. એ એક ક્ષણ, ગુરુએ એની આંખોમાં જોયું. સાધક ત્યાં જ પામી ગયો.

શું હતું આ ?

તમને પણ આવો અનુભવ થાય. ક્યારેક મહેમાનગતિએ ગયા હો. રાત્રે બે વાગ્યે બાથરૂમ જવા માટે બેઠા થઈ જાવ. અંધારું છે. એક ક્ષણ ખ્યાલ નથી આવતો કે તમે ક્યાં છો... કારણ બહુ જ મઝાનું છે, અને સાધનાની દૃષ્ટિએ મહત્ત્વનું. એ ક્ષણે તમે જાગો છો. કૉન્શિયન્સ માઈન્ડ સૂતેલ છે. ત્રીસેક સેકન્ડમાં જ એ જાગૃત થઈ જાય છે. બધી યાદ તમને આવે છે. તમે ક્યાં છો, કાલે બાથરૂમ માટે ક્યાં ગયેલા...

ગુર્જિએફે આ તક પકડી. સાધક જાગ્યો. એની વિચારશક્તિ સુષુપ્ત છે. ગુરુએ જોયું. એ એક ક્ષણ ગુરુએ પકડી લીધી. શક્તિપાત થઈ ગયો.

વિસ્મયની ક્ષણોમાં બને છે એવું જ અહીં બનેલું હતું ને ! કૉન્શિયન્સ માઈન્ડ ગેરહાજર, તમે હાજર !

•

બોલો, વિસ્મયની પૃષ્ઠભૂ પર પ્રભુનું દર્શન કરો તો એ દર્શન તમે કરેલ કહેવાય ને ? પ્રભુનું દર્શન. પ્રભુની નિર્મલ દશાનું દર્શન.

'તાહરી શુદ્ધતા ભાસ આશ્ચર્યથી...'

વિસ્મય. પહેલું ચરણ.

•

બીજું ચરણ : રુચિ. 'ઊપજે રુચિ...'

વિસ્મયની પૃષ્ઠભૂ પર નિર્મલ દશાનું દર્શન થયું. હવે એ પ્રભુની નિર્મલ દશા ગમે છે. એમ લાગે છે કે આ તો બેહદ સુંદર ઘટના છે.

આશ્ચર્ય અહીં ગમામાં - અત્યંત ગમામાં ફેરવાય છે. આ રુચિ - ગમો કામ એ કરશે કે બીજા પદાર્થો અને બીજી વ્યક્તિઓ પરનો ગમો ઊડી જશે.

એ પ્રીત - એ પરમ પ્રીત હૃદયમાં આવે ત્યારે શું થાય એની વાત મહોપાધ્યાયશ્રી યશોવિજય મહારાજે એક સ્તવનમાં કહી : 'પૂરન મન સવિ પૂરન દિસે, નહિ દુવિધા કો લાગ...' પ્રભુની પ્રીતથી મન પૂર્ણ થયું તો બધે જ બધું જ પૂર્ણ દેખાશે. દરેક વ્યક્તિમાં રહેલી પૂર્ણતા દેખાશે. આનંદ જ આનંદ.

રુચિ.

પરમ પ્રીત.

એ માટે જ તો આપણે આ જન્મમાં આવ્યા છીએ. પ્રભુનું દર્શન થાય અને આંખો ભરાઈ જાય. પ્રભુ ! તું જ તો મને અહીં સુધી - મનુષ્યત્વના દ્વાર સુધી, ભક્તિની પગથાર સુધી લઈને આવ્યો. પ્રભુ ! તારા આ ઋણમાંથી મને મુક્તિ શી રીતે મળે ?

આપણે જે પણ નાની એવી પણ સાધના કરીશું તેય ઋણમુક્તિનો જ એક નાનકડો આયાસ હશે. આ ભાવદશામાં ભક્ત જે ભક્તિ કરે છે, એને સકારણ ભક્તિ કહેવાય છે. પણ એ પછી નિષ્કારણ ભક્તિ મળે છે. એને ભક્તિ માટેની ભક્તિ કહેવામાં આવે છે. Devotion for devotion.. ત્યાં કોઈ જ કારણ નથી. પ્રભુને ચાહ્યા વિના નથી રહી શકાતું માટે ભક્તિ કરું છું આ ભાવ છે.

દૂધ કોઈ પીએ તો શક્તિ માટે પીએ. પણ ચાનો શોખીન માણસ બબ્બે કલાકે ચા પીએ... તેને પૂછો તો શું કહે ? ચા વિના રહેવાતું નથી.

નિષ્કારણ ભક્તિની ધારામાં ભક્તિનું પ્રાધાન્ય રહે છે. મારા મોક્ષ માટે હું ભક્તિને સ્વીકારું, તો મારો મોક્ષ પહેલા ક્રમાંક પર જશે. ભક્તિ બીજા નંબર પર... પરંતુ નિષ્કારણ ભક્તિમાં તો ભક્તિ જ પ્રથમ ક્રમાંક પર છે.

મહોપાધ્યાયશ્રી યશોવિજયજી મહારાજે સ્તવનામાં કહ્યું : 'મુક્તિથી અધિક તુજ ભક્તિ મુજ મન વસી, જેહસું સબળ પ્રતિબંધ લાગો...'

•

બીજા ચરણની વાત આપણે કરી રહ્યા છીએ. 'રુચિ.' પ્રભુની પરમ નિર્મલતા ગમે છે... પ્રભુ ખૂબ ખૂબ ગમે છે.. 'મેરે પ્રભુસું પ્રગટ્યો પૂરન રાગ...'

આ પ્રભુપ્રીતની, પ્રભુગુણપ્રીતની ધારા ત્રીજા ચરણે નિર્મલતા રૂપી તત્ત્વની ઈચ્છામાં પરિણમે છે. 'મને શું આવી નિર્મલતા - આંશિક રૂપે પણ - મળી શકે ખરી ?'

•

અહીં ઈચ્છા છે; છતાં આ ઈચ્છાથી પ્રાપ્તિ દૂર છે.

કેમ ?

આ ઈચ્છા તીવ્ર ઝંખનામાં ન ફરેવાય ત્યાં સુધી પ્રાપ્તિ દૂર જ રહેશે.

•

ઘણી વખત સાધકને પ્રશ્ન થતો હોય છે : 'મેં ઈચ્છા તો બહુ કરી. કાર્ય કેમ થતું નથી ?' સામાન્ય ઈચ્છા કાર્યપ્રાપક નથી બની શકતી.

ઠીક છે, મળે તો લઈ લઈએ. નહિતર, પછી આગળ... પછીના જન્મમાં ! આ ઈચ્છાથી પ્રાપ્તિ નથી થતી.

પ્રભુ પણ કેમ મળતા નથી ? કારણ આ જ છે : પ્રભુ જ જોઈએ અને પ્રભુ જોઈએ જ; આ ભૂમિકા વિના પ્રભુનું મિલન શક્ય કઈ રીતે બને ? તમે જે ક્ષણે નક્કી કરો છો કે પ્રભુ જોઈએ જ... એ ક્ષણે તમારી એ તૈયારી હોય છે કે આના માટે જે પણ કરવું પડે તે કરીશ... સદ્‌ગુરુને પૂછીશ. તેઓ કહેશે તે બધું જ કરીશ. પણ મને પ્રભુ મળવા જ જોઈએ.

એક યુવાન સદ્‌ગુરુ પાસે આવ્યો. એને પ્રભુમિલનની તીવ્ર તડપન હતી. એણે પૂછ્યું : ગુરુદેવ ! મને પ્રભુ કેમ મળે ?

સદ્‌ગુરુએ પ્યારું સૂત્ર આપ્યું : 'તુમ મીટો તો મિલના હોય...' એ યુવાને પોતાના 'હું' ને પરિઘમાં મૂકી દીધું. કેન્દ્રમાં પ્રભુ આવી ગયા !

•

આ હતી ઉત્કટ ઈચ્છા. તીવ્ર ઝંખના. ત્રીજા ચરણે સામાન્ય ઝંખના છે : મને પણ પ્રભુની નિર્મલતાનો અંશ મળો.

એટલે, ચોથા ચરણે ઝંખનાને તીવ્ર બનાવવી છે. એ ચરણનું નામ પણ મઝાનું છે : તત્ત્વરંગ... નિર્મલતાની પ્રબળ ઝંખના દ્વારા પૂરું અસ્તિત્વ રંગાઈ જાય છે... અસ્તિત્વ પૂરેપૂરું ઝંખે છે આ નિર્મલતાને. પૂરું અસ્તિત્વ ઝબોળાઈ ગયું છે આ ઝંખનામાં.

ભક્તિમતી મીરાં યાદ આવે : 'લાલ ન રંગાઉં, હરી ન રંગાઉં, તેરે હી રંગ મેં રંગ દે ચુનરિયાં...' અને એ રંગ અસ્તિત્વના સ્તર પર જવો જોઈએ એની પ્રાર્થના કરતાં મીરાં આગળ વધે છે : 'ઐસા હી રંગ દે કી રંગ નાહી છૂટે, ધોબિયા ધૂએ ચાહે સારી ઉમ્મરિયાં...' પ્રભુની ભક્તિનો રંગ અસ્તિત્વના સ્તર પર એવો તો છવાઈ જાય કે રાગ-દ્વેષના ધોબીઓ ગમે તેટલો પ્રયત્ન કરે તોય એ રંગ ઊતરે નહિ.

•

તીવ્ર ઝંખના.

પૂરું અસ્તિત્વ આ ઝંખનામાં ડૂબી ગયું હોય.

એક પ્રાચીન ઘટના યાદ આવે.

પાસીલ નામનો શ્રાવક પાટણ શહેરમાં વ્યવસાયાર્થે આવેલ. પણ એ પ્રભુના ભક્ત હતા. એટલે પાટણના જિનાલયમાં ભક્તિ કરવા ગયા. પરમાત્મા બહુ જ મોટા. પાસીલ તો પ્રભુને જોઈને નાચવા લાગ્યા... આંખે શ્રાવણ-ભાદરવો. ગળે ડૂસકાં...

પ્રભુભક્ત ચૈતન્યદેવે શિક્ષાષ્ટકમાં કહ્યું છે :

नयनं गलदश्रूधारया, वदनं गद्‌गदरुद्धया गिरा ।
पुलकैर्निचितं वपुः कदा, तव नामग्रहणे भविष्यति ॥

પ્રભુનું નામ લેતાં, એનું દર્શન કરતાં આંખો અશ્રુસભર હોય, ગળે ડૂસકાં અને શરીરે રોમાંચ હોય...

ભક્તિયોગાચાર્ય રામવિજય મહારાજ સ્તવનામાં કહે છે : 'સુણતાં જનમુખ પ્રભુની વાત, હરખે મારી સાતે ધાત...'

કેટલી અદ્ભુત વાત !

પ્રભુની વાત સાંભળતાં, એનું નામ સાંભળતાં લોહી, માંસ, ચરબી અને હાડકાં સુધી સુખની અનુભૂતિ થાય.

•

પાસીલની ભક્તિ આવી હતી. ભગવાન બહુ મોટા હતા. પાસીલ વિચારે છે કે પ્રભુ કેટલા મોટા છે, જરા માપ લઉં. પોતાની વેંતથી એ પ્રભુને માપે છે.

એ વખતે હાંસી નામની શ્રાવિકા ત્યાં આવે છે. પાસીલની એ પરિચિતા હતી. એણીએ પૂછ્યું : પાસીલભાઈ, આવડી મોટી પ્રભુની મૂર્તિ તમારે ભરાવવી છે કે શું ?

પાસીલની આર્થિક પરિસ્થિતિ એટલી સારી નહોતી. પણ એણે કહ્યું : બહેન ! આવડા મોટા ભગવાન જ ભરાવવા છે એટલી જ ઈચ્છા નથી; એ પ્રભુને પધરાવી શકાય એવું ભવ્ય જિનાલય બનાવવાના પણ કોડ છે.

પાસીલ ઘરે જાય છે; આરાસુર નગરીમાં. ઝંખના તીવ્ર બને છે. આર્થિક પરિસ્થિતિ એકદમ ઊંચકાય છે. અને પાસીલ ભવ્ય જિનાલય બનાવરાવે છે, એવડા મોટા પ્રભુજી પણ ભરાવે છે અને પ્રભુપ્રતિષ્ઠા બહેન હાંસીના હાથે કરાવે છે.

એ જિનાલય તે જ આજનું કુંભારિયાજી તીર્થનું નેમિનાથ દાદાનું ભવ્ય જિનાલય.

•

તીવ્ર ઝંખના.

પ્રભુની નિર્મલદશાનો અંશ મને ક્યારે મળે, ક્યારે મળે, ક્યા..રે મળે ? એ જ જોઈએ, એ જ જોઈએ...

આવી ઝંખનાના સંદર્ભમાં સંત કબીરજી એક સરસ વાત કરે છે : 'સબ તન શ્રવણ.' સાંભળવાની - પ્રભુના ગુણોને સાંભળવાની અદમ્ય ઝંખના શું કરે ? કાનને જ માત્ર એ પૂરા ઝંકૃત કરે એમ નહિ. 'સબ તન શ્રવણ...' પૂરું શરીર કાન બની જાય !

•

તીવ્ર ઝંખના.

ભક્તિમતી મીરાંની પ્રભુપ્રાપ્તિ માટેની ઝંખના તીવ્ર તડપનમાં ફેરવાયેલી. મીરાંએ પ્રભુને કહેલું : 'તડફ તડફ જીવ જાસી..' પ્રભુ ! તું કેટલું તડપાવીશ ? તડપી તડપીને મારા પ્રાણ નીકળી જશે. આ તડપન... અને પ્રાપ્તિ...

પૂજ્યપાદ આનંદઘનજી ભગવંતે પણ કહેલું : 'આનંદઘન બિન પ્રાણ ન રહે છિન, કોટિ જતન કરી લીજે...' પ્રભુ ! તારા વિના એક ક્ષણ પણ મારા પ્રાણ નહિ રહે... તીવ્ર ઝંખના... અને પ્રાપ્તિ.

તીવ્ર ઝંખના... ચોથું ચરણ.

•

પાંચમું ચરણ છે દોષોનો ડંખ.. નિર્મલ દશા ગમે છે, તીવ્ર રૂપે ગમે છે; એનું પ્રતિફલન તો અશુદ્ધિના ડંખ રૂપે જ હોય ને !

ન આસક્તિજન્ય અશુદ્ધિ / દોષ ચાલે, ન દ્વેષજન્ય અશુદ્ધ પરિણતિ કે ન અહંકારજન્ય વૈભાવિક દશા.

•

ભક્તના સ્તર પર તમારી પાસે આ દૃષ્ટિબિન્દુ હોઈ શકે : પ્રભુને ગમે તે જ મને ગમે. પ્રભુને ન ગમે તે મને ન ગમે. મારામાં દોષો હોય તો તે પ્રભુને ગમશે ? ના, નહિ જ ગમે.. દોષો ખટક્યા.

•

એક સૂત્ર છે : દોષો ડંખ્યા એટલે ગયા. બીજું એવું સૂત્ર છે : ગુણો ગમ્યા એટલે મળ્યા.

ઘણીવાર આપણને લાગે કે હું ગુણાનુરાગી છું. પણ ચકાસવું જોઈએ કે એ ભ્રમ તો નથી ને !

ઘણીવાર કોઈ સાધકને કોઈ વ્યક્તિના ગુણો ગમે છે... પણ ઊંડું તપાસતાં ખ્યાલ આવે છે કે એ વ્યક્તિ ગમે છે, માટે એના ગુણો ગમે છે. અચ્છા, એ વ્યક્તિ કેમ ગમે છે ? કદાચ એવું હોય છે કે એ વ્યક્તિ પેલા સાધકના અહંકારને પંપાળતી હોય છે.

તો, આ ગુણાનુરાગ હતો કે અહંકારાનુરાગ ?

•

ગુણાનુરાગની એક સરસ ઘટના યાદ આવે છે. પાલનપુરના એક સાધક. એમના સ્નેહી મિત્રના યુવાન દીકરાએ સોળભત્તું કરેલ (સોળ ઉપવાસ). તેનું પારણું પારણા પાંચમના હતું. તેની પત્રિકા પાલનપુરના સાધક પર આવી. સાધકને ચોસઠપહોરી પૌષધ હતા. પર્યુષણા પર્વ પછી પણ વરઘોડો, ચૈત્ય પરિપાટી, તપસ્વી બહુમાન આદિ ઘણાં કાર્યક્રમો હતાં. એટલે વિચાર્યું કે અઠવાડિયામાં જઈ આવીશ. ૧૦-૧૨ દિવસ થઈ ગયા કામમાં. અને હવે તેઓ મુંબઈ જાય છે. રાત્રે નવ વાગ્યે સ્ટેશન પર ઊતર્યા. દશ વાગ્યે સ્નેહીને ત્યાં પહોંચ્યા.

યુવાન દીકરાની તો Job ચાલુ થઈ ગયેલી. રોજની જેમ રાત્રે પોણાદશે ઘરે આવેલ. અને દશ વાગ્યે ડાઈનીંગ ટેબલ પાસે જમવા બેઠેલ.

પેલા ભાઈ સોળભત્તાના તપસ્વીની શાતા પૂછવા આવે છે. અને એ યુવાન રાત્રે દશ વાગ્યે ગરમ ભાખરી અને શાક ખાઈ રહેલ છે.

સાધકને સ્નેહી મિત્રે સોફા પર બેસાડ્યા. થોડીવારમાં યુવાન જમીને આવ્યો. સાધકની આંખો ખરેખર ભીની થઈ ગઈ. તેમણે ખૂબ ભીના શબ્દોમાં કહ્યું : 'વાહ ! તમે કેવી તો સરસ તપશ્ચર્યા કરી ! અદ્ભુત... પ્રભુની કૃપા, ગુરુદેવનું પચ્ચક્ખાણ અને તમારો સંકલ્પ... સોળભત્તું થઈ ગયું.' ખૂબ અનુમોદના હૃદયપૂર્વક કરી. એ અનુમોદનાની પાછળ ખરેખર ગુણાનુરાગ હતો. એમણે વિચાર્યું : યુવાન સવારે બરોબર નાસ્તો કરીને ઘરેથી નીકળ્યો હશે. સાડાદશે કદાચ ચા પીધી હશે. ઑફિસમાં લંચ-અવરમાં ઘરેથી લાવેલ ટિફિનમાંથી ગરમાગરમ ભોજન જમ્યો હશે. બપોરે ચા અને ફ્રૂટ્સ કે હળવો નાસ્તો કર્યો હશે. તો પણ એને રાત્રે જમવા જોઈએ છે. આવા યુવાને આવડી મોટી તપશ્ચર્યા કરી ! વાહ ! ખૂબ અનુમોદના...

ગુલાબનું ફૂલ અને કાંટાનું નીતનું સાહચર્ય હોય છે. ગુલાબને કાંટા વીંધતું કોઈ જોશે તો એને એ નહિ જ ગમે. આટલા કુમળા ગુલાબની જોડે કાંટા ! પણ કોઈ કાંટામાં ગુલાબ જુએ તો.? એને કેટલો આનંદ થાય !

આપણે આ વિધાયક / પોઝિટીવ દૃષ્ટિમાં જવું છે.

•

'દોષથી ઊભગ્યો...' પાંચમું ચરણ. હવે આખી દૃષ્ટિ બદલાઈ ગઈ છે. બીજામાં માત્ર ગુણો જ દેખાય છે. પોતામાં દોષો. બીજામાં દોષો દેખાતા હતા, ત્યારે દોષયુક્ત સાધક પર દ્વેષ થતો. પોતામાં દોષ દેખાય છે ત્યારે એને કાઢવાનું મન થાય છે.

•

હું બાર-તેર વરસની વયનો હતો. દીક્ષાને એકાદ વરસ થયેલું. જૂનાડીસામાં અમે હતા. દાદાગુરુદેવ પૂજ્યપાદ ભદ્રસૂરીશ્વરજી દાદાના ઉપનિષદમાં મને બેસવાનું સૌભાગ્ય મળતું. દાદાગુરુદેવ ખૂબ વહાલ વરસાવતા !

એકવાર એવું બન્યું કે હું દાદાગુરુદેવ પાસે બેઠેલ. એક ભક્ત વંદનાર્થે આવેલ. દાદાને વંદન કરી મારી પાસે બેઠેલ. અને એમાં વાતવાતમાં એમણે કહ્યું કે ફલાણા ભાઈ બહારથી ધાર્મિક ગણાય છે. અંદર તો બધું પોલંપોલ છે. હું એ ગાડીમાં ચઢી ગયો. મેં કહ્યું : હા, મેં પણ આવું સાંભળ્યું છે. કોઈએ આવું કરવું ન જોઈએ...

પેલા ભાઈ ગયા પછી દાદાગુરુદેવે મને નજીક બોલાવ્યો. મારા માથા પર હાથ ફેરવતાં કહે : દીકરા, દીક્ષા પહેલાં તું વેપારીનો દીકરો હતો ને ? વેપારીનો દીકરો ક્યારેય ખોટનો ધંધો કરે ખરો ? મેં કહ્યું : ના કરે. મને કહે : હમણાં પેલા ભાઈ કોઈની નિંદા કરતા હતા... એ તો ગૃહસ્થ હતા. તું પ્રભુનો સાધુ છે. બેટા ! નિંદા આપણાથી કરાય? બીજું, નિંદા કરવાથી આપણને નુકશાન જ થાય ને ? પ્રભુની આજ્ઞાનું વિરાધન થાય, કોઈ આત્મા પર દ્વેષ થાય... કેટલું નુકશાન થાય ? હવે આવું નહિ કરતો હો !

•

છઠ્ઠું ચરણ : દોષત્યાગ.

દોષો ડંખ્યા કે ગયા.

દોષો ડંખ્યા એટલે એક જાગૃતિ આવી કે દોષો મારામાં ન જ જોઈએ.

આ જાગૃતિ શું કરે છે એ જોવાનું રસપ્રદ છે. તમે ચા પી રહ્યા છો. કદાચ તમારું સંજ્ઞાવાસિત મન આસક્તિમાં જઈ રહ્યું છે... એ

વખતે જાગૃતિ આવી જાય તો એ આસક્તિમાં ભળવાનું ન થાય. માત્ર જોવાનું થાય.

જાગૃતિને કારણે કર્મના ઉદયમાં વહેવાનું નહિ થાય. ઉદયાધીન ચેતના બને તો બંધ જ બંધ. અને ચેતના સ્વમાં જ રહી તો નિર્જરા જ નિર્જરા.

'સમયસાર'માં કુન્દકુન્દાચાર્યજી આ જ લયમાં કહે છે : 'कोहे कोहो..' ક્રોધ થયો તો ક્રોધને... મારે શું ? હું તો સ્વમાં જ છું.

•

દોષો ડંખ્યા પછી એ જાય જ... એ માટે એક સાધનાની ત્રિપદી બતાવી : આન્તરનિરીક્ષણ, સંકલ્પ અને જાગૃતિ.

રાત્રે આન્તરનિરીક્ષણ કરો કે દિવસમાં કયો દોષ આવી ગયેલો ? એક વ્યક્તિ પર ગુસ્સે થયેલ હતો પોતે. તરત પકડાશે કે શું એ ગુસ્સો જરૂરી હતો ? હસતા મોઢે, પ્રેમથી કહ્યું હોત એ વ્યક્તિને, તો સારું ન હતું ?

આન્તરનિરીક્ષણ દ્વારા આ દોષ - ક્રોધ પકડાયો. હવે સંકલ્પ કરો કે આ ક્રોધ અઠવાડિયા સુધી તો નથી જ કરવો. કદાચ એવી શક્યતા ઊભી થશે કે તરત જાગૃતિ તમને અટકાવશે...

•

છેલ્લું ચરણ : રાગ-દ્વેષ આદિ દોષોની શિથિલતા દ્વારા મળેલ આન્તરિક નિર્મલતા. 'ઢળે તત્ત્વ લિહે.' શુદ્ધિ રૂપ તત્ત્વના આસ્વાદ ભણી સાધક ઢળે છે.

■ ■ ■

## (૧૦)

## સારાંશ

સ્વાનુભૂતિમાં જવા માટે પૂજ્ય દેવચન્દ્રજી મહારાજ કહે છે તેમ પરનો અનુભવ છોડવાનો છે. (પુદ્ગલ અનુભવ ત્યાગ.) મતલબ કે રાગ, દ્વેષ, અહંકાર આદિને શિથિલ કરવાના છે.

એ દોષોને શિથિલ બનાવવાનો એક માર્ગ પૂજ્ય દેવચન્દ્રજી મહારાજે પરમતારક શ્રી સુમતિનાથ પ્રભુની સ્તવનામાં આપ્યો : પહેલાં તો પ્રભુની અદ્ભુત નિર્મલ દશાને જોતાં આશ્ચર્ય થાય છે. આશ્ચર્ય રુચિમાં - ગમામાં ફેરવાય છે. એ ગમો સાધક તરફ એ રીતે ફેરવાશે કે મારે પણ આ નિર્મલતાનો અંશ જોઈશે. આ ઝંખના તીવ્ર ઝંખનામાં ફેરવાશે. એ તીવ્ર ઝંખના દ્વારા રાગ, દ્વેષ આદિ દોષો ડંખશે. દોષો શિથિલ બનશે અને આત્મનિર્મલતા આંશિક રૂપે પ્રગટશે.

## (૧૧)

## આધારસૂત્ર

**મોહાદિકની ઘૂમિ અનાદિની ઊતરે હો લાલ,**
**અમલ અખંડ અલિપ્ત સ્વભાવ જ સાંભરે હો લાલ;**
**તત્ત્વરમણ શુચિ ધ્યાન ભણી જે આદરે હો લાલ,**
**તે સમતારસ ધામ સ્વામી મુદ્રા વરે હો લાલ. ૯/૪**

●

મોહનું જોર ઊતરતાં સ્વરૂપ બોધ થાય છે. પછી ક્રમશઃ સ્વરૂપ રમણતા, સ્વરૂપ ધ્યાન અને સ્વરૂપ પ્રાપ્તિ થાય છે.



# ૧૧

# સ્વરૂપદશા ભણીની યાત્રા

પૂજ્યપાદ દેવચન્દ્રજી મહારાજે પરમતારક શ્રી સુવિધિનાથ ભગવાનની સ્તવનામાં સ્વરૂપ બોધથી સ્વરૂપ પ્રાપ્તિની હૃદયંગમ સાધના આપી છે : સ્વરૂપ બોધ, સ્વરૂપ રમણતા, સ્વરૂપ ધ્યાન, સ્વરૂપ પ્રાપ્તિ.

•

સ્વરૂપ બોધ.

હું કેવો છું ?

'અમલ અખંડ અલિપ્ત...' હું રાગ-દ્વેષથી પર ઊઠેલી નિર્મલ ચેતના છું. હું અખંડાકાર ઉપયોગ સ્વરૂપી ચેતના છું. હું કર્મોથી અલિપ્ત ચેતના છું.

આ સ્વરૂપ બોધ મોહનીય કર્મના ક્ષયોપશમથી મળે છે. આનંદ સ્વરૂપ, પરના સંગથી અલિપ્ત એવું આત્મદ્રવ્ય હું છું.

જો કે, 'હું આનંદઘન ચૈતન્ય છું' આવો માત્ર શાબ્દિક બોધ તમને શરીરની ભૂમિકા સાથે જ જકડી રાખશે. અથવા અહંકારની ભૂમિકા સાથે.

ઘણા આધ્યાત્મિક ગ્રંથોને જાણનાર સાધકને કોઈ કહે કે તમે તો બહુ જ્ઞાની છો; અને એ સાંભળતાં સાધકની ભીતર અહંકાર ઊછળી આવે, તો એણે માનવું જોઇએ કે તેની પાસે માત્ર જ્ઞાનાવરણીયનો ક્ષયોપશમ છે. મોહનીયનો નહિ.

હું નાનો હતો ત્યારની એક ઘટના યાદ આવે છે. પરમપાવન પાલીતાણામાં પૂજ્યપાદ ગુરુદેવશ્રીની નિશ્રામાં અમારું ચાતુર્માસ.

એ પૂરું ચાતુર્માસ પૂજ્ય પંન્યાસપ્રવર શ્રી અભયસાગરજી મહારાજની વાચનાઓ સાંભળેલી. તેઓશ્રી વારંવાર કહેતા : સાધનામાર્ગમાં આગળ જવા માટે મોહનીયનો ક્ષયોપશમ જરૂરી છે.

તેઓશ્રી એક ઉદાહરણ આપતા : એક સાધકે કલાકમાં પચાસ ગાથાઓ કંઠસ્થ કરી. પણ 'મેં પચાસ ગાથા કંઠસ્થ કરી' એવો અહંકાર આવી જાય તો.. ? તો એણે શું કર્યું ? જ્ઞાનાવરણીય કર્મનો એણે ક્ષયોપશમ કર્યો. મોહનીયનો ઉદય કર્યો ! આમાં એને શું મળ્યું ?

•

મોહનીયના ક્ષયોપશમથી આત્મબોધ થાય. રાગ-દ્વેષથી પર (અમલ), અખંડાકાર ઉપયોગવાળો હું છું.

અષ્ટાવક્ર ઋષિ યાદ આવે : 'न ते सङ्गोस्ति केनापि...' આત્મન્ ! તને કશાનો સંગ નથી, તું અસંગ છે. રાગ-દ્વેષ પણ તારું સ્વરૂપ ક્યાં છે ?

સાધકે એક શબ્દના ફેરફાર સાથે આ સાધનાસૂત્ર ઘૂંટવું જોઈએ: 'न मे सङ्गोस्ति केनापि..' હું અસંગ છું. હું અમલ છું તો અસંગ છું જ ને ! વિભાવોથી હું દૂર છું.

આછીસી આવી અનુભૂતિ તે સ્વરૂપ બોધ. પહેલું ચરણ.

•

બીજું ચરણ : સ્વરૂપ રમણતા.

આછીસી આત્માનુભૂતિ હવે ઘેરી બને છે.

શુદ્ધ સ્વરૂપદશામાં રહેવાનું થયા કરે છે. એવી દશા હોય છે અહીં કે કોઈ યાદ કરાવે તો ભોજન લેવાઈ જાય. નહિતર, ખ્યાલ પણ ન રહે કે જમવાનું બાકી છે.

ભીતરનો આનંદ અહીં એવો તો તીવ્ર હોય છે કે બહાર આવવાનું શક્ય નથી હોતું. આવા સાધકને હવે બાહ્ય જગત જોડે સંબંધ રહેતો નથી. કહો કે, આવા સાધક માટે બાહ્ય જગતનું અસ્તિત્વ જ નથી.

સંત નિસર્ગદત્તજીને પુછાયેલું કે આપ અંદર છો, અમે બહાર છીએ. તો બહારથી અંદર આવવાનો માર્ગ કયો ?

એમણે કહ્યું : બહાર જેવું કંઈ છે જ નહિ; રસ્તાની વાત ક્યાં કરો છો ?

સ્વરૂપરમણી સાધકની આ દશા છે.

●

ઠીક છે, કોઈક કહે કે આ રીતે કરવું પડે, તો એ કરી પણ લે છે. પણ એ કૃત્ય જોડે એનો સંબંધ રચાતો નથી.

'સમાધિ શતક' કહે છે :

આતમજ્ઞાને મગન જો, સો સબ પુદ્ગલ ખેલ;<br>
ઈન્દ્રજાળ કરી લેખવે, મિલે ન તિહાં મનમેલ...

સ્વરૂપરમણી સાધકને આ બધી બાહ્ય જગતની ક્રિયાઓ ખેલ જેવી લાગે છે.

બહાર જવાનું કોઈ પ્રયોજન ન રહ્યું.

પૂજ્ય દેવચન્દ્રજી મહારાજ પરમતારક શ્રી અભિનંદનસ્વામી પ્રભુની સ્તવનામાં કહે છે : 'આત્મવિભૂતે પરિણમ્યો, ન કરે તે પર સંગ હો !' જે સાધક આંતરવૈભવ વડે પરિપૂર્ણ બનેલ છે, તે પરનો સંગ શા માટે કરે ?

તમે સ્વયંસંપૂર્ણ છો, તો પરની જરૂરત જ ક્યાં છે ?

સ્વરૂપ રમણતા.

તાત્ત્વિક / નિશ્ચય ચારિત્રની આ ભૂમિકા છે.

•

ત્રીજું ચરણ : સ્વરૂપ ધ્યાન.

રમણતા પછી ધ્યાન...

ધ્યાન એટલે તન્મયતા.

સ્વરૂપ અથવા સ્વગુણમાં તન્મયતા.

હવે સાધક બહુ જ ઊંડે પહોંચી ગયો છે. વીતરાગ દશા આદિની તે અનુભૂતિ કરી રહ્યો છે. તેની ધ્યાનની ધારા ધર્મધ્યાનથી શુક્લધ્યાન તરફ જાય છે.

સ્વરૂપમાં ડૂબવાના આ આનંદને સાધક કઈ રીતે વ્યાખ્યાયિત કરે?

રામકૃષ્ણ પરમહંસ કહેતા : મીઠાની પૂતળી દરિયામાં ઊતરી, પાણીનું માપ લેવા; હવે બહાર કોણ આવશે ?

જે પ્રગાઢ ધ્યાનદશામાં છે, તે તો ભીતર જ છે. બહારની દુનિયાવાળાને એ સમાચાર કઈ રીતે આપે ?

અને કદાચ કોઈ સાધક - બહાર આવ્યા પછી - ધ્યાનની, અંદરની દુનિયાની વાત કરવાની કોશિશ કરશે, તોય એ આનંદને વ્યાખ્યાયિત

કરતા શબ્દો ક્યાં મળવાના છે ? રતિ અને અરતિમાં જ રહેતા જિજ્ઞાસુને સાધક અસંયોગજન્ય આનંદની વાત કઈ રીતે કરે ?

કશું કરવાનું નહિ; માત્ર ભીતર ડૂબવાનું અને આનંદ મળે આ વાત સામાન્ય જનને કઈ રીતે સમજાશે ? 'પરમ અક્રિયતા અમૃત પીધું[૧]..' આ વાત ભીતરી આનંદના અનુભવ વિના કેમ સમજાય ?

●

ચોથું ચરણ : સ્વરૂપદશાની પ્રાપ્તિ.

તીર્થંકર ભગવંતો, કેવળી ભગવંતો અને સિદ્ધ ભગવંતો પાસે આ સ્વરૂપદશાની પરાકાષ્ઠા હોય છે.

કેવી હોય છે એ પરાકાષ્ઠા ?

ત્યાં છે સર્વ જડજગત પ્રત્યે જ્ઞાતાભાવ... ચૈતન્ય માત્રમાં જ્ઞાન, આનંદ આદિ ગુણોની પૂર્ણતાનું દર્શન... કર્મના ઉદયે સંસારી આત્માઓમાં ઊભરતા રાગ, દ્વેષ આદિનું અદ્વેષપૂર્ણ નિરીક્ષણ... તથા સ્વરૂપ અને સ્વગુણનું ભોક્તૃત્વ.[૨]

આનંદ જ આનંદ છે ત્યાં.

એક અખંડ લય સ્વરૂપસ્થિતિનો અનંત સમય સુધી ચાલ્યા જ કરશે. ચાલ્યા જ કરશે.

■ ■ ■

---

(૧) પૂ. દેવચન્દ્રજી મહારાજ : શ્રી પાર્શ્વ જિન સ્તવના.

(૨) તુમ પ્રભુ ! જાણંગ રીતિ સર્વ જગ દેખતા હો લાલ,
નિજ સત્તાએ શુદ્ધ સહુને લેખતા હો લાલ;
પરપરિણતિ અદ્વેષપણે ઉવેખતા હો લાલ,
ભોગ્યપણે નિજ શક્તિ અનંત ગવેષતા હો લાલ.
- સુવિધિજિન સ્તવના. (પૂ. દેવચન્દ્રજી)

## (૧૧)

## સારાંશ

મોહનીય ક્ષીણ થવાથી ભીતરી આનંદને માણવાની એક પ્રક્રિયા ચાલુ થાય છે.

પહેલા પડાવે છે આત્મબોધ... 'હું કોણ ? હું કોણ ?' આ પ્રશ્નનો ઉત્તર અહીં મળે છે કે જ્ઞાન, આનંદ આદિ ગુણોથી સભર ચૈતન્યમૂર્તિ તું છે.

બીજા પડાવે એ ગુણોને માણવાનું થોડાક ઊંડાણથી થાય છે. ઉદાસીન દશા ઘેરી બને છે અને ભીતર વધુ જવાય છે.

ત્રીજા પડાવે એ નિજગુણોમાં તન્મયતા સધાય છે, સ્વરૂપદશાની સાથે પણ... 'હું નિર્મલ આત્મદ્રવ્ય છું, રાગ-દ્વેષથી બિલકુલ પર...' એવો અનુભવ અહીં સ્પષ્ટરૂપે ઝલકે છે.

ચોથા પડાવે છે સ્વરૂપસ્થિતિ... બસ, હવે અનંત કાળ સુધી સ્વરૂપદશામાં જ રહેવાનું છે.

**(૧૨)**

## આધારસૂત્ર

**ઉપાદાન આતમ સહી રે, પુષ્ટાલંબન દેવ;**
**ઉપાદાન કારણ પણે રે, પ્રગટ કરે પ્રભુસેવ... ૩/૩**
**એકવાર પ્રભુવંદના રે, આગમ રીતે થાય;**
**કારણ સત્યે કાર્યની રે, સિદ્ધિ પ્રતીત કરાય... ૩/૫**

**માહરી શુદ્ધ સત્તા તણી પૂર્ણતા,**
**તેહનો હેતુ પ્રભુ ! તુંહી સાચો;**
**દેવચન્દ્રે સ્તવ્યો મુનિગણે અનુભવ્યો,**
**તત્ત્વભક્તે ભવિક સકલ રાચો... ૫/૧૦**

●

પ્રભુને વંદના આગમિક રીતે ક્યારે થાય ?

સ્તબકમાં ત્રણ ચરણો એ માટે મૂક્યાં છે : ગુણબહુમાન, હૃદયનો ઊછળતો ભાવ અને પ્રભુવિરહનો ભય.



# ૧૨

## 'એકવાર પ્રભુવંદના રે, આગમ રીતે થાય..'

વ્યવહાર અને નિશ્ચયનું જે balancing / સમતુલન પ્રભુની સાધના પદ્ધતિમાં છે, તે અદ્વિતીય છે.

કો'ક સાધના પદ્ધતિમાં વ્યવહારનું format / માળખું દેખાય; પણ નિશ્ચયની સ્પષ્ટ વાતો ન હોય.. ક્યાંક નિશ્ચયની વાત હોય; પણ વ્યવહારનું format ન હોય.

પ્રભુની આ સાધના પદ્ધતિમાં વ્યવહાર અને નિશ્ચયનું મઝાનું સમતુલન છે.

•

વ્યવહાર એટલે માર્ગ. નિશ્ચય એટલે મંઝિલ. માર્ગ વગર તમે મંઝિલને શી રીતે મેળવી શકો ? અને સામી બાજુ, કોઈ વ્યક્તિ માર્ગમાં ઘર માનીને બેસી જાય તોય ન ચાલે.

•

જે નિશ્ચય વ્યવહારનું ખંડન કરે તે નિશ્ચયાભાસ બની જશે. કારણ કે માર્ગ (વ્યવહાર) વિના મંઝિલ શી રીતે મળશે ? મંઝિલ જોઈએ છે ને માર્ગ નથી જોઈતો; કેમ ચાલશે ?

હા, ગત જન્મોમાં વ્યવહાર માર્ગને તીવ્ર રૂપે ઘૂંટીને આવેલ સાધક આ જન્મમાં નિશ્ચયમાં છલાંગી શકે. પણ એવા તો બહુ ઓછા સાધકો હોઈ શકે.

સામાન્ય સાધક તો માર્ગ પર ચાલીને જ મંઝિલને મેળવશે.. વ્યવહાર સાધના દ્વારા જ એ નિશ્ચય સાધનાને મેળવશે.

•

બીજી બાજુ, રસ્તામાં જ કોઈ બેસી જાય, વૃક્ષ નીચે; 'ગામ આવી ગયું !' ભાઈ, ગામ તો બહુ દૂર છે.

જેને પણ મંઝિલ જોઈએ છે એ માર્ગમાં ઘર કરીને બેસતો નથી. નિશ્ચયદષ્ટિનિરપેક્ષ વ્યવહાર સાધના ન ચાલે.

•

કેટલી સરસ આ વાત !

પૂજ્યપાદ દેવચન્દ્રજી મહારાજ ત્રીજા સ્તવનમાં આની જ ચર્ચા કરે છે.

ઉપાદાનશુદ્ધિ / ભીતરી નિર્મળતા એ લક્ષ્ય છે, તો માર્ગ કયો ? પ્રભુનું ગુણાત્મક દર્શન, પ્રભુઆજ્ઞાના સ્વીકાર રૂપ ભક્તિ એ માર્ગ છે.

•

ઉપાદાનને બિલકુલ નિર્મળ બનાવવાની સજ્જતા આત્મામાં છે જ, હતી જ. તો પછી, શુદ્ધિ રૂપ કાર્ય કેમ ન થયું ?

પૂજ્યશ્રી કહે છે કે આત્મામાં રહેલી સ્વયંને નિર્મળ બનાવવાની સજ્જતા નિમિત્ત વિના કાર્યશીલ બની શકતી નથી.[૧]

---

(૧) ઉપાદાન આતમ સહી રે, પુષ્ટાલંબન દેવ;
ઉપાદાન કારણ પણે રે, પ્રગટ કરે પ્રભુસેવ... ૩

એટલે, ફલિત એ થયું કે ઉપાદાન-કારણતાને પ્રકટ કરનાર નિમિત્ત-કારણ છે. જ્યાં સુધી પ્રભુઆજ્ઞાના પાલન રૂપ અથવા વંદનાદિ ભક્તિ રૂપી નિમિત્ત-કારણ નથી મળતું ત્યાં સુધી આત્માની ઉપાદાન-કારણતા સક્રિય નથી બનતી. અને એટલે જ શુદ્ધિ રૂપ કાર્ય થતું નથી.

•

ઉપાદાનશુદ્ધિ એ લક્ષ્ય છે. મારો આત્મા રાગ, દ્વેષ, અહંકાર આદિથી બિલકુલ મુક્ત બને. હું શુદ્ધ બનીને સિદ્ધ બની જાઉં. આ સ્પષ્ટ લક્ષ્ય છે.

અતીતની યાત્રામાં આ લક્ષ્ય પણ સ્પષ્ટ નહોતું.

આ જન્મમાં જો આ લક્ષ્ય સ્પષ્ટ થયું હોય તો માર્ગ મઝાનો, મઝાનો સામે છે.

એ માર્ગને બતાવતાં તેઓશ્રી કહે છે :

**'એકવાર પ્રભુવંદના રે,**

**આગમ રીતે થાય;**

**કારણ સત્યે કાર્યની રે,**

**સિદ્ધિ પ્રતીત કરાય...' ૫**

આગમ ગ્રંથોમાં કહ્યું છે એ રીતે એકવાર પ્રભુને વંદન થઈ જાય તો, એ વંદન રૂપી કારણ હોતે છતે ઉપાદાનશુદ્ધિ રૂપી કાર્ય થઈને જ રહે.

•

આગમોક્ત પ્રભુવંદના શી રીતે થાય એની હૃદયંગમ વાત પૂજ્યશ્રીએ ઉપરોક્ત કડીના સ્તબકમાં ચર્ચી છે.

ત્રણ ચરણો ત્યાં છે : ગુણબહુમાન, હૃદયનો ઊછળતો ભાવ અને પ્રભુવિરહભીતિ.

ક્રમશઃ ત્રણે ચરણોને જોઈએ... ના, એ પથ પર યાત્રા કરીએ..

•

ગુણબહુમાન...

પરમાત્માના અનંત ગુણો પ્રત્યે એવું તો બહુમાન હોય કે બીજા બધાં જ કાર્યો છોડીને માત્ર પ્રભુનાં ચરણોમાં ઝૂકી જવાનું મન જ થયા કરે.

ગુણબહુમાન....

એ ગુણો પ્રત્યે આંશિક પ્રીતિ, આંશિક લગાવ ન હોય તો ગુણબહુમાન થઈ ન શકે.

ગુણપ્રીતિ ક્યારે થાય ?

અલપ-ઝલપ પણ એ ગુણોની અનુભૂતિ થયેલી હોય..

સમત્વ આદિ ગુણોની અનુભૂતિ અલપઝલપ થઈ. હવે સીધું સમીકરણ આવે કે એક ગુણની આંશિક અનુભૂતિનો આનંદ આવો હોય તો અનંત ગુણોની સંપૂર્ણ અનુભૂતિનો આનંદ કેવો હશે..

આ ગુણબહુમાન ભક્તને પણ એ ગુણોના પ્રકર્ષની પ્રાપ્તિ કરાવે જ.

ચોથી કડીમાં આ વાતને સરસ રીતે ખોલવામાં આવી છે :

'કારજ ગુણ કારણ પણે રે, કારણ કાર્ય અનુપ;
સકલ સિદ્ધતા તાહરી રે, માહરે સાધન રૂપ...' ૪

પ્રભુ ! આપનું શુદ્ધ સ્વરૂપ, જે આપનું કાર્ય / સાધ્ય હતું; તે આપે પ્રાપ્ત કર્યું. આપનાં સાધ્યો મારા માટે આલંબન રૂપ છે.

•

આપ ક્રમસર આગળ વધ્યા... આપનાં જે બધાં સાધ્યો હતાં; અપ્રમત્ત સંયમ, ક્ષપકશ્રેણિ આદિ.. આપે તે બધાં સાધ્યોને સિદ્ધિમાં ફેરવ્યાં..

એ જ બધી દશાઓ સાધક માટે અવલંબન રૂપ છે. પ્રભુની શુદ્ધતાના સાધનોનું અવલંબન જ્યારે સાધક લે છે, ત્યારે એ શુદ્ધ અને સિદ્ધ બને છે.

આત્મા પહેલાં સમ્યગ્દર્શનને સાધ્ય બનાવશે... એ મળી ગયા પછી સમ્યગ્દર્શન સાધન બન્યું. એના દ્વારા દેશવિરતિ દશા સાધ્ય છે. એ મળતાં દેશવિરતિ દશા સાધન કોટિમાં આવશે, સર્વવિરતિ દશા સાધ્ય બનશે..

આ રીતે, પ્રભુગુણના આલંબન દ્વારા ભક્ત એ ગુણોની આંશિક પ્રાપ્તિ કરવા લાગે છે.

•

ગુણબહુમાન...

પ્રભુના એક એક ગુણ પ્રત્યે બહુમાન...

બહુમાનનો અનુવાદ કૃત્ય રૂપે ઊપસશે.

પ્રભુ મહાવીર દેવના જીવનની એક ઘટના યાદ આવે. પ્રભુ અનાર્ય પ્રદેશમાં વિહરી રહ્યા છે. એક ગામમાંથી પસાર થતાં પ્રભુના દેહ પર અજ્ઞાની લોકોએ લાકડીઓના પ્રહાર કર્યા.. શિકારી કૂતરાં પ્રભુની પાછળ છોડવામાં આવ્યાં, જેમણે પ્રભુના પગની પિંડીમાંથી માંસના લોચે લોચા લઈ લીધાં.

પ્રભુ આગળ જંગલમાં પધાર્યા. હવે પ્રભુને ધ્યાનમાં જવું છે. પૂછવામાં આવ્યું કે, આવડી મોટી ઘટના પ્રભુના દેહ પર ઘટેલી; પ્રભુને એનું સ્મરણ હોય કે નહિ ? આચારાંગ સૂત્રમાં કહેવામાં આવ્યું કે પ્રભુને એ ઘટનાનું સ્મરણ નથી.[૨]

(૨) एताइं से उरालाइं गच्छइ णायपुत्ते असरणाए ॥ - આચારાંગ સૂત્ર

કેમ ?

ઘટના ઘટી, ત્યારે પ્રભુ ઘટનામાં ક્યાં હતા ? એ તો પોતાનામાં જ હતા. ઉપયોગ માત્ર સ્વકેન્દ્રિત હતો; તો ઘટના સમયે પણ પ્રભુ ઘટનાથી પર હતા.

સાધનાકાળનો પ્રભુનો આ ગુણ કેવો તો અદ્ભુત છે !

બે ખાનાં થઈ ગયાં : સ્વ અને પર. હવે પરમાં જવાનું જ નથી. માત્ર સ્વમાં જ રહેવાનું છે..

આ ગુણ પ્રત્યે પ્રગટેલ બહુમાન એ ગુણની આંશિક પ્રાપ્તિ તો કરાવે જ.

ગજસુકુમાલ મુનિએ આ જ રીતે ઉપયોગને સ્વમાં મૂકી દીધો... બહાર જે કંઈ થયા કરે છે; તેના સમાચાર પણ ભીતર મળે નહિ. ત્યાં તો છે પરમ આનંદ...

પ્રભુના આ ગુણનું બહુમાન આપણા ઉપયોગને સ્વ તરફ જ કેન્દ્રિત કરવા માટેનો સઘન પ્રયત્ન કરીને કરશું.

ઉપયોગ પરમાં ન જાય એ માટે પ્રભુએ કેટલા તો મઝાના યોગો આપ્યા છે : સ્વાધ્યાય, જાપ, ભક્તિ, વેયાવચ્ચ... એ શુભ યોગોના સાતત્ય દ્વારા શુદ્ધમાં જઈ શકાય.

•

બીજું ચરણ : હૃદયનો ઊછળતો ભાવ... સમવસરણની કલ્પના કરીએ... પ્રભુને ત્યાં બિરાજમાન જોઈએ. આંખોમાંથી હર્ષાશ્રુની ધારા. હૃદયમાં ભાવોની ઊછળતી ઊર્મિઓ.

પૂજ્ય જ્ઞાનવિમલસૂરિ મહારાજ કહે છે : 'જિણ પરે દેશના દેયતાં એ, સમરું મનમાં તેહ; પ્રભુ ! તુમ દરિસને એ..'

પ્રભુ ! તારું દર્શન કરું છું અને સમવસરણમાં બેસીને દેશના આપી રહેલ તારા સ્વરૂપની સ્મૃતિ થાય છે.

•

સમવસરણમાં આપણે ગયેલ છીએ.

યાદ આવે છે ?

ભલે ક્યારેક જિજ્ઞાસાને વશ જવાનું થયું હશે. પણ ક્યારેક ભક્તિને વશ થઈને પણ ગયા હોઈશું.

એ વખતે શું થયેલું, ખ્યાલ છે ?

એક મીઠી મૂંઝવણ મન પર સવાર થયેલી. મૂંઝવણ આ હતી : પ્રભુને જોવા કે સાંભળવા ?

એક બાજુ, પરમાત્માનું રૂપ... કેવું અદ્‌ભુત એ રૂપ ! રૂપનું એક્સ્ટ્રીમ પોઈન્ટ.

અને પ્રભુના પ્યારા શબ્દોનું શ્રવણ બીજી બાજુ. કેવી પ્રભુની વાણી ! [૩]'અમૃત ઝરણી મીઠી તુજ વાણી... જેમ આષાઢો ગાજે; કાન મારગ થઈ હિયડે પેસી... સંદેહ મનના ભાંજે રે...'

પ્રભુની આ અમૃતવર્ષા... સાંભળ્યા જ કરીએ, સાંભળ્યા જ કરીએ...

તો, મૂંઝવણ એ થઈ કે પ્રભુને નીરખવા કે સાંભળવા ?

સામાન્યતયા આપણને એમ લાગે કે આમાં વળી મૂંઝવણ કઈ ? બેઉ ક્રિયા સાથે થાય ને !

---

(૩) પૂ. કાન્તિવિજયજી : સુવિધિનાથ જિન સ્તવના.

નિયમ એવો છે કે એક સમયે, ઇન્દ્રિયોની ચેનલમાંથી તમે એકને જ વાપરી શકો. જોવામાં તલ્લીનતા રહે તો સાંભળી ન શકાય બરોબર...

તો શું થયેલું પછી ?

દેખીતી રીતે, ઑડિયોવિઝન અને વીડિયોવિઝન બેઉ ચાલુ હોય ત્યારે વીડિયોવિઝન તરફ મન વધુ ખેંચાય... અહીં પણ એવું જ બન્યું. પ્રભુનું શ્રેષ્ઠ રૂપ દેખાયું એ ક્ષણોમાં... મન ભરીને પ્રભુના એ દિવ્ય રૂપને નિહાળવાનું થયેલું...

યાદ આવે છે આ ઘટના ?

•

આજે પણ આંખો બંધ કરીએ ને સમવસરણ દેખાય... ચતુર્મુખ બિરાજમાન પ્રભુનું દર્શન થાય. પૂરું શરીર આપણું રોમાંચથી ઊભરાઈ જાય. આંખેથી શ્રાવણ-ભાદરવો વહેતો હોય... ગળેથી ડૂસકાં...

•

પણ આ ક્ષણો વધુ લાંબો સમય ટકતી નથી. વર્તમાનમાં આવીએ ત્યારે લાગે કે પ્રભુનું - સાક્ષાત્ પરમાત્માનું દર્શન કેટલું અઘરું છે !

હું ભરત ક્ષેત્રમાં. વિહરમાન પ્રભુ મહાવિદેહમાં. ક્યારે એમનું દર્શન કરી શકીશ ?

આ છે ત્રીજું ચરણ : પ્રભુવિરહની ભીતિ.

•

'એકવાર પ્રભુવંદના રે, આગમ રીતે થાય..' આ રીતે ગુણ-બહુમાન, અત્યંત અહોભાવ અને પ્રભુવિરહની ભીતિ (ભય) જેના મનમાં હોય, તેવો ભક્ત વિધિપૂર્વક પ્રભુને જે વંદન કરે છે; તે

આગમ-વિધિ પૂર્વકનું વંદન છે. આવું વંદન થયે છતે - નિમિત્ત મળી ગયે છતે - ઉપાદાનની શુદ્ધિ, હૃદયની નિર્મલતા જરૂર મળી જાય.

•

પાંચમા સ્તવનમાં પૂજ્યશ્રીએ આ જ વાત સ્પષ્ટ કરી છે :

**માહરી શુદ્ધ સત્તાતણી પૂર્ણતા,**
**તેહનો હેતુ પ્રભુ ! તુંહી સાચો;**
**દેવચન્દ્રે સ્તવ્યો મુનિગણે અનુભવ્યો,**
**તત્ત્વભક્તે ભવિક સકલ રાચો... ૫/૧૦**

•

પ્રભુ ! મારી શુદ્ધ સત્તાને - અસ્તિત્વને હું તારી કૃપાથી જ પ્રકટ કરી શકું છું.

ઋણી છું તારો.

■ ■ ■

## (૧૨)

## સારાંશ

વ્યવહાર સાધના અને નિશ્ચય સાધનાનું અજોડ સમતુલન / balancing પ્રભુની સાધના પદ્ધતિમાં છે.

વ્યવહાર તે માર્ગ,

નિશ્ચય તે મંઝિલ.

માર્ગ વિના મંઝિલે પહોંચાય નહિ. અને મંઝિલ જ નક્કી ન હોય તો માર્ગ કયો ?

પ્રભુભક્તિ એ માર્ગ છે,

હૃદયની નિર્મલતા એ મંઝિલ છે.

## (૧૩)

## આધારસૂત્ર

**દર્શન જ્ઞાનાદિ ગુણ આત્મના રે,**
**પ્રભુ પ્રભુતા લયલીન;**
**શુદ્ધ સ્વરૂપી રૂપે તન્મયી રે,**
**તસુ આસ્વાદન પીન... ૧૨/૪**

●

એ કડી પરનો સ્વોપજ્ઞ સ્તબક :

- મન, વચન, કાયા દ્વારા વંદન-નમનાદિ ભક્તિ યોગભક્તિ છે.
- પ્રભુ પર પ્રિયતા એ રાગભક્તિ છે. 'હું પુણ્યવાન છું કે અરિહંત પરમાત્મા જેવા સર્વગુણ-સંપત્શાલી મારા સ્વામી છે.. મને મુક્તિનો માર્ગ મળી ગયો..' આવું ગૌરવ અનુભવે.
- પોતાના ગુણોને પ્રભુની પ્રભુતાના અનુયાયી બનાવે. પ્રભુના ગુણોમાં જે સતત લીન રહે.. તે સાધકની તત્ત્વભક્તિ છે.

**: સાધના ક્રમ :**

**યોગભક્તિ**

**રાગભક્તિ**

**તત્ત્વભક્તિ**



# ૧૩

## 'વિરહવ્યથા કછુ ઐસી વ્યાપત...'

યોગભક્તિ, રાગભક્તિ અને તત્ત્વભક્તિ; આ ત્રણ ભક્તિના પ્રકારો છે.

પહેલી યોગભક્તિ : મન, વચન અને કાયાના યોગ દ્વારા પ્રભુની ભક્તિ કરવી તે યોગભક્તિ.

•

કાયયોગ દ્વારા પ્રણામ આદિ, વચનયોગ દ્વારા સ્તુતિ આદિ અને મનોયોગ દ્વારા પ્રભુના ઉપકારોનું ચિંતન. પ્રભુના અપાર ઋણમાંથી મુક્ત કઈ રીતે થવાય એની વિચારણા...

આ ભૂમિકાએ મન પ્રભુના ગુણાત્મક મિલન માટે તીવ્ર રીતે ઝંખના કરશે... 'એ' જ જોઈએ; પરમ; અને 'એ' મળતો નથી. કેવી તો વિરહની વ્યથા એ ક્ષણોમાં હોય છે !

આનંદઘનજી ભગવંતના શબ્દોમાં એ ક્ષણોનું વેધક વર્ણન :

તનુ સૂધ ખોય ઘૂમત મન ઐસે,<br>
માનું કુછ ખાઈ ભાંગ;

એતે પર આનંદઘન નાવત,
ઓર કહાં દીજે બાંગ ? (૩૪/૩)

શરીરે સૂધ-બૂધ ગુમાવી દીધી છે. મન ચકળ-વકળ ઘૂમી રહ્યું છે; જાણે કે ભાંગ પીધી હોય... આવી સ્થિતિમાં પણ જો આનંદઘન પ્રભુ ન આવે, તો પછી ક્યાં જઈને, કોને પોકારું ?

અભિવ્યક્તિમાં આટલું દર્દ છે, તો અનુભૂતિમાં કેટલું પ્રબળ હશે.

આગળ તેઓ કહે છે :

વિરહ વ્યથા કછુ ઐસી વ્યાપત,
માનું કોઈ મારત બેજા;
અંતક અંત કહાલુ લેગો પ્યારે,
ચાહે જીવ તું લે જા... (૩૫/૨)

વિરહ વ્યથા.. છાતી પર ભીંસ અનુભવાય છે.. જાણે કે કોઈએ બાણ (બેજા) માર્યું હોય છાતી પર.. ક્યાં સુધી તું આમ કરીશ.. ? મારો પ્રાણ લઈ લે.. પણ મને તારું દર્શન કરાવ...

પ્રભુ જ જોઈએ.. 'એ' જ.. 'એ'ની અવેજીમાં બીજું કશું જ નહિ...

•

ભક્ત એક ત્રિભેટા પર ઊભો છે. પ્રભુનો અલપઝલપ આસ્વાદ કો'ક વિરલ ક્ષણોમાં મળ્યો છે; જ્યારે પરની અનુભૂતિ સાવ ક્ષીણ થયેલી.

એકાદ બે ક્ષણ...

પણ અપૂર્વ અનુભવ.

'કહીએ અણચાખ્યો પણ અનુભવ રસનો ટાણો મળિયો...' અગણિત અતીતમાં ક્યારેય ન માણવા મળ્યો હોય એવો આ અપૂર્વ આસ્વાદ પરમ ચેતનાનો.

પણ –

મોહના ઉદયે, પરમાં જતાં આ અનુભવ હાથતાળી દઈ ભાગી છૂટે છે.

હવે –

પરમાં ગોઠતું નથી, પરમ મળતો નથી...

વિરહવ્યથા તીવ્ર બને છે...

પૂરું અસ્તિત્વ એનામય બની ઊઠે છે. પૂજ્ય આનંદઘનજી મહારાજના શબ્દોમાં એ ઝંકૃતિ :

પંથ નિહારત લોયણે, ટગ લાગી અડોલા;

જોગી સુરતિ સમાધિ મેં, માનું ધ્યાન ઝકોલા...

કૌન સુને, કિન કું કહું ?, કિસે માંડું મૈં ખોલા;

તેરે મુખ દીઠે ટલે, મેરે મન કા ઝોલા...

આંખો પ્રભુના આવવાના માર્ગને નિહાળે છે. પલકો નિશ્ચલ છે. યોગી સુરતિ (સ્મૃતિ) અને ધ્યાનમાં લાગી જાય તેમ હું પ્રભુના ધ્યાનમાં તલ્લીન છું.

કોણ સાંભળશે આ વિરહવ્યથાની વાત ?

કોને કહું આ વાત ? માત્ર તારા મુખને જોતાં મારું મન શાંત થાય તેમ છે...

•

પૂજ્ય માનવિજય મહારાજ આ જ લયને વિસ્તારે છે : 'બીજે પણ કિહાં નવિ ગમે રે લાલ, જિણે તુજ વિરહે બચાય રે...' બીજે ક્યાંય પણ મન સ્થિર રહેતું હોય, બીજું પણ કશું ગમતું

હોય તો મનને ત્યાં પરોવી શકું. પણ પ્રભુ ! તારા વિના કંઈ ગમતું જ નથી તો શું કરું?

કારણ ?

તારી પાસે આવવાનું થયું. તારા ગુણોનો આસ્વાદ મળ્યો... એવો તો આનંદ, એવો તો આનંદ... શબ્દોમાં એને વર્ણવી પણ ન શકાય.

તને નહોતો મળ્યો, અગણિત અતીતમાં; ત્યાં સુધી તારા વિરહની કોઈ પીડા મને નહોતી.

આ જન્મમાં તારું દર્શન / મિલન થયું. તારા અપાર ગુણવૈભવનો આંશિક આસ્વાદ તેં આપ્યો.. હવે તારા વિના કેમ રહેવાય, પ્રભુ ? હવે તો 'જલ બિન મછલી' જેવી મારી હાલત છે. હવે તો પ્રભુ ! તારા વિરહમાં મારા પ્રાણ કઈ રીતે રહી શકે ? 'બિછુરત જાયે પ્રાણ...'

પણ તું કૃપાવતાર છે. તેં કૃપા કરી. ફરી તારું દર્શન તેં મને આપ્યું. 'કર કે કૃપા પ્રભુ ! દરિસન દીનો...'

હવે છે બસ, આનંદ જ આનંદ. 'ટાઢક રહે તુજ સંગમાં રે લાલ, આકુલતા મિટી જાય રે... તુજ સંગે સુખિયો સદા રે લાલ, માનવિજય ઉવજ્ઝાય રે....'

આ છે યોગભક્તિ...

મન, વચન અને કાયાના યોગો પ્રભુના રંગે રંગાઈ જાય..

•

મન પ્રભુને સમર્પિત કરવું છે. પ્રભુના મુનિઓ ત્રણે યોગ પ્રભુને સમર્પિત કરશે... શ્રાવક કદાચ શરીરને ન સમર્પિત કરી શકે પ્રભુને, તોય મન તો સમર્પિત કરી શકે છે.

ગરમી બહુ છે. પંખા નીચે કે એ.સી. રૂમમાં શ્રાવક બેઠેલ હોય ત્યારે, એનું શરીર પ્રભુની આજ્ઞાના વિરાધનમાં છે. પણ એ વિરાધનાનો ડંખ હશે તો મન એણે પ્રભુઆજ્ઞાને સમર્પિત કર્યું કહેવાશે.

આ જ રીતે, શારીરિક કે માનસિક નિર્બળતાને વશ, આયંબિલ ન કરી શકનાર સાધક ભાવથી આયંબિલ કરે. આયંબિલના તપસ્વીઓ પરની ભીની, ભીની અનુમોદના.

મેં એકવાર ઓળીજીનાં પ્રવચનોમાં કહેલું : તમે આયંબિલ ન કરી શક્યા હો તો પણ આયંબિલશાળામાં જઈ તપસ્વીઓનું દર્શન કરજો. પીરસવા આદિ દ્વારા તમે એમની ભક્તિ પણ કરી શકો.

•

યોગભક્તિ પછી રાગભક્તિ.

'કેવા પરમાત્મા મને મળી ગયા છે !'

બસ, આવા પ્રભુ મળ્યા છે. હવે મારે કોઈ જ ચિંતા કરવાની નથી.. બધું 'એ' કરશે...

•

પૂજ્યપાદ દેવચન્દ્રજી મહારાજ કહે છે : પ્રભુ ! તું ત્રિભુવન નાથ છે.. હું તારો દાસ છું. જે કંઈ કરવાનું છે એ તારે કરવાનું છે. હું તો પ્રાર્થના કરીશ...

'પ્રભુ છો ત્રિભુવન નાથ, દાસ હું તાહરો હો લાલ,
કરુણાનિધિ ! અભિલાષ અછે મુજ એ ખરો હો લાલ;
આતમ વસ્તુ સ્વભાવ સદા મુજ સાંભરો હો લાલ,
ભાસન વાસન એહ ચરણ ધ્યાને ધરો હો લાલ... (૯/૫)

પ્રભુ ! આત્મતત્ત્વનું સ્મરણ, વાસન (દર્શન), ભાસન (જ્ઞાન) મને મળો ! અને એમાં જ, આત્મતત્ત્વમાં જ, રમણતા (ચારિત્ર) મારી રહે. અને એમાં જ મારું ધ્યાન (તન્મયતા) રહે ! પ્રભુ ! આ પ્રાર્થના છે મારી.

પ્રાર્થના કરી એટલે મારું કૃત્ય પૂરું થયું. તારું શરૂ થયું, પ્રભુ !

●

પૂજ્ય ભાણવિજય મહારાજ પરમતારક સીમંધર પ્રભુની ચૈત્યવંદનામાં નાથત્વના સંદર્ભમાં એક નવો લય પકડે છે :

સકલ ભક્ત તુમે ધણી, જો હોવો અમ નાથ;
ભવોભવ હું છું તાહરો, નહિ મેલું હવે સાથ...
સયલ સંગ છંડી કરી, ચારિત્ર લઈશું;
પાય તુમારા સેવીને, શિવરમણી વરીશું...

પ્રભુ ! તમે ભક્તોના નાથ છો જ. પણ શું મારા નાથ થશો ?

ભક્ત એ છે, જે સંપૂર્ણતયા આપને / આપની આજ્ઞાને સમર્પિત છે. પ્રભુ ! હું એવો નથી. તો પણ આપ મારા નાથ બનશો ? જો આપ (હું ભક્ત ન હોવા છતાં) મારું પૂરું યોગ-ક્ષેમ કરો, પ્રભુ ! તો હું જન્મોજન્મ તારો જ સેવક હોઈશ.

પછી, તારી જ કૃપાથી પરનો સંગ સંપૂર્ણતયા છોડી તારાં ચરણોની નિશદિન સેવા કરીશ : સંયમી બનીને...

પ્રભુ ! આપ મારા નાથ છો એ મને કહી દો ને !

●

કલિકાલસર્વજ્ઞશ્રીએ 'વીતરાગ સ્તોત્ર'માં આ જ વાત કહી : 'ओमिति प्रतिपद्यस्व, नाथ ! नातः परं ब्रुवे...' પ્રભુ ! હું તારો દાસ છું

ને ? બસ, તું હા પાડી દે, પ્રભુ ! પછી બીજું કંઇ જ મારે કહેવું નથી. બીજું કંઇ જ માગવું નથી.

•

'લલિતવિસ્તરા' ગ્રંથમાં 'લોગનાહાણં' પદની વ્યાખ્યા કરતાં પૂજ્ય હરિભદ્રાચાર્યજી કહે છે : પ્રભુ ભવ્યલોકના નાથ છે.

પ્રશ્ન થાય કે શું પ્રભુની કરુણા સીમિત છે કે એ ભવ્યો પર જ વરસે, અભવ્યો પર ન વરસે ?

જવાબ એ અપાયો છે કે પ્રભુની કરુણા અસીમ છે, પણ અભવ્ય આત્માઓ એને પકડી શકતા નથી. તેમની પાસે એ માટેની રિસેપ્ટિવીટિ નથી.

મને આ સંદર્ભમાં પ્રશ્ન થયેલો, પ્રભુ ! કે તું અમારા પર અનંત કાળથી વરસી રહ્યો છે, અને છતાં તારા એ કૃપામેઘનાં જળબિંદુઓ અમે નથી મેળવી શક્યાં; તો એ પણ અમારી રિસેપ્ટિવીટિની જ ખામી છે ને ?

હવે એક જ પ્રાર્થના કરું : 'પ્રભુ ! તારી અમાપ કરુણાને ઝીલવાનું બળ તમે આપો !' આ જ લયમાં રોજ કહું છું, પ્રભુ ! 'તિત્થયરા મે પસીયંતુ'... તીર્થંકર ભગવંતો મારા પર પ્રસાદ (કૃપા) વરસાવો !

મારો ભાર અહીં 'મારા' શબ્દ પર છે. પ્રભુ ! તારો પ્રસાદ તો સતત વરસી રહ્યો છે. પણ મારા પર એ વરસો... મતલબ કે હું એને ઝીલી શકું એવું કંઈક કરો !

પ્રસાદ વરસાવો તમે.

ઝિલાવો પણ તમે.

•

એક ભાઈ એક જગ્યાએ મહેમાનગતિએ ગયેલા. જજમાનને ત્યાં કિંમતી પુસ્તકો હતાં. પણ છુટ્ટાં છવાયાં પડેલાં. કોઈક ખાટલા પર,

કો'ક ક્યાંય... ભાઈએ કહ્યું : આટલાં સરસ પુસ્તકો છે, તો તેમને, કબાટ લાવીને, તેમાં વ્યવસ્થિત રાખો તો..

જજમાને કહ્યું : પુસ્તકો જેમની પાસેથી માગીને લાવ્યો છું, તેમની પાસેથી કબાટ માગવાની હિંમત હજુ નથી આવી..

આપણે હિંમત રાખવાની છે ! 'પ્રભુ ! કૃપા વરસાવ પણ તું. એને ઝિલાવ પણ તું !'

•

રાગભક્તિ...

પ્રભુના અગણિત ગુણોના આછાસા ખ્યાલથી જ હૃદય આનંદવિભોર બની જાય છે...

'નમુત્થુ ણં' સૂત્રમાં એક વિશેષણ પ્રભુ માટે આવ્યું : 'તારયાણં'... પ્રભુ તારક છે. વાહ ! કેટલી સરસ વાત ! મારે કંઈ જ કરવાનું નહિ. એ તારક છે, માટે મને તારી જ દેશે ને !

સ્તવનાકારે કહ્યું : 'મુજ સરીખા મેવાસીને, પ્રભુ જો તું તારે; તારક તો જાણું ખરો, જુઠ્ઠું બિરુદ શું ધારે ?' પ્રભુ ! સુલસાજીને તેં તાર્યા. રેવતીજીને તેં તાર્યા... શ્રેણિક મહારાજને તેં તાર્યા... પણ, એ તો તરે એવા જ હતા. મારા જેવા અજ્ઞાનીને જો તું તારે તો તારું તારક બિરુદ સાચું. નહિતર...

•

રાગભક્તિમાં એક ક્રમ આવો છે : રોજ પ્રભુના એક ગુણને જુઓ અને પ્રભુ પાસે એ ગુણ યાચો... પ્રભુ નાથ છે. યોગ અને ક્ષેમ પ્રભુ કરે છે. તો, એક નવા ગુણની પ્રાપ્તિ પ્રભુ કરાવે જ (યોગ). અને કોઈ

ગુણ કે સાધના અત્યારે થોડી શિથિલતાને પામેલ હોય તો પ્રભુ તેને ઉદ્દીપ્ત કરી આપે (ક્ષેમ).

હવે આજથી જ તમારે આ ગુણપ્રાપ્તિની સાધના શરૂ કરવી છે. પ્રભુના ગુણો અનંત છે. તમે આજે શરૂઆત કયા ગુણથી કરશો ?

શાસ્ત્રોએ એ ક્રમ આપ્યો કે તમને જે દોષ વધુ માત્રામાં પીડે છે, તેથી વિરુદ્ધ એવા પ્રભુગુણનું દર્શન અને એની યાચના તમે કરો. રાગ પીડે છે તમને, તો વીતરાગદશાનું દર્શન... યાચન. ક્રોધ પીડે છે, તો પ્રભુના પ્રશમરસનું દર્શન.. યાચન.

કેટલી સરસ સાધના !

•

ભક્તિનું ત્રીજું ચરણ છે : તત્ત્વભક્તિ.

પ્રભુના ગુણોમાં લીન બની જવું તે તત્ત્વભક્તિ છે. એ લીનતા / એ ધ્યાનદશા સાધકને તે તે ગુણોની અનુભૂતિ કરાવે.

પ્રભુના પ્રશમરસમાં લીન થતાં પોતાની ભીતર રહેલ પ્રશમરસની અનુભૂતિ થાય. સાધક પ્રશમરસની એ ધારામાં આગળ વહેશે.

પ્રભુના ભિન્ન ભિન્ન ગુણોમાં પોતાની ચેતનાને એકાગ્ર કરીને સાધક તે તે ગુણોની અનુભૂતિ કરશે.

■ ■ ■

## (૧૩)

## સારાંશ

પૂજ્ય દેવચન્દ્રજી મહારાજે ૧૨મા સ્તવનની ૪થી કડીના સ્તબકમાં ભક્તિના ત્રણ પ્રકારોની વાત કરી : યોગભક્તિ, રાગભક્તિ અને તત્ત્વભક્તિ.

મન, વચન, કાયાના યોગો વડે પ્રભુને વંદન, નમનની ક્રિયા તે યોગભક્તિ.

પ્રભુના ગુણોનો આછોસો ખ્યાલ આવતાં, આવા પ્રભુ પોતાને મળ્યા છે એનો આનંદ.. પ્રભુના તે ગુણનું વાસ્તવિક દર્શન... અને એ ગુણની નાનકડી આવૃત્તિ પોતાને મળે તેવી ઝંખના તે રાગભક્તિ.

અને, પ્રભુના ગુણોની લીનતા / ધ્યાન વડે એ ગુણોની નાનકડી ઝંકૃતિ સાધકની ભીતર પેદા થાય તે તત્ત્વભક્તિ.

## (૧૪)

## આધારસૂત્ર

**તુમ પ્રભુ ! જાણંગ રીતિ સર્વ જગ દેખતા હો લાલ,**
**નિજ સત્તાએ શુદ્ધ સહુને લેખતા હો લાલ;**
**પર-પરિણતિ અદ્વેષપણે ઉવેખતા હો લાલ,**
**ભોગ્યપણે નિજ શક્તિ અનંત ગવેષતા હો લાલ... ૯/૨**

●

પ્રભુ ! તમે જ્ઞાતાભાવે સર્વ જગતને જુઓ છો. સર્વ દ્રવ્યોને આપ સ્વ-સત્તાથી પરિપૂર્ણ તરીકે જુઓ છો અને કોઈ આત્મામાં કર્મવશ રાગાદિની પરિણતિ દેખાય છે, તો તેની પણ આપ અદ્વેષપૂર્ણ રીતે ઉપેક્ષા કરો છો. અને આપ પરમાનંદ સ્વરૂપ નિજ શક્તિનો ભોગ કરો છો.

**સાધક તરફ આ સૂત્રો આ રીતે ખૂલી શકે :**

(૧) સર્વ પદાર્થોને સાધક જ્ઞાતાભાવે જુએ છે.

(૨) દરેક આત્માને અનંત ગુણોથી યુક્ત જુએ છે સાધક.

(૩) કોઈ આત્મામાં રાગ-દ્વેષ-અહંકાર દેખાય તોય એ માને છે કે આ તો કર્મવશ આવેલ વિકાર છે. આત્મા તો શુદ્ધ જ છે.

(૪) સાધક સ્વગુણોમાં સતત રમમાણ હોય છે.



# ૧૪

## સ્વાનુભૂતિવાન સાધકની જીવનશૈલી

પૂજ્યપાદ, પંન્યાસપ્રવરશ્રી ચન્દ્રશેખરવિજયજી મહારાજ સાહેબ સુરતમાં એક ભક્તને આંગણે પધારેલા. માંગલિક પ્રવચન વગેરે થઈ ગયું. લોકો વિખેરાયા.

ભક્તનો બંગલો મોટો હતો. ફર્નિચર બહુ જ કળાત્મક. ભક્તે કહ્યું: 'ગુરુદેવ ! એક એક લાકડાની ખુરસી બનાવવા માટે મહિનાઓ સુધી કારીગરો મંડી પડેલા. કેવું ઊંડું કોતરકામ છે !' ગુરુદેવ સાંભળી રહ્યા. થોડીવાર પછી ઊભા થઈને એક ખુરસીને જોવા લાગ્યા. ભક્તે કહ્યું : સાહેબજી, કોતરકામ છે ને સરસ ! ગુરુદેવે ધીરેથી કહ્યું : હું તો એ જોતો હતો કે તું મરીને કદાચ કીડાના રૂપમાં અવતરે તો આમાં ક્યાં તું પેદા થાય ? અને પછી ગુરુદેવે કહ્યું : તું ગૃહસ્થ છે. તારે ત્યાં રાચરચીલું હોય એ બરોબર છે. પણ એમાં આટલી બધી આસક્તિ ? આ આસક્તિ ન ચાલે, બેટા !

ભક્ત સમજી ગયો. એણે કહ્યું : ગુરુદેવ ! આપે મારી આંખો ખોલી આપી. બસ, આપની કૃપાથી હવે પદાર્થોમાં આસક્તિ ન જ રહે.. વરદાન આપો, ગુરુદેવ !

પદાર્થ પદાર્થ છે. એ સારો પણ નથી, ખરાબ પણ નથી. આથી સાધક માટે ઉપયોગિતાવાદ છે. ખુરસી પર બેસવું પડે તેમ છે, ત્યારે ખુરસી જોઈશે. ન હોય તો ટેબલ પણ ચાલે. પણ ખુરસી ક્રીમ કલરની જ જોઈએ કે લાલ રંગની; એ સંબંધમાં એને કોઈ જ વિચાર નથી.

•

આપણા વિદ્વદ્વર્ય આચાર્યશ્રી શીલચન્દ્રસૂરીશ્વરજીએ જાણીતા પુરાતત્ત્વવિદ મધુસૂદન ઢાકીના જીવનની એક ઘટના વર્ણવી છે.

મધુસૂદનભાઈને શોખ હતો કીમતી દાગીનાનો... પણ છેલ્લા દિવસોમાં તેઓ બધાને અલંકાર આપ્યા કરતા. આચાર્યશ્રીએ પૂછ્યું તે અંગે. તો શ્રી ઢાકીએ કહ્યું : મહારાજજી, જીવનની નૌકા છૂટવાની પળ આવી ગઈ છે. હું નથી ઈચ્છતો કે એક પણ પદાર્થ મારી આજુબાજુ એવો હોય કે જેના પર મને આસક્તિ રહે.. જીવનની નૌકા છૂટે ત્યારે માત્ર પ્રભુમાં જ મારું મન હોય.

•

પદાર્થોની દુનિયા પર માત્ર જ્ઞાતાભાવ. સાધક આ ધારામાં જ આગળ વહે. મહોપાધ્યાયશ્રી યશોવિજય મહારાજ સવાસો ગાથાના સ્તવનમાં કહે છે : 'જ્ઞાયકભાવ જે એકલો, ગ્રહે તે સુખ સાધે..'

જ્ઞાયકભાવ (જ્ઞાતાભાવ) એટલે જ્ઞેયોને જાણવાનું થાય ત્યારે પણ તેમાં ગમા કે અણગમાનો ભાવ ન રહે. પદાર્થ પદાર્થ છે. એમાં સારાપણા કે નરસાપણાનો ખ્યાલ એ સમાજપ્રભાવિત મનની દેણ છે. સાધક પાસે છે માત્ર જ્ઞાતાભાવ.

•

સાધકની જીવનશૈલીમાં જેમ જડ જગત પ્રત્યે જ્ઞાતાભાવ છે, તેમ ચેતના જગત પ્રત્યે મૈત્રીભાવ છે.

સાધક દરેક આત્મામાં અનંત ગુણોને જોઈ શકે છે. શ્રીપાળ કુમારે ધવળ શેઠમાં શું જોયેલું ? મેં હમણાં એક સંગોષ્ઠિમાં પૂછેલું ભાવકોને : 'ક્યારેક ધવળ શેઠને રાજકર્મચારીઓ કેદમાં પૂરવા લઈ જતા હોય છે, ત્યારે શ્રીપાળ કહે છે : નહિ, એમને છોડી દો, એ મારા ઉપકારી છે. તો, ધવળ શેઠનો શ્રીપાળજી પર કયો ઉપકાર ?'

લગભગ એક જ જવાબ મળે : તેમના વહાણમાં શ્રીપાળજી ગયેલા ને ? મેં કહ્યું : એ બરોબર... એથી વધુ કોઈ ઉપકાર ?

અદ્ભુત આ વાત છે. શ્રીપાળજીને લાગેલું કે સ્વાનુભૂતિ વિના તો અહીંથી જવાય જ નહિ. હું સ્વાનુભૂતિની નજીક પણ છું કે નહિ એ તો જ્ઞાની ગુરુદેવ જ કહી શકે. પણ સમભાવ મારામાં ગાઢ હોય તો હું અનુમાન કરી શકું કે હું સ્વાનુભૂતિની નજીક છું.

એમાં એકવાર ધવળ શેઠ વહાણમાંથી એમને દરિયામાં ફેંકે છે. શ્રીપાળ કુમાર તો દરિયા કિનારે પણ આવી ગયા. નજીકના નગરના રાજાના અધિકારી પણ બની ગયા. ધવળ શેઠનાં વહાણો એ બંદરે લાંગર્યાં. ધવળ શેઠ રાજા પાસે એમના બંદર પર ધંધાની અનુમતિ માગવા ગયા. ત્યાં શ્રીપાળજીને જોઈને એમના પેટમાં તેલ રેડાણું : 'આ... ? આ અહીં ક્યાંથી ? એને તો દરિયામાં ફેંકેલો મેં... અને અહીં તો રાજ્યાધિકારી તરીકે બેસી ગયો છે...'

એ વખતે શ્રીપાળજીને એમને જોતાં સહેજ પણ ગુસ્સો નથી આવતો. આંખમાં લાલાશનો ટીસીયો પણ ફૂટતો નથી... ત્યારે એમને થયું કે સમભાવ મારામાં છે. પણ મારામાં સમભાવ છે કે નહિ, એની પરીક્ષા તો ધવળ શેઠે કરી. માટે એ મારા ગુરુ થયા. ગુરુ તો ઉપકારી જ ગણાય ને !

જો કે, વિચારતાં એમ લાગે કે શ્રીપાળજી આથી પણ ઊંચે હતા. એમનામાં હતો ચૈતન્ય પરનો સમાદર. 'રેવરન્સ ફોર ધ લાઈફ.' ધવળ શેઠમાં રહેલ અનંત ગુણોને શ્રીપાળજીએ જોયેલા.

•

સામાન્ય સાધકને કદાચ કોઈમાં દોષ દેખાઈ જાય : આમાં ક્રોધ છે, આ વ્યક્તિમાં અહંકાર છે... બીજામાં દોષ દેખાય એ ચોક્કસ, આપણી દોષદૃષ્ટિને જ કારણે છે. મારા ચશ્માના કાચમાં ડાઘ હશે તો મને સામી વ્યક્તિનાં વસ્ત્રો પર ડાઘ દેખાશે... કરવું શું જોઇએ એ વખતે ? એ સમયે માત્ર એક જ કાર્ય કરવું જોઈએ, ચશ્માના કાચને લૂછી નાખવાના.

આ વાત સાધકની જીવનશૈલીમાં એ રીતે પ્રવેશશે કે સાધક પોતાની દોષદૃષ્ટિને ગુણદૃષ્ટિમાં ફેરવશે.

એક દૃષ્ટિબિંદુ આ રહેશે : તાવ કોઇને આવ્યો તો તાવ ખરાબ છે; તાવ જેને આવ્યો એ વ્યક્તિ તો ખરાબ નથી. આવું જ અહીં માનવું જોઈએને કે દોષ ખરાબ છે, દોષી વ્યક્તિ ખરાબ નથી. અને એવા દોષો તો મારામાં પણ ક્યાં નથી ?

•

સાધકની જીવનશૈલી હવે પૂર્ણ આંતરવૈભવને માણવા માટે આગળ વધે છે. ભીતર તો છે આનંદ જ આનંદ.

સાક્ષીભાવ આવી ગયો. હવે ? ઘટના આમ ઘટે કે તેમ ઘટે. ભીતરી સ્વસ્થતા અકબંધ જ રહેશે.

મહામહિમ સીમંધર પ્રભુને સૌધર્મેન્દ્રે પૂછેલું : ભગવન્ ! ભરત ક્ષેત્રમાં આજે જ્ઞાનીપુરુષ કોણ છે ? પ્રભુએ પૂ. દેવચન્દ્રજીનું નામ આપ્યું. પૂજ્ય દેવચન્દ્રજી મહારાજ બિરાજમાન હતા ત્યાં સૌધર્મેન્દ્ર બ્રાહ્મણના રૂપમાં આવે છે. તે વખતે પૂજ્યશ્રીજીનું પ્રવચન ચાલી રહ્યું હતું. સૌધર્મેન્દ્ર પાછળ બેસી ગયા સભામાં. પૂજ્યશ્રીજીને પોતાના વિશિષ્ટ શ્રુતબળથી આ ખ્યાલ આવી ગયો. છતાં, જે રીતે તેઓ પ્રવચન આપતા હતા, એ જ શૈલી પૂજ્યશ્રીએ ચાલુ રાખી. ઈન્દ્રને પ્રભાવિત કરવાનો કોઈ જ વિચાર ન હતો.

પ્રભુથી પ્રભાવિત થયેલ વ્યક્તિત્વને ન તો બીજાને પ્રભાવિત કરવાનો વિચાર આવે. ન એ કોઈથી પ્રભાવિત થાય.

સહજ રીતે જ એમની જીવનયાત્રા વહ્યા કરે છે...

•

સાધકની આ મઝાની જીવનશૈલી.

■ ■ ■

## (૧૪)

## સારાંશ

સાધકની જીવનશૈલીમાં મુખ્યતયા ત્રણ બાબતો છે.

જડ જગત પ્રત્યે એની પાસે જ્ઞાતાભાવ છે. જેથી કોઈ પદાર્થ સારો છે કે ખરાબ છે આવી વિચારણા દ્વારા રાગ કે દ્વેષ થાય નહિ.

દરેક આત્મામાં રહેલ અનંત ગુણોને જોતાં દરેક આત્મા પર મૈત્રીભાવ પ્રગટે છે. કોઈના દોષો દેખાતા નથી. એથી સાધકની આંતરિક દશા જીવદ્વેષ આદિથી મલિન થતી નથી.

સાક્ષીભાવ આદિ ગુણોનો ઉઘાડ થવાથી ભીતરી દશા પ્રસન્નતાસભર બને છે.

## (૧૫)

## આધારસૂત્ર

**આદર્યું આચરણ લોક ઉપચારથી,**
**શાસ્ત્ર અભ્યાસ પણ કાંઈ કીધો;**
**શુદ્ધ શ્રદ્ધાન વળી આત્મ અવલંબ વિણ,**
**તેહવો કાર્ય તેણે કો ન સીધો... ૨૪/૩**

●

પ્રભુએ કહેલ અમૃત અનુષ્ઠાનો કર્યાં - સામાયિક, પ્રતિક્રમણ આદિ - પણ એ પ્રભુની આજ્ઞા પ્રમાણે ન થયાં.

શાસ્ત્રોનો અભ્યાસ કર્યો, પરંતુ એ શબ્દોનો ભીતરી સંસ્પર્શ ન થયો.

શુદ્ધ શ્રદ્ધા અને આત્મગુણોનાં અવલંબન વિના આ કાર્યો થયાં; માટે એ સાર્થક ન થયાં.

(અમૃત અનુષ્ઠાનો પ્રભુની આજ્ઞાપૂર્વક અને શાસ્ત્રોનો અભ્યાસ ભીતરી સ્પર્શપૂર્વક થવો જોઈએ... આ રીતે, શુદ્ધ શ્રદ્ધા અને આત્મ ગુણો - જ્ઞાન, દર્શન આદિ - નું અવલંબન મળતાં અનુષ્ઠાન અને શાસ્ત્રાભ્યાસ સાર્થક થાય છે.)



# ૧૫

## સ્વાનુભૂતિ આ રહી !

ધરણાશા શ્રેષ્ઠી રાણકપુર તીર્થના નિર્માણાધીન મહાપ્રાસાદમાં સ્થપતિ જોડે ફરી રહ્યા હતા. શ્રેષ્ઠીએ અદ્ભુત શિલ્પકાર્ય જોઈ પરિતોષ વ્યક્ત કર્યો.

સ્થપતિની ઈચ્છા હતી કે શ્રેષ્ઠીની મૂર્તિ પ્રભુના દરબારમાં મુકાય. એમણે આનો ઈશારો આપ્યો. ત્યારે શ્રેષ્ઠીએ કહ્યું : મારી મૂર્તિ પ્રભુના દરબારમાં મૂકી શકાય. પણ ત્રણ શરતો મારી છે : મૂર્તિ બહુ નાનકડી જોઈએ, મૂર્તિ પર પ્રભુની દૃષ્ટિ સતત પડવી જોઈએ, અને કોઈની દૃષ્ટિ એ મૂર્તિ પર ન પડવી જોઈએ.

એ રીતે મૂર્તિ મુકાઈ.

મેં જ્યારે એ મૂર્તિને જોઈ, ગાઈડે મને બતાવી ત્યારે તો ખ્યાલ જ આવ્યો; હું અહોભાવથી પ્રસન્ન થઈ ગયો. મેં કહ્યું : ધરણાશા ! તમે તો સાધનામાર્ગના મઝાના આયામો ખોલી આપ્યા.

પોતાની સાધના સાધકને નાનકડી લાગે. એ સાધના પર પ્રભુની દૃષ્ટિ સતત પડવી જોઈએ. મતલબ કે એ સાધના પ્રભુ દ્વારા પ્રમાણિત

થયેલી હોવી જોઈએ. અને ત્રીજી વાત : લોકોની નજર એ સાધના પર ન પડે. કારણ કે કોઈ એની પ્રશંસા કરે ને અહંકાર આવી જાય તો...?

•

એક પછી એક આ ત્રણે વાતો જોઈએ. પહેલી વાત : સાધકને પોતાની સાધના નાનકડી લાગે.

નાનકડી એટલા માટે લાગે છે કે સાધક સમજે છે કે સાધના પર પ્રભુનું જ સ્વામિત્વ છે. મહોપાધ્યાય યશોવિજય મહારાજે કહ્યું : 'તું ગતિ...' પ્રભુ ! સાધનામાર્ગમાં તું જ મારી ગતિ છે. પ્રભુની કૃપા વિના સાધનામાર્ગમાં એક ઈંચ, એક સેન્ટિમીટર પણ ચાલી ન શકીએ.

માત્ર અને માત્ર પ્રભુની કૃપાથી જ સાધનામાર્ગે જઈ શકાય છે.

•

એક સંગોષ્ઠિમાં એક ભાવકે મને પૂછેલું : ગુરુદેવ ! પ્રભુ જ સાધનામાર્ગે આગળ લઈ જાય છે એવું કઈ રીતે માની શકાય ?

મેં એક ઉદાહરણ આપીને આ વાત સમજાવેલી : એક ભાઈ અસાધ્ય દર્દથી પીડાતા હતા. ઘણા બધા ડૉક્ટરો, વૈદ્યોની દવા કરી. દર્દ ટસનું મસ ન થાય.

એમાં એક વૈદ્ય અનુભવી મળી ગયા. છ મહિના એમની દવા કરી. સ્વસ્થ થઈ ગયા ભાઈ. શરીર એકદમ સરસ થઈ ગયું. એક મિત્રે એની તબિયત જોઈ. ખુશ થઈ ગયો. કહે : આટલો સ્વસ્થ શી રીતે થયો ? એણે કહ્યું : વૈદ્યની દવાથી...

અહીં એ ક્રેડિટ વૈદ્યને જ આપશે ને ! ભાઈ, દવા કોણે લીધી ? ચરી કોણે પાળી ? પણ ના, આ વૈદ્ય ન મળ્યા હોત તો... ?

આ જ રીતે પ્રભુનો સાધનાપથ ન મળ્યો હોત તો...?

આ સંદર્ભમાં, સાધકને પોતાની સાધના નાનકડી લાગે. સાધનાનું સમીકરણ આપણે ત્યાં આવું છે : ૯૯ ટકા કૃપા, ૧ ટકો પ્રયત્ન...

સમર્પણ સાધક પાસે આવી ગયું એટલે બીજું બધું પ્રભુ અને સદ્‌ગુરુ કરી આપે.

•

બીજી વાત : સાધના પ્રભુ દ્વારા પ્રમાણિત / સર્ટિફાઇડ જોઈએ.

પ્રભુ સાધનાને પ્રમાણિત ક્યારે કરે છે ?

જ્યારે સાધનાપથ પર ચાલતાં તમારા રાગ, દ્વેષ અને અહંકાર શિથિલ બને. તો, સાધક તરીકે તમારું એક આંતરનિરીક્ષણ જોઈએ કે રાગ, દ્વેષ, અહંકાર ઘટી રહ્યા છે કે કેમ તે તમે જુઓ.

•

ત્રીજી વાત : સાધના તમારી ગુપ્ત રહેવી જોઈએ. કોઈ એ જાણી જાય તે બીજી વાત છે; તમારી કોશિશ એ રહેવી જોઈએ કે કોઈ એ જાણે નહિ. કોઈ વ્યક્તિ એ જાણે, અનુમોદનાના લયમાં એ પ્રશંસા કરશે અને તમને અહંકાર આવે તો...?

હિમ્મતભાઈ બેડાવાળા જેવા પ્રખર સાધકો પણ મોટી આયંબિલની ઓળીમાં આયંબિલ પોતાના ઘરે કરતા. આવા ઉત્કૃષ્ટ સાધકોની આ કેવી જાગૃતિ ! કોઈ પ્રશંસા કરશે કે આવા મોટા તપસ્વીઓ ૧-૨ દ્રવ્યથી આયંબિલ કરી લે છે ! આવી પ્રશંસામાં સહેજ પણ લસરી ન જવાય એની જાગૃતિ !

•

સાધનાના ઊંડાણ સાથે સ્વાધ્યાયનું ઊંડાણ પણ જોઈશે.

કઈ રીતે ઊંડાણ આવે ?

પ્રભુના શબ્દો હૃદયસ્પર્શી બને ત્યારે ઊંડાણ આવે. એ પ્યારા શબ્દો સાંભળતાં આંખો ભીંજાય. આંખો છલક છલક છલકાય.

હું પરમપાવન શ્રી આચારાંગ સૂત્રનો સ્વાધ્યાય દર વર્ષે કરતો. પરંતુ એકવાર મહાભારતની એક ઘટના વાંચ્યા પછી પ્રભુના એ પ્યારા શબ્દોને વાંચવાનો આખો મારો લય બદલાઈ ગયો.

ઉદ્ધવજી રથમાં બેસીને વૃંદાવન આવે છે. રથને જોઈને ગોપીઓ આવે છે. રથને એ ઘેરી વળે છે. રથનું બારણું ખૂલે છે. ઉદ્ધવજી બહાર નીકળ્યા. તેમણે ગોપીઓને કહ્યું : નિરાશ નહિ થતાં. શ્રીકૃષ્ણ આજે આવી શક્યા નથી. પણ એમણે તમારા પરનો એક સરસ પત્ર લખી આપ્યો છે. લ્યો, આ પત્ર વાંચો ! લ્યો !

એક પણ ગોપી આગળ આવતી નથી પત્રને લેવા. ઉદ્ધવજી વિચારમાં પડી ગયા. શ્રીકૃષ્ણના નામ પર ઘેલી થયેલી આ ગોપીઓ શ્રીકૃષ્ણનો પત્ર લેવા કેમ નથી આવતી ?

ગોપીઓની એ સમયની મનોભાવનાને ભક્ત કવિ સુરદાસજીએ એક પદમાં આલેખી છે : 'પરસે જરૈ..' ગોપીઓને થાય છે કે શ્રીકૃષ્ણના વિરહમાં અમે ઝૂલસી રહ્યા છીએ, બળી રહ્યા છીએ, અમારા શરીરમાં વિરહની આગ ઊઠેલી છે. અમારા હાથથી કાગળ લેવા જઈશું તો એ પત્ર બળી જશે નહિ ?

ચાલો, પત્રને હાથમાં ન લો. નજીક આવીને વાંચો તો ખરા ! એક પણ ગોપી ઉદ્ધવજીના હાથમાં રહેલ પત્રને વાંચવા પણ આગળ નથી આવતી.

કેમ ?

સુરદાસજીએ કહ્યું : 'બિલૌકે ભીંજે..' અમે એ પત્રને વાંચવા

જઈશું, આંખોમાંથી આંસુની ધાર નીકળતી હશે. શ્રીકૃષ્ણના અક્ષરો ચેરાઈ નહિ જાય ?

શી અદ્ભુત ભાવદશા ગોપીઓની !

•

આ ઘટના વાંચી મારી આંખો ભીંજાઈ. અને પછી, શ્રી આચારાંગ સૂત્રનો સ્વાધ્યાય ભીની ભીની આંખે જ થયો.

આ ભીનો સ્વાધ્યાય જ સ્વાનુભૂતિમાં પરિણમ્યો...

•

સાધના અને સ્વાધ્યાયનું આ ઊંડાણ આવવાની પાછળ બે પરિબળો છે : શ્રદ્ધા અને આત્મગુણોનું અવલંબન...

•

શ્રદ્ધા...

વિશ્વાસ, આસ્થા અને શ્રદ્ધા આવો એક ક્રમ છે.

તે વિષયનો જાણકાર માણસ પ્રસ્તુત વિષય પર કશુંક કહે તે પર વિશ્વાસ રાખવો તે વિશ્વાસ. જેમ કે ધૂળિયા રસ્તામાં હું ચાલતો હોઉં. બે રસ્તા ફાંટે ત્યારે મને ખ્યાલ નહિ આવે કે મારે કયા રસ્તે જવું ? હું નજીકના ખેતરમાં હળ હાંકતાં ખેડૂતને પૂછીશ : ભાઈ, મારે કયા રસ્તે જવું ? ખેડૂત કહેશે એ રસ્તે હું જઈશ. ખેડૂતના વચન પરનો આ મારો વિશ્વાસ તે વિશ્વાસ.

આપણા જ્ઞાની મહાપુરુષોએ જે વાતો કરી છે તેના પર હૃદયના ઊંડાણથી, ભક્તિપૂર્વક વિશ્વાસ કરવો તે આસ્થા.

અને એ મહાપુરુષોએ કહેલ તત્ત્વો પરની અનુભૂતિમૂલક આસ્થા તે શ્રદ્ધા.

•

આત્માના આનંદ આદિ ગુણોની આંશિક અનુભૂતિ તે શ્રદ્ધા... અને એ જ ગુણોની વિશેષ અનુભૂતિ તે આત્મગુણ અવલંબન...

આ શ્રદ્ધા અને આત્મગુણોનાં અવલંબને સાધના અને સ્વાધ્યાયને સપ્રાણ બનાવ્યા.

•

સ્વાનુભૂતિ ક્યાં દૂર છે ? આ રહી !

■ ■ ■

## (૧૫)

## સારાંશ

સાધનાનું ઊંડાણ ત્રણ રીતે આવે છે : આપણી સાધના આપણને નાની લાગે, આપણી સાધના પ્રભુ દ્વારા પ્રમાણિત બને, આપણી સાધના ગુપ્ત રહે.

સ્વાધ્યાયમાં ઊંડાણ આવશે પ્રભુના શબ્દો હૃદયસ્પર્શી બનવાને કારણે.

મતલબ કે સાધના અને સ્વાધ્યાયમાં શ્રદ્ધા અને આત્મગુણાવલંબન વડે ઊંડાણ આવે છે.

જે ઊંડાણ સાધનાના એક એક પડાવ તરફ સાધકને આગળ ને આગળ લઈ જશે.

સ્વાનુભૂતિ આ રહી !



# રચનાની ક્ષણોમાં

**जननी जन्मभूमिश्च, स्वर्गादपि गरियसी ।**

જન્મભૂમિ ઝીંઝુવાડા (જિ. સુરેન્દ્રનગર, ગુજરાત)માં ચાતુર્માસ પ્રવેશનો દિવસ. (વિ.સં. ૨૦૭૫, અષાઢ સુદિ ૯) પૂરું ગામ ભાવવિભોર બનેલું.

પ્રવેશોત્સવના પ્રાસંગિક પ્રવચનમાં મેં કહેલું કે જન્મભૂમિમાં ચાતુર્માસ એ અમારા માટે પણ સૌભાગ્યની ઘટના છે. જે પરમતારક શાન્તિનાથ પ્રભુએ અમને શિક્ષિત અને દીક્ષિત કર્યા; એ પ્રભુનાં ચરણોમાં બેસી ચાર મહિના ભક્તિ કરવાનો લહાવો મળશે. અને જે જન્મભૂમિમાં શૈશવ વીત્યું છે એ સ્વર્ગથી પણ વધુ શ્રેષ્ઠ જન્મભૂમિની ધૂળમાં બેસવાનું સૌભાગ્ય મળશે.

• • •

આચાર્યશ્રી મુનિચન્દ્રસૂરિજી, આચાર્યશ્રી રાજપુણ્યસૂરિજી, આચાર્યશ્રી ભાગ્યેશવિજયસૂરિજી, મુનિ મહાયશવિજયજી, પંન્યાસ દિવ્યરત્નવિજયજી, (બધા ઝીંઝુવાડાના); પંન્યાસશ્રી પુંડરીકરત્નવિજયજી (વર્તમાનમાં આચાર્ય પદે બિરાજમાન), મુનિશ્રી દિવ્યરત્નવિજયજી આદિ ૫૫ મુનિવરો તથા સાધ્વીજી રત્નત્રયાશ્રીજી આદિ ૧૩૫ સાધ્વીજીઓના વિશાળ સમુદાયનું

ચાતુર્માસ યોજાવાનું હોઈ પૂરું ગામ ઉત્સાહમાં ડૂબેલું : નાનકડા ગામમાં આટલા બધા સંતો!

શ્રીસંઘે ઉદારતા પૂર્વક અતિથિસત્કાર આદિનું આયોજન કરેલ. ઉત્સાહી યુવા કાર્યકરો ચોવીસ કલાકની સેવામાં ગૂંથાયેલા.

વિશાળ પ્રવચન મંડપમાં ગામના તમામ ભાઈ-બહેનો ઉત્સાહથી ભાગ લેતા હતા. વહોરવા માટે પણ બધા જ બોલાવવા આવે. 'ગામના સંતો અમારા ગામમાં આવ્યા છે...' જાણે કે પૂરા ગામ તરફથી આયોજાયેલ ચાતુર્માસ!

તપશ્ચર્યા ઘણી થઇ. દીક્ષાનાં મુહૂર્તો ઘણાં લેવાયાં.

વિ. સં. ૨૦૭૬ ના કાર્તિક સુદિ ૩ ના દિવસે પૂજ્યા માતુશ્રી મહારાજ કલ્પલતાશ્રીજી મહારાજના સમાધિમંદિરમાં તેમની ચરણ પાદુકાની પ્રતિષ્ઠા થઇ.

કાર્તિકી પૂનમની સાંજે ધામા-આદરિયાણા તરફ વિહાર શરૂ થયો.... એ સાંજે ભીની આંખે પૂરા ગામે વિદાય આપી.

આ ભાવપૂર્ણ ચાતુર્માસની સ્મૃતિ હજારો ભાવકોના હૃદયને ભીની બનાવી ગઈ...

• • •

ચાતુર્માસની ભીની ક્ષણોમાં રચાયેલ આ રચના પ્રભુ, દેવાધિદેવ શાન્તિનાથ પ્રભુનાં ચરણોમાં સમર્પિત કરું છું.

-આચાર્ય યશોવિજયસૂરિ

તપોવન (નવસારી)

૨૦ મે, ૨૦૨૦

## આચાર્યશ્રી ૐકારસૂરિ જ્ઞાનમંદિર ગ્રંથાવલિ

**સુભાષચોક, ગોપીપુરા, સુરત - ૩૯૫૦૦૧**

**પ્રભુવાણી પ્રસાર સ્થંભ - યોજના - રૂ. ૧,૧૧,૧૧૧**

૧. શ્રી સમસ્ત વાવ પથક શ્વેતામ્બર મૂર્તિપૂજક જૈન સંઘ - ગુરુમૂર્તિ પ્રતિષ્ઠા સ્મૃતિ
૨. શેઠશ્રી ચંદુલાલ કકલચંદ પરીખ પરિવાર - વાવ
૩. શ્રી સિધ્ધગિરિ ચાતુર્માસ આરાધના (સં.૨૦૫૭) દરમ્યાન થયેલ જ્ઞાનખાતાની આવકમાંથી હસ્તે, શેઠશ્રી ધુડાલાલ પુનમચંદભાઈ હેક્કડ પરિવાર, ડીસા- બનાસકાંઠા
૪. શ્રી ધર્મોત્તેજક પાઠશાળા - શ્રી ઝીંઝુવાડા જૈન સંઘ, ઝીંઝુવાડા
૫. શ્રી સૂઈગામ જૈન સંઘ - સૂઈગામ, બનાસકાંઠા
૬. શ્રી વાંકડિયા વડગામ જૈન સંઘ - વાંકડિયા વડગામ (જાલોર)
૭. શ્રી ગરાંબડી જૈન સંઘ - ગરાંબડી, બનાસકાંઠા
૮. શ્રી રાંદેર રોડ જૈન સંઘ - અડાજણ પાટીયા, રાંદેર રોડ, સુરત
૯. શ્રી ચિંતામણી પાર્શ્વનાથ જૈન સંઘ -પાર્લા (ઈસ્ટ), મુંબઈ
૧૦. શ્રી આદિનાથ તપાગચ્છ શ્વેતામ્બર મૂ.પૂ. જૈન સંઘ, કતારગામ, સુરત
૧૧. શ્રી કૈલાસનગર જૈન સંઘ, કૈલાસનગર, સુરત
૧૨. શ્રી ઉચોસણ જૈન સંઘ, સમુબા શ્રાવિકા આરાધના ભવન, ગોપીપુરા, સુરત - જ્ઞાનખાતાની આવકમાંથી
૧૩. શ્રી વાવ પથક જૈન શ્વે.મૂ.પૂ. સંઘ, અમદાવાદ
૧૪. શ્રી વાવ જૈન સંઘ, વાવ, બનાસકાંઠા
૧૫. શ્રી કુ. નેહલબેન કુમુદભાઈ (કટોસણ રોડ)ની દીક્ષા પ્રસંગે થયેલ આવકમાંથી
૧૬. શ્રી આદિનાથ શ્વેતાંબર મૂર્તિપૂજક જૈન સંઘ, નવસારી
૧૭. શ્રી ભીલડીયાજી પાર્શ્વનાથ જૈન દેરાસર પેઢી - ભીલડીયાજી, બનાસકાંઠા
૧૮. શ્રી નવજીવન જૈન શ્વે.મૂ.પૂ. સંઘ, મુંબઈ
૧૯. શ્રી જશવંતપુરા સંઘની શ્રાવિકાઓ તરફથી
૨૦. શ્રી પાંડવ બંગલોઝ અને સીમા રો હાઉસ, અઠવાલાઈન્સની આરાધક બહેનો તરફથી. પ્રેરક - પૂ. સા. ભાવપૂર્ણાશ્રીજી મ.
૨૧. શ્રી મુમુક્ષુ ઝલકબેન હસમુખભાઈ શાહ (ચાંગાવાળા)ની દીક્ષા પ્રસંગે જ્ઞાનખાતાની ઉપજમાંથી.
૨૨. શ્રી અરિહંતપાર્ક શ્વે.મૂ.પૂ. જૈન સંઘ, સુમુલ ડેરી રોડ, સુરત (પં. દિવ્યરત્નવિજયજી મ.સા. ની પ્રેરણાથી)

૨૩. શ્રી ધર્મચક્ર તીર્થે સાંચોર નિવાસી શ્રી કનકરાજજી સિરેમલજી બુરડ પરિવાર આયોજિત ઉપધાન પ્રસંગે થયેલ જ્ઞાનખાતાની ઉપજમાંથી (પૂ. વિમલયશવિજયજીની પ્રેરણાથી)
૨૪. શ્રી જૈન શ્વેતામ્બર મૂર્તિપૂજક સંઘ, અમરોલી, સુરત
૨૫. શ્રી ત્રીકમનગર જૈન સંઘ, સુરત (પ.પૂ. પંન્યાસ પદ્મદર્શનવિજયજી મ.સા.ની પ્રેરણાથી સં. ૨૦૭૪ના ભવ્ય ચાતુર્માસની સ્મૃતિમાં)
૨૬. શ્રી ગોવાલિયા ટેંક જૈન સંઘ, મુંબઈ
૨૭. શ્રી કડી જૈન શ્વે. મૂ.પૂ. જૈન સંઘ તરફથી (પૂજ્ય પં.શ્રી શ્રુતરત્નવિજયજીની પ્રેરણાથી)
૨૮. શ્રી સાગર જૈન ઉપાશ્રય સંઘ, ઘીવટો, પાટણના જ્ઞાનદ્રવ્યમાંથી (પૂ.પં. શ્રી મોક્ષેશવિજયજી તથા પૂ. પં. શ્રી કલ્પજ્ઞવિજયજીની પ્રેરણાથી)
૨૯. શ્રી ગોવાલિયા ટેંક જૈન સંઘ, મુંબઈ
૩૦. શ્રી પરમ જિન ભદ્ર શાંતિ શ્વે. મૂ.પૂ. જૈન સંઘ

**પ્રભુવાણી પ્રસારક - યોજના - રૂ. ૬૧,૧૧૧**

૧. શ્રી દીપા શ્વેતામ્બર મૂર્તિપૂજક જૈન સંઘ, રાંદેર રોડ, સુરત
૨. શ્રી સીમંધરસ્વામી મહિલા મંડળ, પ્રતિષ્ઠા કોમ્પલેક્સ, સુરત
૩. શ્રી શ્રેણિકપાર્ક જૈન શ્વેતામ્બર મૂર્તિપૂજક સંઘ, ન્યૂ રાંદેર રોડ, સુરત
૪. શ્રી પુણ્યપાવન જૈન સંઘ, ઈશિતાપાર્ક, સુરત
૫. શ્રી શ્રેયસ્કર આદિનાથ જૈન સંઘ, નિઝામપુરા, વડોદરા
૬. શ્રી અમરોલી જૈન સંઘ, અમરોલી, સુરત
૭. શ્રી ગુરુ ગૌતમ લબ્ધિનિધાન જૈન સંઘ, માધવ રેસીડન્સી, અડાજણ, સુરત
૮. શ્રી મયણા શ્રીપાલ શ્વેતામ્બર મૂર્તિપૂજક સંઘ, મણિભદ્ર રેસીડન્સી, પાલ, સુરત
૯. શ્રી અક્ષરજ્યોત જૈન શ્વેતામ્બર મૂર્તિપૂજક સંઘ, રાંદેર રોડ, સુરત- પૂ.સા.શ્રી પ્રસન્નચંદ્રાશ્રીજીની પ્રેરણાથી
૧૦. શ્રી શ્રીપાલ રેસીડન્સી જૈન સંઘ, પાલ, સુરત
૧૧. શ્રુતોપાસિકા પૂ.સા.શ્રી ચંદનબાલાશ્રીજીની શ્રુતોપાસના નિમિત્તે
માતુશ્રી સરસ્વતીબહેન કાનજીભાઈ વોરા, દાદર, મુંબઈ
૧૨. શ્રી મહાસુખનગર જૈન સંઘ, અમદાવાદ - પ.પૂ. ગણિવર્યશ્રી દિવ્યરત્નવિજયજીની પ્રેરણાથી
૧૩. શ્રી અઠવાલાઈન્સ જૈન સંઘ અને ફૂલચંદ કલ્યાણચંદ ઝવેરી ટ્રસ્ટ, અઠવાલાઈન્સ, સુરત (પૂ.સા. શ્રી હિતજ્ઞાશ્રીજીની પ્રેરણાથી)
૧૪. શ્રી પરમ આનંદ શ્વે.મૂર્તિપૂજક જૈન સંઘ, વીતરાગ સોસાયટી, અમદાવાદ
૧૫. તારંગા તીર્થે પૂ.આ.ભ. અરવિંદસૂરિ મહારાજા આદિ ગુરુવર્યોની નિશ્રામાં થયેલ ચૈત્રી ઓળી (વિ.સં. ૨૦૭૪)ની જ્ઞાનખાતાની આવકમાંથી - ચંપાબેન અમરતલાલ મહેતા પરિવાર (વાવ) તરફથી
૧૬. શ્રી કડી જૈન શ્વે. મૂ.પૂ. જૈન સંઘ તરફથી (પૂજ્ય પં. શ્રી શ્રુતરત્ન વિજયજીની પ્રેરણાથી)

૧૭. શ્રી સીમા રો હાઉસના જ્ઞાનદ્રવ્યમાંથી (પૂજ્ય પં.શ્રી શ્રુતરત્ન વિજયજીના જન્મદિન નિમિત્તે - આ.વ. ૧)

૧૮. શ્રી શંખેશ્વર પાર્શ્વનાથ રાજેન્દ્ર જૈન ટ્રસ્ટ, તારદેવ, મુંબઈ

## પ્રભુવાણી પ્રસાર અનુમોદક - યોજના - રૂ. ૩૧,૧૧૧

૧. શ્રી મોરવાડા જૈન સંઘ, મોરવાડા, બનાસકાંઠા

૨. શ્રી ઉમરા જૈન સંઘ, સુરત.

૩. શ્રી શત્રુંજય ટાવર જૈન સંઘ, રાંદેર રોડ, સુરત

૪. શ્રી ચૌમુખજી પાર્શ્વનાથ જૈન મંદિર ટ્રસ્ટ - શ્રી શ્વેતામ્બર તપાગચ્છ સંઘ, ગઢસિવાના (રાજ)

૫. શ્રીમતી તારાબેન ગગલદાસ વડેચા, ઉચોસણ, બનાસકાંઠા

૬. શ્રી સુખસાગર અને મલ્હાર એપાર્ટમેન્ટ - સુરતની શ્રાવિકાઓ તરફથી

૭. શ્રી રવિજ્યોત એપાર્ટમેન્ટ, સુરતની શ્રાવિકાઓ તરફથી

૮. શ્રી અઠવાલાઈન્સ જૈન સંઘ, પાંડવ બંગલો, સુરતની શ્રાવિકાઓ તરફથી

૯. શ્રી આદિનાથ તપાગચ્છ શ્વે. મૂર્તિપૂજક જૈન સંઘ, કતારગામ, સુરત

૧૦. શ્રીમતી વર્ષાબેન કર્ણાવત, પાલનપુર

૧૧. શ્રી શાંતિનિકેતન સરદારનગર જૈન સંઘ, સુમુલ ડેરી રોડ, સુરત

૧૨. શ્રી પાર્શ્વનાથ જૈન સંઘ, ન્યૂ સમા રોડ, વડોદરા

૧૩. શ્રી પાંડવ બંગલોઝ (અઠવાલાઈન્સ,) સુરતની આરાધક બહેનો તરફથી

૧૪. શ્રી માડકા જૈન શ્વે. મૂર્તિપૂજક સંઘ, માડકા, બનાસકાંઠા

૧૫. શ્રી કલાપુરા જૈન સંઘ, જાલોર, રાજસ્થાન

૧૬. શ્રી વાવપથક ધર્મશાળાની આરાધક બહેનો (વિ.સં. ૨૦૭૦) - પાલીતાણા

૧૭. શ્રી પાર્શ્વનગર ૧-૨-૩ (અડાજણ પાટીયા)ની આરાધક બહેનો, સુરત

૧૮. શ્રી સીમા રો હાઉસ (ઘોડદોડ રોડ)ની આરાધક બહેનો, સુરત

૧૯. શ્રી અલકાપુરી મૂર્તિપૂજક જૈન સંઘ - મહિલા મંડળ (આકોટા - વડોદરા)

૨૦. શ્રી અંતરીક્ષ શ્રાવિકા ઉપાશ્રય, ગોપીપુરા, સુરતની આરાધક બહેનો તરફથી

૨૧. શ્રી અમીઝરા એપાર્ટમેન્ટ, અઠવાલાઈન્સ, સુરતની શ્રાવિકા બહેનો તરફથી

૨૨. શ્રી અરિહંત વાસુપૂજ્યસ્વામી શ્વે.મૂ.પૂ. જૈન સંઘ, નાનપુરા, સુરત તરફથી

૨૩. શ્રી સાહેલી રેસીડેન્સી, પાલ, સુરતની શ્રાવિકા બહેનો તરફથી

૨૪. શ્રી અક્ષરજ્યોત જૈન શ્વે.મૂ.પૂ. સંઘ, અડાજણ, સુરત (પૂ.આ.ભ. શ્રી મુનિચન્દ્રસૂરીશ્વરજી તથા પૂ.આ.ભ. શ્રી ભાગ્યેશવિજયસૂરીશ્વરજીની પ્રેરણાથી)

૨૫. શ્રી વાવપથક યુવા ઉત્કર્ષ સંસ્થા, સુરત (હસ્તે - મહેન્દ્રભાઈ કે. શાહ - વાવ)

૨૬. શ્રી ઈન્દ્રપ્રસ્થ એપાર્ટમેન્ટ, અઠવાલાઈન્સ, સુરતની આરાધક બહેનો તરફથી

૨૭. શ્રી મગનચંદ પ્રતાપચંદ જૈન લાયબ્રેરી, સુરત તરફથી

## પ્રભુવાણી પ્રસાર ભક્ત - યોજના - રૂ. ૧૫,૧૧૧

૧. શ્રી દેસલપુર (કંઠી) - શ્રી પાર્શ્વચંદ્રજી ગચ્છ
૨. શ્રી ધ્રાંગધ્રા - શ્રી પાર્શ્વચંદ્રજી ગચ્છ
૩. શ્રી અઠવાલાઈન્સ જૈન સઘ, સુરત - શ્રાવિકા ઉપાશ્રય
૪. શ્રીમતી પ્રજ્ઞાબેન કીર્તિભાઈ શાહ (અમેરિકા)
૫. શ્રી મંગળસિંહજી મુણોત (જોધપુર)
૬. શ્રી દીલિપભાઈ એસ. શાહ (પ્રહલાદનગર) પ્રેરક - સુશ્રી સુનંદાબહેન વોહોરા
૭. શ્રી ધાણધાર ઉપાશ્રય - પાલનપુરની શ્રાવિકા બહેનો તરફથી (જ્ઞાનખાતાની ઉપજમાંથી)
૮. શ્રી દેસાઈપોળ શ્રાવિકા ઉપાશ્રય, ગોપીપુરા, સુરતની આરાધક બહેનો તરફથી
૯. શ્રી સહસ્ત્રફણા સૌભાગ્ય રેસીડેન્સી, પાલ, સુરતની આરાધક બહેનો તરફથી
૧૦. શ્રી જે.કે. પાર્ક જૈન સંઘ, ન્યૂ રાંદેર રોડ, સુરત (પૂ.આ.ભ. શ્રી મુનિચન્દ્રસૂરિજીની પ્રેરણાથી)
૧૧. શ્રી જયંતિલાલ અમથાલાલ મહેતા સ્મૃતિ (ગરાંબડી)
૧૨. શ્રી અયાન કેવિન મહેતા (ગરાંબડી)
૧૩. શ્રી મોરવાડા જૈન સંઘ (પૂ.સા. પ્રશમદર્શનાશ્રીજીની પ્રેરણાથી - વિ.સં. ૨૦૬૯ - પર્યુષણ પર્વની ઉપજમાંથી)
૧૪. શ્રી લબ્ધિ-વિક્રમ-સ્થૂલભદ્ર ધામ ટ્રસ્ટ "શ્રી સ્થૂલભદ્રધામ" યોગી કોમ્પલેક્સ, અડાજણ, સુરત.

## વાવનગરે પૂજ્ય આચાર્ય ભગવંત ૐકારસૂરિ મહારાજાની ગુરુમૂર્તિ પ્રતિષ્ઠા સ્મૃતિ

| | | |
|---|---|---|
| ૧. | રૂ. ૨,૧૧,૧૧૧ | શ્રી વાવ શ્વેતામ્બર મૂર્તિપૂજક જૈન સંઘ, બનાસકાંઠા |
| ૨. | રૂ. ૧,૧૧,૧૧૧ | શ્રી વાવ પથક શ્વેતામ્બર મૂર્તિપૂજક જૈન સંઘ, અમદાવાદ |
| ૩. | રૂ. ૩૧,૦૦૦ | શ્રી સૂઈગામ જૈન સંઘ, બનાસકાંઠા |
| ૪. | રૂ. ૩૧,૦૦૦ | શ્રી બેણપ જૈન સંઘ, બનાસકાંઠા |
| ૫. | રૂ. ૩૧,૦૦૦ | શ્રી ઉચોસણ જૈન સંઘ, બનાસકાંઠા |
| ૬. | રૂ. ૩૧,૦૦૦ | શ્રી ભરડવા જૈન સંઘ, બનાસકાંઠા |
| ૭. | રૂ. ૩૧,૦૦૦ | શ્રી અસારા જૈન સંઘ, બનાસકાંઠા |
| ૮. | રૂ. ૩૧,૦૦૦ | શ્રી ગરાંબડી જૈન સંઘ, બનાસકાંઠા |
| ૯. | રૂ. ૩૧,૦૦૦ | શ્રી માડકા જૈન સંઘ, બનાસકાંઠા |
| ૧૦. | રૂ. ૩૧,૦૦૦ | શ્રી તીર્થગામ જૈન સંઘ, બનાસકાંઠા |
| ૧૧. | રૂ. ૩૧,૦૦૦ | શ્રી કોરડા જૈન સંઘ, બનાસકાંઠા |
| ૧૨. | રૂ. ૩૧,૦૦૦ | શ્રી ઢીમા જૈન સંઘ, બનાસકાંઠા |
| ૧૩. | રૂ. ૩૧,૦૦૦ | શ્રી માલસણ જૈન સંઘ, બનાસકાંઠા |
| ૧૪. | રૂ. ૩૧,૦૦૦ | શ્રી મોરવાડા જૈન સંઘ, બનાસકાંઠા |
| ૧૫. | રૂ. ૩૧,૦૦૦ | શ્રી વર્ધમાન શ્વે.મૂ.પૂ. જૈન સંઘ, કતારગામ દરવાજા, સુરત |
| ૧૬. | રૂ. ૧૧,૦૦૦ | શ્રી વાસરડા જૈન સંઘ, બનાસકાંઠા - (સેવંતીલાલ મ. સંઘવી) |

## પૂ. આચાર્ય ભગવંત યશોવિજયસૂરિ મહારાજ દ્વારા લખાયેલ પુસ્તકો

- **દરિસન તરસીએ... ભા.૧-૨ (દ્વિતીય આવૃત્તિ)**
  (ભાગવતી સાધનાની સસૂત્ર વ્યાખ્યા)
- **બિછુરત જાયે પ્રાણ... (દ્વિતીય આવૃત્તિ)**
  (પૂજ્યપાદ સિદ્ધર્ષિ મહારાજકૃત જિનસ્તવના પર સંવેદના)
- **આતમજ્ઞાની શ્રમણ કહાવે... (દ્વિતીય આવૃત્તિ)**
  (ઉત્તરાધ્યયન સૂત્રના ૧૫મા સભિક્ખુ અધ્યયન ઉપર વિવેચના)
- **મેરે અવગુન ચિત્ત ન ધરો... (દ્વિતીય આવૃત્તિ)**
  (કુમારપાળ ભૂપાળકૃત 'આત્મનિન્દા દ્વાત્રિંશિકા' પર સંવેદના)
- **ઋષભ જિનેસર પ્રીતમ માહરો રે... (દ્વિતીય આવૃત્તિ)**
  (શ્રી આનંદઘનજી મહારાજની સ્તવનાઓ પર સંવેદના) (સ્તવન ૧ થી ૫)
- **પ્રભુનો પ્યારો સ્પર્શ**
  (પરમ પાવન શ્રી દશવૈકાલિક સૂત્ર (૧ થી ૪) પરની વાચનાઓ)
- **આત્માનુભૂતિ**
  (યોગપ્રદીપ, જ્ઞાનસાર આદિ ગ્રન્થો તથા પૂ. ચિદાનંદજી મહારાજનાં પદોમાં મળતાં સાધના-સૂત્રો પર વિશ્લેષણ)
- **અસ્તિત્વનું પરોઢ**
  (હૃદયપ્રદીપ ષટ્ત્રિંશિકા પર સ્વાધ્યાય)
- **અનુભૂતિનું આકાશ**
  (પૂ. દેવચન્દ્રજી મહારાજની અષ્ટપ્રવચન માતાની સજ્ઝાય પર અનુપ્રેક્ષા)
- **રોમે રોમે પરમસ્પર્શ**
  (દેવાધિદેવ પ્રભુ મહાવીરની સાડાબાર વરસની લોકોત્તર સાધનાની આંતર કથા)
- **પ્રભુના હસ્તાક્ષર**
  (પરમ પાવન ઉત્તરાધ્યયન સૂત્રનાં કેટલાંક સાધના-સૂત્રો પર સ્વાધ્યાય)
- **ધ્યાન અને કાયોત્સર્ગ (દ્વિતીય આવૃત્તિ)**
  (ધ્યાન અને કાયોત્સર્ગ વિશેનો શાસ્ત્રીય સન્દર્ભો સાથેનો સ્વાધ્યાય)

- **પ્રવચન અંજન જો સદ્ગુરુ કરે**
(નવપદ સાધના)
- **એકાન્તનો વૈભવ (તૃતીય આવૃત્તિ)**
(સ્મરણ યાત્રા)
- **રસો વૈ સઃ (દ્વિતીય આવૃત્તિ)**
(પૂજ્યપાદ દેવચન્દ્રજી મહારાજકૃત શ્રી અભિનન્દન જિનસ્તવના પર સ્વાધ્યાય)
- **સાધનાપથ (દ્વિતીય આવૃત્તિ)**
(પૂજ્યપાદ દેવચન્દ્રજી મહારાજકૃત શ્રી સુવિધિનાથ જિનસ્તવના પર સ્વાધ્યાય)
- **પરમ ! તારા માર્ગે (દ્વિતીય આવૃત્તિ)**
(પૂજ્યપાદ દેવચન્દ્રજી મહારાજકૃત પ્રભુ મહાવીર સ્તવના પર સ્વાધ્યાય)
- **પ્રગટ્યો પૂરન રાગ**
(પૂજ્યપાદ દેવચન્દ્રજી મહારાજકૃત પ્રભુ નેમિનાથ સ્તવના પર સ્વાધ્યાય)
- **સાધનાનું શિખર (ગુજરાતી)**
The Summit of Spiritual Journey (English)
(પૂજ્યપાદ દાદાગુરુદેવશ્રી ભદ્રસૂરીશ્વરજી મહારાજાના જીવનપ્રસંગોનું આકલન)
- **વાત્સલ્યનો ઘૂઘવતો સાગર (ગુજરાતી)**
Ocean of Affection (English)
(પૂજ્યપાદ ગુરુદેવશ્રી ૐકારસૂરીશ્વરજી મહારાજાના જીવનપ્રસંગોનું આકલન)
- **સમાધિ શતક (ભાગ ૧ થી ૪)**
(પૂજ્યપાદ મહોપાધ્યાયશ્રી યશોવિજયજી મહારાજકૃત સમાધિશતક ગ્રન્થ પર વિવેચન)
- **સમુંદ સમાના બુંદ મેં**
(અધ્યાત્મયોગી પૂજ્યપાદ આ. ભ. શ્રી કલાપૂર્ણસૂરિ મહારાજા
દ્વારા અપાયેલ ભક્તિસૂત્રો પર સ્વાધ્યાય)
- **સ્વાનુભૂતિની પગથારે**
(પૂજ્યપાદ મહોપાધ્યાયશ્રી યશોવિજયજી મહારાજકૃત સવાસો ગાથાના
સ્તવનની કેટલીક કડીઓ પર સ્વાધ્યાય)
- **સદ્ગુરુઃ શરણં મમ**
(સદ્ગુરુતત્ત્વ પર ભિન્ન-ભિન્ન અનુપ્રેક્ષાઓથી સભર ગ્રંથ)

- **નિરંજન નાથ મોહિ કૈસે મિલેંગે ?**
  (ભક્તિયોગના ઉદ્ગાતા, સાધનામનીષી, પૂજ્યપાદ પંન્યાસ ભગવંત શ્રી ભદ્રંકરવિજયજી મહારાજ સાહેબ દ્વારા અપાયેલ ભક્તિસૂત્રો પર સ્વાધ્યાય)
- **દિલ અટકો તોરા ચરન કમલ મેં...**
  (પૂજ્યપાદ મહોપાધ્યાયશ્રી વિનયવિજયજી મહારાજ રચિત શ્રી ઋષભજિન સ્તવના પર સંવેદના)
- **મોક્ષ તમારી હથેળીમાં...**
  (પંચસૂત્ર ગ્રન્થનાં કેટલાંક સાધનાસૂત્રો પર સ્વાધ્યાય)
- **જુગ જુગથી ઝંખું છું તમને...**
  (કલિકાલસર્વજ્ઞશ્રી હેમચન્દ્રાચાર્ય વિરચિત 'વીતરાગ સ્તોત્ર'ના કેટલાક શ્લોકો પર સંવેદના)
- **સ્વાનુભૂતિ (દ્વિતીય આવૃત્તિ)**
  (જૈન સાધના પદ્ધતિની પ્રસ્તુતિ કરતું પુસ્તક)
- स्वानुभूति ( हिन्दी आवृत्ति )
- **ધ્યાન : આંતરયાત્રા (દ્વિતીય આવૃત્તિ)**
  (જૈન ધ્યાન પ્રક્રિયા)
- ध्यान : आंतरयात्रा ( हिन्दी आवृत्ति )
  ( जैन ध्यान प्रक्रिया )
- **Meditation : A Journey within**
  (Dhyan : Antar Yatra in English)
- **આનંદઘન ચેતનમય મૂરત...**
  (પૂજ્યપાદ આનંદઘનજી મહારાજ રચિત સ્તવનાઓની કેટલીક કડીઓ પર વિવેચના)
- **માનવિજય વાચક કહે...**
  (પૂજ્યપાદ માનવિજયજી મહારાજ રચિત સ્તવનાઓની કેટલીક કડીઓ પર વિવેચના)
- **શક્રસ્તવ : પરમનો સાક્ષાત્કાર**
  (શ્રી વર્ધમાન શક્રસ્તવમાં આવેલ પરમાત્માનાં વિશેષણો પર સંવેદના)